શુકદેવજીએ કહ્યુ રાજન્ ! દેવોનુ અમૃત પીવાથી અમરત્વ મળશે સાથે સાથે સ્વર્ગના સુખો મળશે પણ એ અમૃતની પાછળ એક દુ ખ છૂપેલુ છે જે લોકો આ અમૃત પીએ છે તે સ્વર્ગમા જાય છે ત્યા ગયા પછી એના કઠમા પુષ્પની માળા નાખવામા આવે છે પુણ્ય તપતુ હોય છે ત્યા સુધી પુષ્પમાળા તાજી ને તાજી રહે છે પણ પુણ્યનો ક્ષય થવા માડે છે ત્યારથી એ કરમાવા માડે છે દેવોનુ અમૃત પીવાથી સ્વર્ગના સુખો મળે છે પણ પાપનો ક્ષય થતો નથી પાપના ક્ષય વિના સાચુ અમરત્વ પ્રાપ્ત થતુ નથી ભાગવતકથામૃતનુ પાન કરનારના પાપોનો ક્ષય થાય છે એટલે દેવોના અમૃત કરતા આ ભાગવતકથામૃત અનેક રીતે ચડિયાતુ છે '

(તારો નેડો લાગ્યો મને કેમો જગમા ફરતા રહીને)

પાપ-તાપને હરવાવાળી, સતની અમૃતવાણી રે
શાતિ પામે બળતા હૈયા, એ એની એ ધાણી રે પાપ (૧)
ચદનવૃક્ષથી સુગધ નીકળે સઘળે તો ફેલાતી રે
બીજા વનને જો એ સ્પર્શે, ત્યા પણ એ સમાતી રે પાપ (૨)
'પાવર હાઉસ' સતનુ હૈયુ, ત્યાથી વીજળી પ્રગટે રે,
સાભળવાથી સધાણ થાતા, દીવા દિલમા પ્રગટે રે પાપ (૩)
દીવો થતા અધારુ જાતુ, અતરમા અજવાળા રે,
નાસી જાતા આતર શત્રુ, નાશે મિહિમષ કાળા રે પાપ (૪)
'પુનિત' પ્રભુના પ્યારા સતો, 'જગ-ઉદ્ધારક' કહાવે રે,
નીચી ગતિના જીવોને એ ઊચી ગતિ અપાવે રે પાપ (૫)

એટલે તો દેવો આ અનેરો લાભ લેવા અહી દોડયા આવ્યા છે આ સ્વાર્થી દેવો એક આની આપીને કઠી માગી લેવા આવ્યા છે હવે તમે જે નિર્ણય કરો તે સાચો

પરીક્ષિતે કહ્યુ ભગવન જો આવુ જ હોય તો મારે દેવોનુ અમૃત પીવુ નથી મારે તો ભાગવતકથામૃતનુ જ પાન કરીને પાપોનો ક્ષય કરવો છે કર્મનુ દેવુ ચૂકવ્યા વિના સાચો ઉદ્ધાર નથી

પરીક્ષિતે આમ કહીને શુકદેવજીના ચરણોમા સાષ્ટાગ દડવત્ કર્યા ના કહ્યુ દેવ ! હવે તો આપ જ મારા સાચા તારણહાર છો

(શિર ઝૂક્યુ શિર ઝૂક્યુ બાપા તારા ચરણોમા રે વધાવો વધાવો)

જગમા જો તારણહારા ! શુકદેવ મારા ઉપકારી રે,
મન-ખેતર ખેડનારા, શુરુજી મારા ઉપકારી રે જગમા (૧)

ખેતરમા ઓગઠી, ભોથા ને પથરા,
બધાને સાફ કરનારા, ગુરુજી માગ ઉપકારી રે .જગમા....(૨)

સારો પાક લેવો હોય તો સૌથી પહેલા ખેતરને સાફ કરવુ જોઈએ ખેતરની અંદર અનેક જાતનુ ઘાસ ઉગી નીકળ્યુ હશે, ઘાસના મોટા મોટા ભોથા જામ્યા હશે 'ભોથા' શબ્દને ખેડૂતો સારી રીતે સમજી શકશે એક કેમણે ઘાસની જડ જામ્યા પછી દિનપ્રતિદિન એ વધતી જ જાય. જેમ જેમ એ વધે એમ એમ એની જડ જામતી જાય પછી એ નાની જડમાથી મોટુ ભોથુ બની જાય છે એક ભોથુ, બે ભોથા એમ કરતા કરતા થોડા જ સમયમા આખા ખેતરમા ભોથા જ ભોથા થઈ જાય છે આવા ભોથા જો ખેતરમા હોય એ ખેતરમા ખેતી ન થઈ શકે

આપણુ મન એ ખેતર જેવુ છે આપણા મનરૂપી ખેતરમા શરૂ શરૂમા પાપ કણગારૂપે આવે છે જો આપણે તેની દરકાર ન કરીએ તો તે પાપની જડ દિનપ્રતિદિન વધતી જાય છે 'આટલામા શુ ?' એમ કરીને આપણે પાપ તરફ દુર્લક્ષ સેવીએ છીએ પરિણામ એ આવે છે, કે એક દિવસ એ પાપ આખા હૃદયનો કબજો કરી લે છે પછી એ પાપને હૃદયમાથી કાઢવા ખૂબ જહેમત ઉઠાવવી પડે છે

એક ગુરુની પાસે એક શિષ્ય વિદ્યાભ્યાસ કરે આ શિષ્ય નાની નાની વાતોમા ખૂબ બેદરકાર રહે જ્યારે ગુરુ કાંઈ ટકોર કરે ત્યારે શિષ્ય કહે 'ગુરુદેવ ! આટલામા શું થઈ ગયુ ?'

એક દિવસ ગુરુદેવે પ્રેમનીતરતા શબ્દોમા કહ્યુ 'ભાઈ ! તુ આટલામા શુ, આટલામા શુ કરે છે, પણ નાની નાની વાતોમા બેદરકાર રહેનારો માનવી મોટે ભાગે દુખી દુખી થઈ જાય છે જો જીવનમા સુખી થવુ હોય તો કોઈ પણ વાતને નાની ન ગણતા,તેના ઉપર ખૂબ વિચાર કરવો જોઈએ અને રહેની તકે સજાગ બની જવુ જોઈએ'

(દુનિયા વાસ નથી સારો,ડગને દુખી તણી ગાઠો .. ભોજા ભગતનો ચાબખો)

નાનુ ના માનો લગાર, રહેવું કદી ન બેદરકાર,
નાનો શત્રુ લાગે તોયે કરવો તુર્ત પ્રહાર,
કોને ખબર એ ક્યારે વધશે ? (૨) કરવો ઝટ સંહાર નાનુ૦

ઇતિહાસપ્રસિદ્ધ વાત છે પૃથ્વીરાજ ચૌહાણે સત્તર સત્તર વખત શાહબુદ્દીન ઘોરીને નાનો શત્રુ સમજીને છોડી મૂક્યો પૃથ્વીરાજના મનમા ફાંકો હતો, કે આ મગતરા જેવો શાહબુદ્દીન મને શુ કરવાનો છે ? પણ પાછળથી શાહબુદ્દીન એક દિવસ એવો શક્તિશાળી બની ગયો કે અજેય

ગણાતા પૃથ્વીરાજને હરાવીને કેદ કર્યો
રોગ જો અંગે થોડો પેઠો, ધીમેથી વધનાર,
આવતા રોગને દાબી દેવો (૨) કરવો નહિ વિચાર... નાનું૦
અગ્નિનો એક નાનો તણખો, ભસ્મીભૂત કરનાર,
પાણી ઉપર નાખી દેવું (૨) સતત કરવી ધાર... નાનું૦
પાપ નાનકડું દિલમાં વસિયું, રગ રગ પ્રસરનાર,
નાનકડી જે ચોરી કરતો (૨) જરૂર જેલ જનાર....નાનું૦
શેઠ અગર તો માલિક નિજનો ચલાવતો કારભાર,
ઉમ્મરમાં જો નાનો કદાપિ (૨) ધાર્યું એ કરનાર .. નાનું૦
નાનકડું એક સાપોલિયું જે, મુખમા વિષ ધરનાર,
'પુનિત' કોઈ દી દંશ એ દેતું(૨)પ્રાણ તણું હરનાર... નાનું૦

ગુરુદેવે શિષ્ય પાસે અનુભવનો નિચોડ રજૂ કર્યો પણ શિષ્યે જીવનમાં તડકીછાંયડી જોઈ ન હતી એને તો એમ જ થતુ કે નાનુ એવુ નાનુ નુકસાન કરી કરીને કેટલુ કરે ?

આટઆટલો બોધ આપ્યો છતાય શિષ્યે જરાય ધ્યાનમા ન લીધુ એટલે ગુરુને એમ થયુ કે ઠોકપાઠ વિના સાચી વસ્તુ સમજાશે નહિ

એક દિવસ ગુરુદેવ શિષ્યને સાથે લઈ ને ચાર ધામની જાત્રાએ નીકળ્યા યાત્રા કરતા કરતા બન્ને જણા કાશીમા આવ્યા ભગવાન કાશી વિશ્વનાથના દર્શન કરી ગંગાજીમા સ્નાન કરવા આવ્યા ગંગાજીનું દર્શન કરીને ગુરુશિષ્ય આનંદિત થઈ ગયા 'હર હર ગંગે' કરતા બન્ને જણા સ્નાન કરવા લાગ્યા સ્નાન કરતાં કરતા ગુરુદેવે કહ્યુ 'ગંગામૈયાની ગોદમાં રમવાની કેવી મઝા આવે છે ! આજ આપણે એમ કરીએ, કાંઠા પરથી મશક લઈ ને ગંગાજીમા તરવા પડીએ અહીં તરવાનો અનેરો આનંદ આવશે.'

'જેવી આપની મરજી !' શિષ્યે પોતાની સંમતિ આપી

બન્ને જણા કાંઠે આવીને મશક લેવા મશકવાળાને ત્યા ગયા ને બે મશક માગી. મશકવાળાએ કહ્યું : 'ભાઈ, બે મશક તો છે, પણ એક મશકમા નાનું એવું કાણુ છે બીજી મશક આખી છે, એ લઈ જાવ.'

ગુરુદેવે કહ્યુ 'ના ભાઈ, કાણાવાળી મશક ન જોઈએ, મશક તો આખી જોઈએ, નાનકડુ કાણુ અમને મોટા જોખમમાં ઉતારી દે'

'ગુરુદેવ ! નાનકડા કાણામા શુ ?' શિષ્યનો સ્વભાવ ઉપર આવ્યો

'ભાઈ ! મને તો એવી કાણાવાળી મશક લઈ ને ગંગાજીમા

પડના નીક લાગે આખી મશક હોય તો જ હું તો તરવા પડું.'

'ગુરુદેવ ! તમે આખી મશક લેજો. કાણી મશક હું લઈશ. પછી છે કંઈ ? એ નાના કાણા વાટે ભરાઈ ભરાઈને કેટલું પાણી ભરાવાનું છે!

ગુરુજીને એમ થઈ ગયું કે નાની વસ્તુમાં બેદરકાર રહેવામા એનું પરિણામ કેટલું ભયંકર આવે છે એ પદાર્થપાઠ શીખવવાનો અત્યારે મસ્ત મોકો છે. આવી તક ફરી કરીને નહિ મળે ગુરુદેવે કહ્યું : 'ભલે ત્યારે, આખી મશક લઈને હું તરવા પડું નાના કાણાવાળી મશક તું લે.'

મશક લઈને બન્ને જણા ગંગાજીમાં તરવા પડ્યા. મધ્યજળમા આવ્યા ત્યારે શિષ્યની મશકમાથી ધીમે ધીમે કરીને બધી જ હવા નીકળી ગઈ મશકમાથી હવા નીકળી ગઈ એટલે શિષ્યે કહ્યું : 'ગુરુદેવ ! મારી મશકમાથી તો ધીમે ધીમે કરીને બધી હવા નીકળી ગઈ. હવે શું થાય ? અગાધ જળમા તરવાનો તો મને મહાવરો નથી.'

'એ તો મે તને પહેલા જ કહ્યું હતું કે નાની વસ્તુ પ્રત્યે સેવેલી બેદરકારી વખત આવ્યે ભયંકર પરિણામ લાવે છે.'

'ગુરુદેવ ! પણ આ તો માત્ર હવા નીકળી ગઈ.' આટલું કહેતા જ એ તો અગાધ જળમા ડૂબકા ખાવા લાગ્યો. શિષ્યે એક બે ડૂબકાં ખાધા ઘણું પાણી પણ પી ગયો જ્યારે તે ચકરવકર થઈ ગયો ત્યારે ગુરુદેવે પોતાની મશક આપી કહ્યું . 'લે આ મારી મશક, હું તો તરવાનું જાણું છું.'

ગુરુદેવની મશકને સહારે એ બહાર આવ્યો. આજે એને સમજાયું કે નાની ગણાતી વાતમા કદી બેદરકાર ન રહેવું જે વ્યક્તિ નાની નાની વસ્તુઓ પ્રત્યે બેદરકાર રહે છે એને બૂરું પરિણામ ભોગવવું જ પડે છે.

એ જ પ્રમાણે આપણા મનરૂપી ખેતરમા પાપનો ફણગો ફૂટે કે તરત જ મતેજ થઈ જવું જોઈએ. પાપ પ્રત્યે બેદરકાર રહીશું તો એક દિવસ પાપની જડ જામી જશે નાનપણમા નાનકડી ચોરી કરનારો માણસ જ મોટી ઉમરે મોટી મોટી ચોરીઓ કરે છે પોતપોતાના હૈયા પર હાથ મૂકીને સૌ કહો, આપણે સવારે ઊઠીએ છીએ ત્યારથી માંડીને તે રાતે સૂઈએ છીએ ત્યા સુધી, આવા નાનાનાના કેટલા પાપો કરીએ છીએ ?

સવારથી તે સાંજ સુધી માણસ અનેક પાપો કરે છે. રોજ ને રોજ એક જ જાતનું વર્તન કરવાથી માણસ ટેવાઈ જાય છે પછી તો પાપ કરવામા ય એને ઘૃણા નથી થતી, કારણ કે, પાપ કોઠે પડી ગયું હોય છે.

 અનેક વરસો સુધી આમ ને આમ થતું જાય તો મનરૂપી ખેતરમાં

પાપનાં કેટલા ભોથા જામી જાય ? જે ખેતરમા બોરડીઓના જાળા જામ્યા હોય, કાંગકાંટાનો પાર ન હોય ને એનમા ખેતી થઈ શકે ખરી ?

આપણા મનરૂપી ખેતરમા અનેક પાપના ભોથા, દુરાચારના જાળા અને કઠોરતાના કાટામાટા પથરાયા છે આવા ખેતરને પરમ ઉપકારી એવા ગુરુજી ખેડને નાપ- કરવા કટિબદ્ધ થાય છે

ખેતરમા બોરડી, ભોથા ને પથરા,
બધાને સાફ કરનારા, ગુરુજી મારા ઉપકારી રે જગમા (૩)

અનેક વર્ષોથી પડતર રહેતી જમીનને જ્યારે ખેડૂત ઉપયોગમા લેવા ઇચ્છે છે ત્યારે સૌપ્રથમ ખેતરમા જામેલા ઘાસના ભોથા અને જાળા ઝાંખરાને દૂર કરે છે વગડાઉ ઘાસની જડ કાઢવા માટે ખેતરમા આગ લગાડે છે. પછી ખેતરમા વેરાયેલા ક ટાળા—પથરા વગેરે દૂર કરે છે.

આટલી કામગીરી પતી ગયા પછી ખેડૂત ખેતર સામી નજર નાખે છે ખેતરમા ખાડાટેકરા તો નથી ને ! ખેતરમા ખાડાટેકરા હોય તો તેને સમથળ બનાવી ખેતરને સપાટ કરે છે પછી એના પર વૃષ્ટિ થવા દે છે વૃષ્ટિ થવાથી કંઈક અંશે જમીન પલળે છે ખેતરની ભૂમિ પોચી પડતી નથી ત્યા સુધી હળ ચલાવી શકાતુ નથી

આપણા મનરૂપી ખેતરને તૈયાર કરવા અનુભવી ખેડૂત જેટલી જ કાળજી પરમ ઉપકારક ગુરુદેવ લે છે ખેડૂતો તો પોતાના ખેતરમાથી સારો પાક લેવા આટઆટલી જહેમત લે છે જ્યારે પરમ ઉદાર ગુરુદેવ તો પારકાના પડતર ખેતરોને મહેનત લઈને ઉપજાઉ બનાવે છે જરા વિચાર તો કરો, આપણુ મનરૂપી ખેતર કેટલા જન્મોથી પડતર છે ! એમા કામ, ક્રોધ, મદ, મોહ લોભના કેટલા જાળા જામ્યા છે ! ક્રૂરતા ને કઠિનતાના પથરાઓ કેટલા પડ્યા છે ! નીચતાના ખાડા અને અકડાઈના ટેકરા કેટલા છે ! જે ખેતરની આવી સ્થિતિ હોય તેમા ખેતી શી રીતે થઈ શકે ?

મનરૂપી ખેતર તૈયાર કરવા ગુરુદેવ સૌપ્રથમ દુર્ગુણોના જાળા ને કાપે છે ખેતરમા દુર્ગુણોનુ નાનકડુ બીજ પણ ન રહી જાય એ ખાતર વૈરાગ્યની આગ લગાડે છે સારા ખેતરની પત્રી આપતા પહેલા સ્વભાવની વક્રતા અને અકડાઈને દૂર કરે છે સાધુ થઈએ પણ ' સીધા ' ન થઈએ તો એનો કાંઈ અર્થ નથી ખરેખર તો—

'સાધુ થવાનુ કામ નહિ, સીધા થવાનુ કામ છે '

મનને આટલુ તૈયાર કર્યા પછી ગુરુદેવ કૃપાવૃષ્ટિ કરે છે સદ્બોધ

ના જોરથી મનરૂપી એન્જર પવગે છે અને હાલમાં જેનું મન શુદ્ધ બને છે સરળ બન્યા વિના શામળિયાનો ભેટો થતો નથી ગોસ્વામી તુલસીદાસે ભક્તના લક્ષણો દર્શાવતા લખ્યું છે કે

સરલ સ્વભાવ ન મન કુટિલાઈ, યથા લાભ સંતોષ સદાઈ

મનની અંદર મારી મારી વસ્તુઓને સ્થાન આપવા સૌપ્રથમ મન ને બનાવવાની જરૂર છે સરળતા આવતી નથી ત્યાં સુધી કામ મ ગ થતું નથી કુંભારનો દાખલો લઈએ કુંભાર પાત્ર બનાવવા બેસે છે ત્યારે સૌપ્રથમ કાચી માટીને મીણ જેવી બનાવે છે પછી માટીને ખૂંદીખૂંદી એમાં ભળી ગયેલા કાંકરાકાંકરાને દૂર કરે છે પાત્ર બનાવવાની આ માટીમાં ભૂલેચૂક પણ એકાદી કાંકરી રહી ગઈ તો કાર્યું પીંજ્યું કપાસ થઈ જવાનું કાંકરીવાળી માટીથી પાત્ર તો બને પણ જ્યારે પાત્ર તૈયાર થાય ત્યારે તે કાંકરી પોતાની મલિનતાને લઈને પાત્રમાંથી ખરી પડે છે પરિણામ એ આવે છે કે પાત્ર અપાત્ર થઈ જાય છે કાણા પાત્રની કિંમત કેટલી ? મફત મળે તોય કોઈ એને લેવા તૈયાર ન થાય

ગુરુના કૃપાપાત્ર બનવું હોય તો સૌપ્રથમ આપણે સરળ બનવું પડે સ્વભાવની અંદર વણાઈ ગયેલી વક્રતા અને આડાઈને દૂર કરવી જોઈએ જાણે-અજાણે પણ કોઈ નાનકડો દુર્ગુણ રહી ગયો તો ગુરુના કૃપાપાત્ર નહિ થવાય. ગમે તેટલી પ્રગતિ કરી હશે પણ એક નાનકડો દુર્ગુણ ઘડીના છઠ્ઠા ભાગમાં કરેલા ઉપર પાણી ફેરવી નાખશે

જે લોકો કાગળ કે કાપડ પર છાપકામ કરે છે તેઓ છાપતા પહેલા રંગને બરાબર મસળે છે રંગની અંદર ભળી ગયેલા બધા કચરાને પ્રથમ દૂર કરે છે પછી જ તે રંગ છાપવા માટે ઉપયોગમાં લે છે જો રંગની અંદર કચરો રહી ગયો હોય તો પરિણામ એ આવવાનું કે રંગના કચરાના ધાબા કાગળ કે કાપડ પર દેખાવાના ગમે તેટલું સરસ કામ કર્યું હોય પણ આ નાનકડી બેદરકારી સોના જેવા કામને કોડીનું બનાવી દે છે

જે સ્થાનમાં ગુંડાઓ ભરાઈ બેઠા હોય તે સ્થાનમાં સજ્જનો પગ ધરવાનો વિચાર કરે ખરા ? ફાનસના ગોળા પર મેશ લાગેલી હોય ત્યાં સુધી દીવાનો પ્રકાશ પથરાતો નથી નળની અંદર કચરો ભરાયેલો હોય છે ત્યાં સુધી પાણીનો પ્રવાહ સરળતાથી વહી શકતો નથી કૂવામાં અનેક વરસનો કચરો જામ્યો હોય તો પાણીનો નવો પ્રવાહ આવી શકતો નથી દર્પણ પર મેલના થર જામ્યા હોય તો અંદર સરસ રીતે પ્રતિબિંબ
 દેખાતું નથી મારગની અંદર કાંટાકાંકરા પડ્યા હોય તો સરળતાથી ચાલી

શકાતું નથી એમ, અંતરમાં જામેલી મલિનતા દૂર થતી નથી ત્યાં સુધી પ્રેરણાનો પ્રકાશ પથરાતો નથી.

(જેણે હરિગુણ ગાયા, નર એ જ કમાયા... આરોગો નંદલાલ રે....)

મલિનતા જ્યારે જાવે, અંતર પ્રેરણા થાવે,
છિદ્ર પુરાયેલાં ખુલ્લાં રે થાતાં,
ઝરણાંને પ્રગટાવે, અંતર પ્રેરણા થાવે... મલિનતા... (૧)
મેલ જતાં જળ શુદ્ધ જ થાતું,
વિચાર એવા જન્માવે, અંતર પ્રેરણા થાવે....મલિનતા ..(૨)
એનું પ્રતિબિંબ સુખે દેખાતું,
મુખડાને ઝળકાવે, અંતર પ્રેરણા થાવે.... મલિનતા....(૩)
'પુનિત' પંથ પ્રભુનો એ પકડે,
મારગ સાચા ચલાવે, અંતર પ્રેરણા થાવે.... મલિનતા... (૪)

આપણા મનની બધી અશુદ્ધિઓને દૂર કર્યા પછી બોધની વૃત્તિથી મનને જરા મૃદુ બનાવે છે. વૃત્તિ થયા પછી જ ખેડૂતો ખેતરમાં હળ જોડે છે. એમ, સદ્‌બોધ આપ્યા પછી જ--

નીતિ-વૈરાગ્યના બળદ જોડી,
બોધના હળ હાકનારા, ગુરુજી મારા ઉપકારી રે....

ખેતરની ભોમકા વૃષ્ટિથી પોચી પડતી નથી ત્યાં સુધી ખેડૂતો હળ જોડતા નથી. કારણ ભૂમિમાં હળ જોડે તો હળ તૂટી જાય. ઘણા ઉપદેશકો પાત્ર-અપાત્રની પરવા કર્યા વિના આડેધડે ઉપદેશનું હળ ચલાવવા લાગી જાય છે. પરિણામ એ આવે છે કે અધૂરિયા શ્રોતાઓ શબ્દે શબ્દે શંકા અને તર્ક કરે છે છતાંય શ્રોતાઓના મનનું સમાધાન થતું નથી. એનું કારણ એ છે કે જ્ઞાનને પચાવવા જેનું મન તૈયાર થયું નથી હોતું.

એક વખતે ભગવાન શંકર અને પાર્વતીજી કૈલાસ પર્વત પર બેઠાં બેઠાં વાર્તાવિનોદ કરી રહ્યા હતાં. એવામાં પાર્વતીજીનું ધ્યાન શંકરે પહેરેલી મુંડમાળા ઉપર પડ્યું. માનવખોપરીઓની માળા જોઈને પાર્વતીજીને ઘણીવાર પૂછવાનું મન થઈ આવતું પણ એક યા બીજા કારણે લઈને પૂછી શકાતું નહિ. આવી અશુભ માળાને જોઈને એ મૂંઝાતા. 'આવી મુંડમાળા તે પહેરાતી હશે! મઘમઘતા પુષ્પોની માળા પહેરાય, રત્નમણિઓની માળા પહેરાય, પણ આવી માળા તે કાંઈ પહેરાતી હશે! બીજા કોઈ દેવ નહિ અને આ એક જ કેમ પહેરતા હશે?' આવા વિચાર પાર્વતીજીને ઘણી વાર આવતા, પણ કોઈ દિવસ એ પૂછી નહિ

શકેશા આજે તો પૂરતો સમય હતો બીજુ કોઈ કામકાજ હતું નહિ શંકર પણ ખુશ મિજાજમાં હતા લાગ જોઈને મનમૂઝવતો પ્રશ્ન કર્યો

દેવ ' આપ સંમતિ આપતા હો તો મારે એક પ્રશ્ન પૂછવો છે '

દેવી ' અજાણ છો શા માટે ! મનમા જે હોય તે પૂછી નાખો '

બીજો તો એવો કોઈ પ્રશ્ન નથી તમને બીજી કોઈ માળા જ ગમતી નથી તે આ માનવ ખોપરીઓની માળા બનાવીને પહેરો છો ''

પાર્વતીજીનો પ્રશ્ન સાંભળીને શંકર આનંદમા આવી ગયા અને કહ્યું દેવી ' આ તો મારી મોંઘેરી માળા છે આ દરેક મુંડ મારા પ્રેમનુ પ્રતીક છે આ એકએક ખોપરીમા મારા સ્નેહસંભારણાં ભરેલા છે એ બધા જ સંભારણા મારા અંતરમા અંકિત થયેલા છે '

(વ્હાલા ' તારો વિયોગ (ર) ફિવડાનું દર્દ છે સાંસુ ઔષધ મસાર)

અંતર અંકિત રહી જાય (ર) સ્નેહ સંભારણા,

જૂના તાજા થઈ જાય (ર) સ્નેહ-સંભારણા . .અંતર . (૧)

દેવી માનશો ? આ મુંડમાળાની એકએક ખોપરીને જોતા જુગ જુગજૂના સ્મરણો તાજા થઈ જાય છે એની યાદ આવતા મન પુલકિત બની જાય છે

પુનર્મિલન કદી સાચા સ્નેહીનુ,

બેઉની આંખે દેખાય (ર) સ્નેહ-સંભારણા ..અંતર ..(ર)

પ્રેમીએ આપેલી નાનકડી ભેટને જોતા કેટકેટલા સ્મરણો તાજા થાય છે ' જ્યારે આ તો ખુદ પ્રેમપાત્રના મસ્તકની ખોપરીઓ છે એને જોતા મનમા શુ ન થાય ? અરે, કટલીક વખત તો સાગર-સાગરનો સંગમ થતા જેમ સાગરના જળ કિનારે ચડે છે તેમ જૂની યાદ આવતા મન સાગરમા પ્રેમની ભરતીઓ આવે છે

વિયોગ અવધિની ઠેસ્વી એ પળમા,

અશ્રુ નીરે સમાય (ર) સ્નેહ-સંભારણા અંતર (૩)

એ રે ઉછાળા છે 'પુનિત' પ્રેમના,

પ્રેમીઓની પાસે રહી જાય (ર) સ્નેહ-સંભારણા અંતર (૪)

દેવી ' એક યુગના નહિ યુગયુગના પ્રેમપાત્રના આ પ્રતીકો છે આ બીજા કોઈની ખોપરીઓ નથી આ બધી તમારી જ ખોપરીઓ છે '

'હે મારી ખોપરીઓ ? પાર્વતીજી તો સાંભળીને હબકી ગયા

' દેવી ' ગભરાવ નહિ આ બધી તમારી જ ખોપરીઓ છે હુ તો અજર અને અમર છુ જ્યારે તમારા માટે તો જન્મમરણ છે તમારા

અનેક જન્મો થઈ ગયા પ્રત્યેક જન્મે તમે મારા પત્ની થયા છો જ્યારે તમે મરણ પામો છો ત્યારે તમારો વિયોગ મારાથી સહન થતો નથી આથી તમારા અનન્ય પ્રેમને વશ થઈને તમારું મસ્તક કાપી, મારા હૈયા પર સ્થાપું છું અનેક જન્મોથી આમ થતું આવ્યું છે આ એકએક ખોપરી જોઉં છું અને મને ગત જન્મોના સ્મરણો યાદ આવે છે'

'નાથ ! ત્યારે શું આ જન્મમરણના ચક્કરમાં ફર્યા જ કરવાનું ? અને પ્રત્યેક જન્મે આ મુંડમાળામાં મારા એક એક મસ્તકનો વધારો જ થવાનો ? એવો કોઈ ઉપાય છે નહિ કે જેથી હું અમરત્વને પામું ? હું અમર થઈ જાઉં તો મારું મરણ જ ન થાય નહિ'

પાર્વતીજીને અમર બનવાની તાલાવેલી લાગી

'દેવી ! અમર બનવા માટે અમર વિદ્યાનો ઉપદેશ લેવો પડે'

'નાથ ! આપ મારા ગુરુ બનીને અમર વિદ્યાનો ઉપદેશ આપો.'

'દેવી ! અમર વિદ્યાનો ઉપદેશ આપવામાં જરાય હરકત નથી પણ તે ઉપદેશ સાંભળે તે અમર થઈ જાય. પછી ભલે તે માનવ હોય, દાનવ હોય કે ગમે તે હોય. તે ઉપદેશ એકાન્તમાં જ અપાય માટે ચાલો, આપણે બંને વનના કોઈ એકાંત સ્થળમાં જઈએ'

'ચાલો ત્યારે' પાર્વતીજી તરત જ ઊભા થયા શંકર પણ ઊભા થયા ચાલતા ચાલતા અઘોર વનમાં આવ્યા સુંદર એકાન્ત સ્થાન જોઈને બેઠક જમાવી અમર વિદ્યાનો ઉપદેશ આપતા પહેલા આસપાસમાં નિવાસ કરી રહેલ પશુપક્ષીઓને નસાડવા માટે શંકરે ડમરું વગાડ્યું ડમરુનો ગગનભેદી અવાજ સાંભળીને પશુ અને પંખીઓ છૂટા થઈને નાઠા

હવે બન્યું એવું કે જે વૃક્ષ નીચે શંકર અને પાર્વતી બેઠા હતા એ વૃક્ષની બખોલમાં એક પાંખ વિનાનો પોપટ ભરાઈ ગયેલો નાસવા માટે તેણે ઘણી કોશિશ કરી, પણ પાંખ વિનાનો ઊડી ન શક્યો ભયનો માર્યો વૃક્ષની બખોલમાં જ લપાઈ રહ્યો આસપાસમાં પશુ-પક્ષી કોઈ ન રહ્યું એટલે શંકરે અમર વિદ્યાનો ઉપદેશ આપવા માંડ્યો 'દેવી ! જેને જન્મમરણના ચક્કરમાંથી છૂટવું હોય તેના માટે એક જ ઉપાય છે, અને તે છે હરિનું ભજન મારો એક જન્મનો નહિ, અનેક જન્મોનો અનુભવ છે, કે જગત એ માત્ર સ્વપ્નું છે, સાચું તો કેવળ હરિભજન છે

ઉમા કહઉં મૈં અનુભવ અપના,
સત હરિભજન, જગત સબ સપના.

'દેવી ! અનુભવીઓએ સંસારને સ્વપ્નવત્ કહ્યો છે એમાં જરાય

અતિશયોક્તિ નથી માનવ નિદ્રામા પડે છે ત્યારે તે સ્વપ્નસૃષ્ટિમા તન્મય બની જાય છે સ્વપ્નામા રાજા બને છે અનેક જાતના ભોગ ભોગવે છે ફરી પાછો ભિખારી બની જાય છે ટુકડા રોટલા માટે ઠેરઠેર ભટકે છે તેનુ મૃત્યુ થાય છે મૃત્યુનુ નામ સાભળતાં જ ઝબકીને જાગી જાય છે ત્યારે તેને સમજાય છે, કે આ તો માત્ર સ્વપ્નુ હતુ આ સ્વપ્નુ બેચાર ક્ષણોનુ હોય છે તેમ આ સમારનુ સ્વપ્નુ કોઈને માટે ઘડીનુ, કોઈનું બે વર્ષનુ કોઈને પાચ વર્ષનુ તો કોઈને પચીસ, તો કોઈને માટે પચાસ વર્ષનુ બહુ બહુ તો સો વર્ષનુ પણ એક દિવસ આ સસારનુ સ્વપ્નું તૂટવાનુ એ વાત ખરી, ખરી ને ખરી.

એક દિવસ જનક રાજાને સ્વપ્નુ આવ્યુ સ્વપ્નામા એવુ જોયુ કે ઠોમઠોમ સાહ્યબીમા મહાલનારા રાજા જનકને ગજપાટ ત્યજી દેવુ પડ્યુ પાણી માગતા દૂધ હાજર થાય તેને રોટલાના ટુકડા માટે ફાંફા થઈ ગયા આવુ અસહ્ય દુ ખ પડવા માડ્યુ ત્યારે જનકરાજા આકુળવ્યાકુળ થઈ જાય

ભૂખનુ દુ ખ સહ્યુ જતુ નહોતું તેથી પેટની આગ ઠારવા માટે કોઈ નગરમા આવી ચડ્યા મૂઠી ધાન મેળવવા ઘણાય ફાંફાં માર્યાં પણ કોઈએ મૂઠી ધાન ન આપ્યુ ભૂખી કૂતરી ગલૂડિયા ખાય તેમ જનક રાજા ટુકડા રોટલા માટે આમતેમ જોવા લાગ્યા નજર ફેરવતા ફેરવતા કૂતરાની ચાટ ઉપર નજર પડી પથ્થરની ચાટમા કોઈકે થોડો એ હવાડ નાખ્યો હતો ભૂખના દુ ખથી અકળાએલા જનકે ચાટમા પડેલો એ હવાડ ખાવાનો વિચાર કર્યો પણ કૂતરાની ચાટમાથી ખવાય કેમ ? મનમા ને મનમા થોડા અકળાયા વિચાર કરતા કરતા બાજુમા પડેલી માટીની ઠીબ પર નજર પડી. ઝટ દઈને તે ઠીબ ઉપાડી અને ચાટમાથી એ હવાડ લઈને ચાલવા માડ્યુ

ઉતાવળે પગને નદીકિનારે આવ્યા ત્યા કોઈ માનવની અવરજવર હતી નહિ બાજુમા પીવા માટે પાણી હતુ ત્યા 'હાશ' કરીને વૃક્ષની છાયામા એ હવાડ ખાવા બેઠા પહેલો કોળિયો ભરે છે ત્યા તો બાજુમાથી બે અલમસ્ત સાઢ લડતા લડતા ધસી આવ્યા સાઢના ઓચિંતા ધસારાથી જનક રાજાના હાથમાનુ એ હવાડનુ પાત્ર નીચે પડી ગયુ. એમના તો હોશકોશ ઊડી ગયા "હવે શુ થશે ?" એ વિચાર આવતા જ આખ ઊઘડી ગઈ જોયુ તો ન મળે સાઢ ન મળે ઠીબ કે ન મળે નદી

જનક રાજા તો છત્રપલગમા પોઢી રહેલા આ સ્વપ્નાએ વિચાર કરતા કરી મૂક્યા " 'અરે ! અત્યારે સુખદુ ખના જેવા અનુભવ થાય

છે તેવા જ અનુભવ સ્વપ્નામાં પણ થાય છે ત્યારે આ બેમાં સાચું શું ? આ સાચું કે તે સાચું ?” ખૂબ ખૂબ વિચાર કર્યો, પણ કાંઈ ગમ પડી નહિ છેવટે વિદ્વાનોની સભામાં મનમૂંઝવતો પ્રશ્ન મૂક્યો

‘કહો પંડિતો ! આ સાચું કે તે સાચું ?”

પંડિતો તો વિચારમાં પડી ગયા જનક રાજા આ શું પૂછી રહ્યા છે ? એક પંડિતે ઊભા થઈને પૂછ્યું ‘રાજન્ ! આપ જે પૂછો છો તેનો પૂર્વાપર સંબંધ તો આપો એ વિના સમજણ ની પડે ?’

રાજા જનકે વાખ્યા કર્યા વિના એનો એ જ પ્રશ્ન દોહરાવ્યો

પંડિતો તો મૂંઝાઈ ગયા કોઈ કાંઈ જવાબ આપી શકતું નથી એવામાં અષ્ટાવક્ર મુનિ આવી ચડ્યા અષ્ટાવક્ર મુનિના આઠે અંગ વાંકા હતા તેમને જોઈને બધા પંડિતો ખડખડાટ હસી પડ્યા જનકે મુનિને આવકાર્યા પૂજનઅર્ચન કરી કહ્યું ‘દેવ ! એક પ્રશ્ન મૂંઝવે છે પંડિતોની સભામાં એ મૂકી જોયો, પણ કોઈએ જવાબ ન આપ્યો’

‘રાજન્ ! તારી પાસે પંડિતોની સભા જ ક્યાં છે ?” મુનિએ કહ્યું

‘કેમ દેવ ! આ બધા પંડિતો જ બેઠા છે ને !’

‘ના ના હું તો કોઈને પંડિત જોતો નથી બધા ચમાર છે’

‘ચમાર ’ શબ્દ સાંભળતા જ પંડિતસભામાં તરખાટ મચી ગયો એક પંડિત તો એકદમ ઊભો થઈ બોલી ઊઠ્યો ‘આપે ‘ચમાર’ કહીને અમારા જેવા ધુરંધર પંડિતોનું ભયંકર અપમાન કર્યું છે’

‘મે એ શબ્દનો પ્રયોગ ખૂબ સમજીવિચારીને કર્યો છે’

‘કહો અમને ચમાર શા માટે કહ્યા ?” પંડિતે રોષમાં પૂછ્યું

‘પહેલા તમે મને એક જવાબ આપો દુષ્કાળ પડ્યો હોય, અનેક ઢોરઢાખર મરી ગયા હોય અને તે વખતે તેવા સ્થાનમાં કોઈ ચમાર જઈ ચડે તો એની નજર શેના ઉપર પડે ?’

‘હાડકા અને ચામડા ઉપર જ’ એક પંડિતે જવાબ આપ્યો

‘કેમ ? સંસારમાં તો ઘણી વસ્તુઓ જોવાલાયક હોય છે એની નજર કોઈના ઉપર ન ઠરે ને કેવળ હાડકા–ચામડાં ઉપર જ કેમ ઠરે ?”

‘ચમારનો એ ધંધો છે માટે’ પંડિતોએ જવાબ આપ્યો

‘બરાબર ! હવે બીજો એક જવાબ આપો હું જ્યારે આ સભામાં પ્રવેશ્યો ત્યારે મને જોઈને તમે બધા શા માટે હસ્યા હતા ?’

‘આપ આઠે અંગે વાંકા છો એ જોઈને અમને હસવું આવેલું’

ત્યારે તો એ વાત સાચી ને કે તમે મારામાં રહેલા જ્ઞાનને જોવાને

બદલે માત્ર હાડકા અને ચામડાને જોવાનું પસંદ કરો છો ! જેની નજર હાડમ-ચામડા ઉપર પડે તેને ચમાર ન કહે તો બીજું શું કહે ? પંડિત તો એને કહેવાય જે જ્ઞાનને પસંદ કરે અને પિછાણે '

પંડિતો મૂંગા બની ગયા મુનિએ પૂછ્યું

કહો રાજન્ ! આપનો શો પ્રશ્ન છે ?

'કહો દેવ આ સાચું કે તે સાચું ? જનક રાજાએ પ્રશ્ન કર્યો

રાજન્ આ પણ મોહ અને તે પણ મોહ આ સાંભળીને જનક રાજાને સંતોષ થયો વધુ ખુલાસો કરતા અષ્ટાવક્ર મુનિએ કહ્યું રાજન્ ! ત્રિકાળ જ્ઞાન દ્વારા મેં તારી વાત જાણી છે સ્વપ્નામાં તમે ભિખારી બની ચાટમાંથી અન્ન મેળવ્યું ખાવા બેઠા ત્યાં આ માટે ચાટ પડી ગઈ આંખ ઉઘડી ગઈ એ સ્વપ્નું જેમ ક્ષણભંગુર હતું તેમ આ જીવન પણ એક સ્વપ્ન સમાન છે એક દિવસ આ જીવન રૂપી સ્વપ્નું પણ ઊડી જવાનું છે આમાં સાચું હોય તો માત્ર પ્રભુનું ભજન છે અને બચાવે હરિનો આશ્રય કરે છે એ જ અમરતાને વરે છે '

(વહાલા ! તારો વિરાગ (૨) દિનડાનું દર્દ છે ભાવના પ્રગટ દેખાય)

અમરતાનો ઉપાય (૨) હરિ-મિલન છે,
આપે મીઠી એ છાય (૨) હરિ-મિલન છે અમરતાનો
જીવ્યું જગતમાં લેખે રે લાગે,
ઉજ્જવળ કરે સદાય (૨) હરિ-મિલન છે અમરતાનો
માતાની કૂખ પણ ઉજ્જવળ થાતી,
બાપની ઉજાળે કાય (૨) હરિ-મિલન છે અમરતાનો
સૂર્ય-ચંદ્ર તપે જ્યાં લગી જગમાં,
યશના ગીતો ગવાય (૨) હરિ-મિલન છે અમરતાનો
'પુનિત પળ એવી જીવનની મળતાં,
સફળ બનાવે કાય (૨) હરિ-મિલન છે અમરતાનો

સંસારને સ્વપ્નવત્ માની પછી મારું અને તમારું બધાનું એક જ કર્તવ્ય છે અને તે ભગવાન રામનું ભજન કરવાનું

(બોલ મા, બોલ મા, બોલ મા રે રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા)

રામનું, રામનું, રામનું રે, બધા ભજન કરો શ્રીરામનું,
જ્ઞાનની ગરબડ ગૂંચાવી નાખશે,
ગાડું ગબડશે નામનું રે, બધા ભજન કરો શ્રીરામનું (૧)
પાપને તજવા ને હરિને ભજવા,

બીજુ બધુ નથી કામનુ રે, બધા ભજન કરો શ્રીરામનુ (૨)
સીધુ, સરળ ને મહેલામા મહેલુ,
મળશે ઠેકાણુ હરિધામનુ રે, બધા ભજન કરો શ્રીરામનુ (૩)
'પુનિત' કળિમા એક જ ઉપાય છે,
મોઢુ ફેરવજો તમે આમનુ રે, બધા ભજન કરો શ્રીરામનુ (૪)

પ્રભુની સન્મુખ મોઢુ ફેરવવાને બદલે માયા તરફ મોઢુ ફરી ગયુ તો કર્યુ-કરાવ્યુ ધૂળ થઈ જશે. બે ઘડીના જીવન માટે મોજશોખ છોડીને પ્રભુને શરણે બેસી જાવ એમા જ સૌનુ કલ્યાણ છે

(શા માટે કરીએ સન્માન ? વહાલા ! શાં કરીએ સન્માન)

બે દહાડા મહેમાન મુસાફિર ! બે દહાડા મહેમાન,
રહેલુ ઘડી ને પચાસ ઝાઝી, માન અને અપમાન,
ભજન કરી ભકતોની સંગે (૨) બની જવું સુલતાન, મુસાફિર !
સારુ-ખોટુ કરનારામા ખોટુ વધે ગુમાન,
સારુ સદાયે હરિભજન છે (૨) ખોટુ છે અભિમાન, મુસાફિર !
ચકરી નાની, ફુદડી મોટી, ભૂલી જતો તું ભાન,
'મારુ-મારુ' કરતા કરતા (૨) મરી જતો નાદાન, મુસાફિર !
'પુનિત' પ્રભુના શરણે બેઠા સુખ દુઃખ સર્વ સમાન,
મૂકી બધુ યે જાવાનુ છે (૨) તોયે નાવ્યે જ્ઞાન, મુસાફિર !

શરૂશરૂમા તો પાર્વતીજી એકધ્યાનથી શંકરને સાંભળી રહ્યા પણ સમય વીતતો ગયો તેમ તેમ સુસ્તી ચડવા માંડી આંખો ઘેરાવા માંડી નિદ્રા જેવી અવસ્થા થઈ ગઈ. ભજનમા શરૂ શરૂમા બધા તાનમા હોય છે પછી ધીમે ધીમે ઝોકા ખાવા માડે છે

પેલો પક્ષીના ઇંડાનો પોપટ ધ્યાનથી અમરવિદ્યાનો ઉપદેશ સાંભળી રહ્યો હતો. જેમ જેમ ઉપદેશ સાંભળતો ગયો તેમ તેમ તેની અવસ્થા ગરવી પામી ફૂટવા માંડી. શરીરમા જેમ લોહી ફરવા લાગ્યુ થોડી વારમા તો પાર્વતીજી ઊંઘી ગયા અને ધ્યાનમગ્ન શંકરે તો અમર વિદ્યાનો ઉપદેશ ચાલુ રાખ્યો

વાત જામે હુંકારે ને ઝઘડો જામે નુંકારે એ ન્યાયે પાર્વતીજીને બદલે પોપટે હોંકારો આપ્યો શંકર તો ઉપદેશ આપતા જ રહ્યા

ઉપદેશ પૂર્ણ થવા આવ્યો ત્યારે પાર્વતીજીની નીંદ ઊડી અને હોંકારો આપ્યો. પોપટનો અને પાર્વતીજીનો હોંકારો ભેગો થઈ ગયો એટલે શંકર સમજ્યા અરે ! મેં આપેલો ઉપદેશ તમે સાંભળ્યો કે નહિ ?

દેવ ' ક્યાં કર્જે તમે ઉપદેશ દેવા બેસો પછી થોડી વારે ઊંઘ ચડી એટલે જરા આંખ મળી ગઈ.'

ત્યારે અત્યાર સુધી હોંકારો કોણે આપ્યો ?' ભગવાન શંકરે પૂછ્યું.

નાથ ' હું કાંઈ જાણતી નથી એમ કરો, આપ આપનું ડમરું વગાડો આટલામાં જો કોઈ હશે તે ભયનો માર્યો ભાગવા માંડશે. '

શંકરે જોરથી ડમરું વગાડ્યું. પોપટને પાંખો ફૂટવાથી ડરના માર્યો ભાગવા માંડ્યો પોપટ નાસે પકડવા મહાદેવજી પણ દોડ્યા આગળ પોપટ અને પાછળ મહાદેવજી. ક્યાંનો ક્યાં પોપટ નર્મદાકાંઠે આવી પહોંચ્યો.

હવે બન્યું એવું કે વ્યાસજીના પત્ની નર્મદાસ્નાન કરી રહ્યા હતાં.

મહાદેવજીથી બચવા માટે, દેહનો ત્યાગ કરી, વ્યાસપત્નીના પેટમાં પોપટ વાયુરૂપે પેસી ગયો

મહાદેવજીએ આ જોયું એટલે બહાર નીકળવા કહ્યું પણ પોપટ એમ કાંઈ બહાર નીકળે !

વ્યાસપત્ની આશ્રમે આવ્યા ત્યારે મહાદેવજી પણ સાથે આવ્યા એમણે વ્યાસજીને કહ્યું 'મારી અમર વિદ્યાના જ્ઞાનનો ચોર, તમારા પત્નીના ઉદરમાં પેઠો છે એને બહાર કાઢો '

વ્યાસજીએ નમ્ર બનીને કહ્યું ' દેવ ' આપ તો મહાદેવ છો. બનવાકાળ બની ગયું છે જે કાંઈ બની ગયું, બની "રહ્યું" છે અને બનશે એમાં ત્યાગ પ્રભુની ઇચ્છા છે એમાં જરા પણ ફેરફાર થઈ શક્તો નથી '

(રક્ષા રામની રે (૨) બીજી રક્ષાઓ સ્વાર્થની . . વસમી વાટમાં રે)
બનતું બની રહ્યું રે (૨) એમાં ઇચ્છા છે ઈશ્વરની,
માનવ જાણે ' હું જ કરું છું '—મિથ્યા એનો ભ્રમ છે,
ગોઠવાયેલું ગડદે આવે (૨) વાત નથી એ ઘરની.. બનતું ...(૧)
ઢંકાયેલું કપાળમાં તે અજ્ઞાની શું જાણે ?
સમજાતી, જ્યાં ફળ દેખાતું (૨) ઘટના સૌ અંદરની ...બનતું (૨)
'હરિ કરે તે સારા માટે' કહેવત હૈયે રાખો,
આંખ આપણી જ્યાંત્યાં પડતી (૨) દૃષ્ટિ છે ઉપરની ...બનતું (૩)
સારું-ખોટું, સુખ-દુઃખ આવે, સઘળું સારા માટે,
સોંપી 'પુનિત' આંખો મીંચી (૨) દોરી જીવનભરની... બનતું(૪)

'દેવ ! મારી એક વાત માનશો ? મેં ભાગવતશાસ્ત્રની રચના કરી છે ગ્રંથ ઘણો ઉત્તમ છે જનસમુદાય સુધી તેને પહોંચાડવો છે અને
૫૦ જનકલ્યાણ કરવું છે ઘણા દિવસથી આ જ ચિંતામાં હતો અઢાર પુરા-

શ્લો લખતાં લખતાં મારું આયખું ખૂટી ગયું. છેલ્લે મેં ભાગવત રચ્યું. ભાગવત એ તો પ્રેમનો દરિયો છે જનસમુદાય પાસે પ્રભુપ્રેમની વાતો કરનારો કોઈ અધિકારી મને મળતો નહોતો. મારે એકે પુત્ર નથી એ માણસ એવો હોવો જોઈએ કે જેણે હરિપ્રેમનો ખરો સ્વાદ ચાખ્યો હોય. જે જન્મથી વિરક્ત હોય તે જ સાચા પ્રેમનો પ્રચાર કરી શકે. દેવ ! જગતમાં એવો કોણ હોઈ શકે કે જેને વિષયો પ્રત્યે રાગ ન હોય ?

'દેવ ! નજર ફેરવતાં ફેરવતાં ધ્યાન આપના ઉપર પડેલું પણ આપ તો મહારુદ્ર છો, અજન્મા છો, પરબ્રહ્મ છો. આપને જન્મ લેવાનું શી રીતે કહી શકું !'

વ્યાસજીની ભાવપૂર્ણ વાતો સાંભળીને ભોળાનાથે પ્રસન્ન થઈ કહ્યું : 'ત્યારે આપની શી ઇચ્છા છે !'

'દેવ ! ઇચ્છામાં ઇચ્છા મારી એક જ છે. આપે પ્રભુપ્રેમની જે ઝાંખી કરી છે તેની ઝાંખી કરાવવા માટે આપના કોઈ અંશને મારે ત્યાં પુત્રરૂપે જન્માવો. શુકે આપનું જ્ઞાન ચોરીછૂપીથી સાંભળ્યું અને એ અહીં ભાગી આવ્યો. આમાં ભગવાનની કોઈ ઇચ્છા જ હશે ! આ શુક તે તમારા જ્ઞાનનો જ અંશ છે. તેને મારે ત્યાં પુત્રરૂપે જન્મવા દો.'

'વ્યાસજી ! શુક ભલે તમારે ત્યાં જન્મ ધરે. મને જરાય હરકત નથી. પણ તેણે અધિકાર વિના જ્ઞાન પ્રાપ્ત કરી લીધું તેનો વાંધો છે. મારા જ્ઞાનના પ્રભાવથી તે જન્મથી વિરક્ત હશે, પણ તેણે મેળવેલું જ્ઞાન તો જન્મતાંની સાથે જ નષ્ટ થઈ જશે.'

શંકરનો શાપ સાંભળીને પોપટે ઉદરમાં બેઠાં બેઠાં વિચાર કર્યો : 'હું ઉદરમાંથી બહાર નીકળું તો મારું જ્ઞાન નષ્ટ થાય ને ! હું અહીંથી બહાર જ ન નીકળું તો ?'

પોપટે તો વ્યાસપત્ની અરણીદેવીના ઉદરમાં જ અડ્ડો જમાવી દીધો ... [illegible] કરી નાખ્યું. નવ માસ થયા, પણ પ્રસવ ન થયો. એમ કરતાં કરતાં સોળ-સોળ વરસનાં વહાણાં વાયાં. વેદનાએ તો માઝા મૂકવા માંડી. છેવટે વ્યાસપત્નીએ આર્તનાદે પ્રભુને પ્રાર્થના કરી :

'નાથ ! મને આ અસહ્ય વેદનામાંથી છોડાવો.'

પ્રાર્થના સાંભળીને ભગવાને અંતરીક્ષમાંથી કહ્યું : 'હે શુક ! હવે બહાર આવ. હું વચન આપું છું કે તેં ચોરીને જ્ઞાન લીધું છે માટે તારું અડધું જ્ઞાન રહેશે અને અડધું જ્ઞાન નાશ પામશે.'

'નાથ ! જ્ઞાનની વાતો તો સમજ્યો, પણ સંસારમાં આવ્યા પછી...

આપની માયા વળગે એનું શું ? એ જ્યાં વળગી કે પછી એને ખનામ માટે નાથ આપની માયાની ભીંસથી જ બહાર આવવા નથી માગતો. એ માયાએ ભલભલાને ભુલાવામાં નાખી દીધા છે એ આપથી ક્યાં અજાણ્યું છે !

(મીઠી નજરમાં (મો (૨) રણુછોડ ! માપ રે રખિયાં બ ધાવો લોપાં)

માયાપતિની માયા (૨) ભુલાવે નાખે રે ટેક
સવળું અવળું દેખાતું, સાચું ત નહિ સમજાતું
સ્વપ્ના તણી એ છાયા (૨) ભુલાવે નાખે રે માયાપતિની ૧
ઈશ્વર ઘટઘટનો વ્યાપી, ઘટઘટમાં મૂરતિ સ્થાપી
માટી તણી આ કાયા (૨) ભુલાવે નાખે રે માયાપતિની ૨
ઓળખવો આતમદીવો નહિ તો સઘળા છે જીવો,
દેવો તણા પડછાયા (૨) ભુલાવે નાખે રે માયાપતિની ૩
સમય સમય સમજાવે, સાનું તે ઉપર આવે
'પુનિત' મનના પાયા (૨) ભુલાવે નાખે રે માયાપતિની ૪

શુકદેવજીની આ વાત સાંભળીને ભગવાન મરક મરક હસ્યા અને કહ્યું અ મા હું તો માયાનો મ નો માયાની પ્રબળતાને તે પ્રથમથી જ પિછાણી લીધી

નાથ ! ભગવાન શંકરના શબ્દો હજી મારા મનમાં ગુંજ્યા કરે છે અતિપ્રબળ રઘુપતિ કી માયા ' પ્રભુ ! આપની માયા તો એવી છે કે જીવમાત્રને પજવી પજવીને હેરાન કરી નાખે છે '

(દીકરી તો રોજે સાસરિયાની માય શામળા ! શાને છેટો છેટો જાય)

અમને પજવીપજવીને ખાઈ જાય (૨)ભગવાન ! માયા એ આપની,
ડગલે ને પગલે એ સામી અથડાય(૨)ભગવાન ! માયા એ આપની
કરીએ શુભ કામ એમાં માથું એ મારતી,
'કોઈનું બગાડયે શું લાભ ?'—ના વિચારતી,
કોઈની દબાવી નહિ એ દબાય (૨) ભગવાન ! માયા એ (૨)
પીછો પકડ્યો છે એણે ઊંઘતા ને જાગતા,
એના સામ્રાજ્ય સારી સૃષ્ટિમાં લાગતા
જ્યાં જ્યાં નજર પડે ત્યાં દેખાય(૨) ભગવાન ! માયા એ (૩)
તમને ભૂલ્યા તો પ્રભુ ! એનો જ વાંક છે,
દુ ખી કરવામાં વાળ્યો આડો જ આંક છે
'પુનિત' જેવાની લેતી એ 'હાય' (૨) ભગવાન ! માયા એ (૪)

'શુકદેવ ! તારી વાત સાચી છે મારી માયા એવી પ્રબળ છે કે ભગવાનને ભુલાવી દે છે પણ જે દૃઢ મનવાળા છે તેને એ કઈ કરી શકતી નથી જ્યાં પોતુ ભાગે છે ત્યા પાટુ મારે છે એનુ સ્વરૂપ એવુ મોહક છે કે ભગવાન એક જામા આવી જાય છે એક વાત કહું એ સાભળ પછી ખાતરી થશે કે માયા કોના ઉપર પોતાનો પ્રભાવ પાડે છે

એક રાજાને ત્રણ કુવર રાજાને ત્યા મહાવૈભવ મોટા રાજ્યની વ્યવસ્થા કરવાની હોવાથી રાજાએ કુવરોની સભાળ રાખવા દાસી રાખેલી દાસીનું એક જ કામ આખો દિવસ કુવરોને જ સાચવવા કરવાના કુવર જે વસ્તુ માગે તે વસ્તુ આ દાસી આપે મનમાની ચીજ મળતા આ કુવરો રમવામા પડી જતા અને પિતાને ભૂલી જતા કુવર રમવામા મશગૂલ થાય એટલે રાજા પોતાના મમમા મસ્ત બની જાય

એક દિવસ આ ત્રણ કુવરમાથી એકને પિતાને મળવાની ઝખના જાગી કુવરે તો એકદમ રડવા માડ્યુ દાસી તો ત્યા હાજર જ હતી. એટલે રડતા કુવરને છાનો રાખવા ભાતભાતના ભોજન આપ્યા પણ આ કુવરને ભોજનની કયા ભૂખ હતી ? એણે તો ભોજનની થાળી દૂર ફેકી દીધી ને જોરશોરથી રડવાનું ચાલુ જ રાખ્યુ કુવરે કાઈ ખાધુ નહિ ત્યારે દાસીએ જાતજાતના અને ભાતભાતના રમકડા રમવા આપ્યા પણ કુવરે તો એને પણ લાત લગાવી દીધી અને રડવાનું ચાલુ રાખ્યુ રડવાનો અવાજ સાભળીને રાજકાજ છોડીને રાજા દોડતો આવ્યો અને રડતા કુવરને છાતીસરસો ચાપો પિતાને જોતા જ કુવર શાત થઈ ગયો

'શુકદેવ ! જગતના સર્વ જીવો મારા કુવર સમાન છે દરેક કુવરને તો હુ કેવી રીતે રાખી શકુ ? એટલે સૌને રમાડવા માયારૂપી દાસીને રાખી છે માયા-દાસી સૌ જીવને જુદા જુદા સાધનોથી રમાડે છે કોઈ જીવ ખાવામા મસ્ત છે, કોઈ પીવામા મસ્ત છે, કોઈ મોટરગાડીમા ગવામા મસ્ત બનીને મહાલ્યા કરે છે

(જીવડા ! ઝાઝો-ગાડો થાય, પ્રભુને શાને ભૂલી જાય)
બધાના અવનવા છે ઢગ, જગતમા જુદા જુદા રગ,
વી ટીમા જડવા જેવા નગ, જગતમા જુદા જુદા રગ૦
સાખી – કોઈને રસ કમાણીમા, કોઈને જોઈએ મોજ,
કોઈને સગ્રહ બહુ ગમે, જ્યા ત્યા કરતો ખોજ,
પૈસા એ પરમેશ્વરનુ અગ, જગતમા જુદા જુદા રગ ૨
સાખી – કોઈમા ત્યાગની વૃત્તિ છે, આખ્યુ ઉડાવાય,

શ્રીમદ્ ભાગવતમા જડભરતનો પ્રસ ગ આવે છે એમણે હું-મારું' અને તું-તારું એ દ્રષ્ટિથી દેશવટો આપ્યો હતો જ્યા સુધી તેમનામા હું-મારું ' નહોતુ ત્યા સુધી તે મુક્ત હતા પણ એક વાર ઘવાયેલી હરણી જોઈ એના ગર્ભમાથી સરી પડતુ બચ્ચુ જોયુ અને એમને દયા આવી ગઈ પ્રેમથી તે નિઃસહાય બચ્ચાને ઊંચકી લીધ તેને પાળીપોષીને મોટુ કરવા માડ્યુ આ બચ્ચા પ્રત્યે અનુરાગ થયો અને તે બ ધનમા પડ્યા માયામા અનુરાગ થવો એ અવિદ્યા છે માયાથી પર રહેવુ એ વિદ્યા છે આ બ ને મા-જણી બહેનો છે

(છાનામાના છેડે આવો માવના જે વહેના વહેના ઊડી)

વિદ્યા ને અવિદ્યા બન્ને બેનડી જો,
બેય પ્રભુની માયાના પ્રકાર જો (૨) વિદ્યા (૧)
વિદ્યા એ તો પ્રભુ સાન્નિધ્યે લઈ જતી જો,
અવિદ્યા એ વિમુખ છે કરનાર જો (૨) વિદ્યા (૨)

એક શેઠ મળાવતરમા ખૂબ કમાયા એક રાતે વાળુપાણી પતાવીને શેઠ શેઠાણી પરસાળમા મોટા મોટા હારપરિનોઠ કરી રહ્યા હતા

શેઠાણીએ કહ્યુ સાભળ્યુ વેપારમા તો ખૂબ કમાયા હવે...'

હવે ' કહેતા કહેતા કેમ અટકી ગઈ?

મારુ કહેવુ એમ છે કે તમે મારુ કમાયા તો ખગ હવે શાંતિથી '

ગાડી, વેપારીને વળી શાંતિ કેવી ' કમાવાની આવી તક ફરી ફરીને આવતી નથી ખૂબ કમાયા એવો સતોષ રાખીને વેપારધધો બધ કરી દઈએ તો ભૂખે મરવાનો વારો આવે ખાતા ખાતા તો રાજાના ભડાર પણ ખૂટી જાય છે વેપારધધો કરતા રહીએ થોડુ ઘણુ કમાતા રહીએ કઈક વાપરતા રહીએ એમ આ જિંદગી પૂરી કરવાની '

'મારુ પણ એ જ કહેવુ છે કઈક વાપરતા રહીએ ' શેઠાણીએ શેઠના શબ્દોને આબાદ રીતે પકડી લીધા

ને આ પૈસા વાપરતા જ રહીએ છીએને ' શેઠે જવાબ આપ્યો

નહિ આ વાપર્યુ ન કહેવાય. ભગવાને આપણને ખૂબ આપ્યુ છે તો એમાથી થોડુ ધર્મમાર્ગે વાપરીએ 'આ ગયા સો એ ગયા, દે ગયા સો લે ગયા ' અહીં ઘેર બેઠા તો કાઈ દાનપુણ્ય થવાનુ નથી આપણે ચાર ધામની જાત્રાએ જઈએ ત્યા જઈને ગગા નાહીશુ ત્યાના દાનપુણ્ય કરતા જઈશુ દાન વિના આ ધનની શુદ્ધ થવાની નથી '

શેઠ પણ શેઠાણીના કથન પર ગભીર વિચાર કરી રહ્યા માણુ

–ખ જવાળના કહ્યું 'જાતરાએ જઈએ, દાન-ધરમ કરીએ, પણ અહીં આ મારી પેઢીનું શું થાય ? ધણી વિનાના ઢોર સૂના '

'આવા ને આવા વિચાર મનમાં કરતા રહીશું તો આ જંજાળ માંથી છુટાશે નહિ. 'હાયહાય' કરતા જીવીશું ને 'હાયહાય' કરતા મરીશું લક્ષ્મી આપણને સુખ આપવા આવે છે જે માણસ સમજપૂર્વક એનો ઉપયોગ નથી કરતો તે હાથે કરીને દુ:ખી થાય છે માટે ભગવાને પાંચ પૈસા આપ્યા છે તો તેનો સદુપયોગ કરો '

'ભલે ત્યારે, જઈએ જાતરાએ જાતરાએ જતા પહેલાં આખું વરસ બરોબર પેક કરી લેવું પડશે આપણે ચાર ધામની જાતરાએ જઈએ અને આપણા ઘરની જાનનાએ કોઈ મામો આવી જાય તો આપણે સદાય જાતરાધામમાં જ ફરતા રહેવું પડે આવતી કાલે હું મારી પેઢીની વ્યવસ્થા કરી દઈશ તું આપણા ઘરની વ્યવસ્થા કરી લેજે દરદાગીના, રોકડજો કાંઈ હોય તે બધું જ પટારામાં મૂકી દેજે. '

' નાથ ' એમાં મને નહિ કહેવું પડે ' શેઠાણીએ કહ્યું

બીજે દિવસે શેઠે પેઢીના મુનીમને આખી પેઢીનું કામકાજ સમજાવી દેતા કહ્યું : જુઓ મફતલાલ ' હું આવતી કાલે જ ચારે ધામની જાતરાએ જાઉં છું બેએક મહિના લાગશે વેપારધંધો કરો તો સાચવીને કરજો. પગલું ભરો તો જોઈને ભરજો ક્યાંય અજાણતા ઊંડા ઊતરી ન જવાય. તમે તો સમજુ છો તમને વધુ કહેવાનું ન હોય '

' ભલે શેઠ ' તમનમારે નિરાંતે જાતરા કરી આવો પેઢીની તમે જરાય ફિકર ચિંતા ન કરશો ' મફતલાલે શેઠને આશ્વાસન આપ્યું

જાતરા માટે જોઈતા કારતા પૈસા લઈને શેઠ તો ઘેર આવ્યા રાતના મેનમાં તો નીકળી જવાનું હતું ઘેર આવીને જોયું તો શેઠાણી હજી સુધી આડુંઅવળું ગોઠવવામાં જ પડ્યા હતા શેઠે આકરા થતા કહ્યું 'હજી તો આનું પાછું કરવામાં જ રોકાયેલા છો નાતની ગાડીમાં નો જવાનું છે બિસ્તરા-પોટલા બાંધીશું ક્યારે ને નીકળીશું ક્યારે ? '

'તમે આટલા બધા આકળા કેમ થાવ છો ? જાતનામાં લઈ જવાનો સરસામાન જુદો કાઢી રાખ્યો છે હવે માત્ર બાંધવાનો જ બાકી છે હુમ એકલી શું કરું ? તમે તો પેઢીએ ગયા તે ગયા એમ નહિ કે લાવો આજે જરા વહેલા ઘેર જઈએ હું તો બપોરથી ભાતું બનાવું છું હજી હમણાં જ ભાતું બનાવી રહી '

' ભલે, હવે જરા ઉતાવળ કરો ' શેઠે કહ્યું

શેઠ–શેઠાણી બન્નેએ સ્ફૂર્તિથી કામ પતાવવા માંડ્યું દરદાગીના, રોકડ વગેરે કિંમતી વસ્તુઓ ગાંઠીને પટારામાં મૂકી દીધી

ગાડી ઊપડવાના સમય પહેલાં તો શેઠ–શેઠાણી સ્ટેશને પહોંચી ગયા એમના માટે જગા પણ સારી મળી ગઈ આજે તો શેઠાણીને હૈયે હરખ માતો નથી શેઠની છાતી પણ ગજગજ ફૂલવા લાગી

સીટી વાગી અને હળવા ધક્કા સાથે ગાડી ઊપડી બન્નેએ મનોમન પ્રભુને યાદ કર્યા બન્નેની મનોભૂમિમાં અનેરી કલ્પનાઓ લહેરાતી હતી દ્વારિકા જઈશું ભગવાનના દર્શન કરીશું ગોમતીમાં સ્નાન કરીશું ત્યાં ગરીબગુરબાંને દાન આપીશું એક પછી એક યાત્રાસ્થાનો સ્મૃતિપટ પરથી પસાર થવા લાગ્યાં

એનએનામાં તો કલોલનું સ્ટેશન આવ્યું ગાડી ઊભી રહી

શેઠની યાત્રાની વિચારમાળા તૂટી ચંચળ મન વગની મુસાફરીએ દોડ્યું વિચાર કરતા કરતા માર્ગ આવ્યું

'હે આપણે પેલા પટારાને ખંભાતી તાળું વાસ્યું કે નહિ?'

શેઠના આ પ્રશ્ને શેઠાણી પણ સહેજ વિચારમાં પડી ગયાં કાંઈ યાદ ન આવતું હોય તેમ બોલ્યાં 'તાળું તો જાણ્યામાં વસાવ્યું છે'

'તને બરાબર ખ્યાલ છે?' શેઠે ગભરાટમાં પૂછ્યું

'બરાબર ન કહી શકું પણ આછોઆછો ખ્યાલ છે કે માર્યું છે'

'મને એમ ખ્યાલ છે કે ગામની ગડમથલમાં આપણે પટારાને તાળું મારવાનું જ ભૂલી ગયાં છીએ' શેઠે કહ્યું

'ના, પણ મને ખ્યાલ છે ત્યાં સુધી તો તાળું માર્યું જ છે'

કલોલ સુધી તો શેઠ–શેઠાણી કલ્લોલ કરતાં રહ્યાં પણ આ તાળાની યાદે યાત્રાના આનંદ પર તાળાં મારી દીધાં થોડો સમય થાય અને શેઠ શેઠાણીને તાળું યાદ આવે અને મુખ ઉપર વિષાદની વાદળી ફરી વળે

દ્વારિકામાં આવ્યા ભગવાન દ્વારિકાનાથના દર્શન કરતાં જયઘોષ કર્યો 'દ્વારિકાધીશ કી જય' જયઘોષ કર્યો ન કર્યો અને પટારાનું તાળું યાદ આવ્યું એક સુવિચાર આ શેઠ–શેઠાણીને યાત્રાધામમાં ખેંચી લાવ્યો જ્યારે આ તાળાની યાદ શેઠ શેઠાણીને ઘર બાજુ ધકેલી રહી છે

દ્વારિકાની યાત્રા પતાવી શેઠ બેટ દ્વારિકા ગયા પોરબંદર, સોમનાથ પાટણ ગિરનાર સિદ્ધપુર અંબાજી, શ્રીનાથજી ગોકુળ વૃંદાવન હરિદ્વાર, બદરીકેદાર એમ જાત્રા કરતા કરતા કાશીમાં આવ્યા કાશીવિશ્વનાથના દર્શન કર્યાં ને બીજે જ પળે એમને પટારાનું તાળું યાદ આવ્યું

જાતગ તો મરી પણ મનમાથી તાગુ । ખરુ સુવિચાર એ વિદ્યા છે એ આપણને પ્રભુની સ મુખ લઈ જાય છે જ્યારે માયાના વિચારો અવિદ્યા છે એ આપણને પ્રભુથી વિમુખ બનાવે છે

વિદ્યા એ તો પ્રભુ–આભિમુખ્યે લઈ જતી જો,
અવિદ્યા એ વિમુખ છે કરનાર જો (૨) વિદ્યા.. (૩)
એક બને છે સહાયક જીવનરાહમા જો,
બીજી બનતી દીવાલ આ સ સાર જો (૨) વિદ્યા (૪)
બન્નેના આ ભેદ સદા સમજી જવા જો
'પુનિત' કરવો સ્થિરતાથી વિચાર જો (૨) વિદ્યા ..(૫)

ગોશોપાને ભગવાનમા સાચો અનુ ાગ હોત તો જાતગમા ઘર ન સ ભરત પણ એમને માયાપતિ કરતા માયામા વધુ અનુરાગ હતો એટ ને જાતગ કરતા કરતા પણ માયાના અદશ્ય તારે બ ધાતા જ ગયા નીકળ્યા તો છૂટા થવા પ માયાના વિચારે એ વધુ ને વધુ ગૂ ચવાયા

એને અવિદ્યા કહેવાય
જીવ સૌ કૂવે ઊતરી જાય,
પોતે પોતાથી જ ફસાય ૬૦૪

આ માયાનુ મમ જ એક છે જે જીવા મા પ્રભુની સ મુખ થવા જાય તેને ગમે તેમ કરીને પ્રભુથી દૂર ને દૂર કરવો મહર્ષિઓએ પ્રભુની માયાને ચાર હાથ કલ્પ્યા છે આ માયા પ્રભુની સ મુખ બે હાથ જોડીને ઊભી રહે છે પણ એના બીજા બે હાથ તો છૂટા ને છૂટા રહે છે જે જીવ પ્રભુની સ મુખ આવે છે તેને આ માયા એવી થપ્પડ મારે છે કે જીવ ક્યાંનો ક્યાંય જઈને પડે છે જો આપણે પ્રભુની સ મુખ પહોંચવુ હોય તો માયાદેવીની નજર ચૂકવી દેવી જોઈએ જે માયાની નજર ચૂકવી દે છે એ પ્રભુની પાસે પહોંચી જાય છે

'પુનિત' પ્રભુથી રાખે દૂર,
નિર્દય ને બહુ બહુ છે ક્રૂર
એથી લાવે દુ ખના પૂર ..૬ ૫

એક બાઈ રોજ ક્યાંમા જાય સ તોના એ ભૂખ પ્રેમી સ તને જોઈને મનનો મોરલો નાચી ઊઠે શેરીમા કોઈ સ તને જુએ કે તરત જ ત્યા દોડી જાય વ દન કરે અને નમ્રતાથી કહે દેવ અહી સુધી આવ્યા છો તો મારુ આગણુ પાવન કરો ને ?

આ સ મગી બાઈના દિલનો ભાવ જોઈને દરેક સ ત એ

અચૂક પાલન કરતા એ બાઈ સંતોનો એવો સત્કાર કરતા કે ન પૂછો વાત. જ્યારે સર્વની અંદર દિવ્યનો ભાવ પુરાય છે ત્યારે તે પ્રેમ અનેકગણો દીપી ઊઠે છે. આ બાઈ પૂરા ભાવથી સંતોનું સ્વાગત કરે. આપણે આવેલા સંતોનો સત્કાર કેવી રીતે કરવો એ આ સત્સંગીબાઈ મને અને તમને શીખવે છે.

(આની મોતી સંવાળડુંગ ... વે મરી ફરી રે બજી સે રંગીલા રણછોડ)

કરવા સંતોના સત્કાર, દિલના ભાવે ભાવે રે,
કરવા નમી નમસ્કાર, દિલના ભાવે ભાવે રે   કરવા (૧)
પડવું ચરણો માંહી દોડી, રહેવું બે હાથોને જોડી,
માનો અંતરથી આભાર, દિલના ભાવે ભાવે રે   કરવા (૨)
ચરણો ધોઈ પૂજન કરવું, ચરણામૃતને મુખે ધરવું,
કંઠે ધરવો ફૂલનો હાર, દિલના ભાવે ભાવે રે   કરવા (૩)
ઓળે મૂકી દેવું શીશ, મળશે સંતોની આશિષ
કરશે જીવન-નૈયા પાર, દિલના ભાવે ભાવે રે   કરવા (૪)
પ્રેમે ભોજન પીરસી દેવું, સેવા કાજે તત્પર રહેવું,
કરશે 'પુનિત' ઘરના દ્વાર, દિલના ભાવે ભાવે રે   કરવા (૫)

સંતો પ્રત્યે આ બાઈને એટલો બધો પ્રેમ કે ભાગ્યે જ કોઈ સંત મહાત્મા એમના પ્રેમભર્યા આમંત્રણનો અનાદર કરે.

એક દિવસ એક રમતારામ સંત એમને ત્યાં આવી ચડ્યા. સંતોને રમતારામ એટલા માટે કહેવામાં આવે છે કે સંતો તો રમતા જ ભલા.

એક અનુભવી કવિએ કહ્યું છે કે—

વહેતા પાણી નિર્મળા, બાંધ્યા સો ગંધાય,
સાધુ તો રમતા ભલા, દાગ ન લાગે કાય.

જે જે સંતો અને મહાત્માઓ સમાજની અંદર સદાય ફરતા ને ફરતા રહે છે એ જ મહાનુભાવો સમાજનું કંઈક ને કંઈક ભલું કરતા જાય છે. જે જે સાધુ મહાત્માઓ એક જ જગ્યાએ અડ્ડો જમાવીને ધામા બાંધીને બેસી ગયા ત્યાં વટેવાયો! કંઈક ને કંઈક નવાજૂની થવાની.

ગામના કોઈ મંદિરમાં કોઈ સાધુમહાત્મા ક્યાં વાચરા બેસે છે ક્યાં ક્રમના ક્રમના ત્યાં જ અડ્ડો જમાવી દે છે. પછી ધીમે ધીમે બહેનોની ઓળખાણ થવા માંડે છે. પુરુષવર્ગ તો કામધંધામાં પરોવાયેલો હોય એટલે વ્યાખ્યાનોનો વધુ લાભ તો માતાઓ જ લેતી હોય છે. રોજના સહવાસ પછી સાધુ-મહાત્માને બહેનો સાથેનો સંપર્ક વધતો જાય

છે પછી એકબીજાની ખબરઅંતર પુછાય છે સાધુ થયા પછી સંન્યાસીને સંસારીઓ સાથે ઝાઝી લપછપ શી હોય ? પહેલા તો ખબરઅંતર પુછાય 'કેમ શમ્ભુ ! તારા બબલાને તાવ તો ઊતર્યો કે નહિ ?'

જેમ જેમ સંબંધ વધતો જાય તેમ નવાજૂની થતી જાય

અંગ્રેજીમા એક કહેવત છે 'Rolling stone gathers no moss' 'પ્રવાહમા રહેતા પથરાને લીલ વળગતી નથી ' એમ સંતો સમાજના કલ્યાણ અર્થે એક ગામથી બીજે ગામ ફર્યા કરે છે એ જ સાધુપુરુષો સમાજનું વધુ ને વધુ હિત કરે છે

ચૈતન્ય મહાપ્રભુ તો ત્યા સુધી કહેતા હતા કે સાધુ બન્યા પછી સંન્યાસીએ એક ઝાડ નીચે એક રાતથી વધુ રહેવુ ન જોઈએ જો એક જ વૃક્ષ નીચે એક રાતથી વધુ રહેવાનું ગમે તો વૃક્ષ પ્રત્યે પણ માયા બંધાઈ જાય છે અને આ માયા જ તેને બંધનમા નાખે છે

માટે જ સંતસાધુઓ રમતારામ હોવા જોઈએ સંતે આવીને ગામના ઠાકરમંદિરમા અઠે દ્વારિકા કર્યું સંજના ત્યા હરિકીર્તન રાખ્યુ

સત્સંગી લોકોએ આ વાત જાણી અને પોતાના બધા જ કામ આટોપીને સવેળા ઠાકર મંદિરે પહોચી ગયા મંદિરની પરસાળમા એક પાટ ઉપર સંતે આસન બિછાવ્યુ હતુ એમની આસપાસ ગામના ભાવિક જનો અમૃતવાણીનું પાન કરવા તૃષાતુરભાવે બેઠા હતા સરગમથી સરિતાનો પ્રવાહ વહે જાય એમ સંતની વાગ્ધારા અવિરતપણે વહી રહી હતી એમની વાણી પણ એવી પ્રાસાદિક કે ભારેખમ વિષય પણ હળવો ફૂલ બની જાય સિદ્ધાન્તની પુષ્ટિ માટે દૃષ્ટાંતોનો એ છૂટથી ઉપયોગ કરતા

કથા પૂરી થઈ એટલે સૌ શ્રોતાઓ સંતને નમન કરીકરીને ઘર તરફ વળ્યા બધાના વિખરાયા પછી સૌથી છેલ્લે સત્સંગીભાઈ આવ્યા સંતચરણમા માથુ મૂકી કહ્યુ 'મહારાજશ્રી આપની વાણી સાંભળીને હું તો કૃતકૃત્ય થઈ ગયો કૃપા કરીને મારે ત્યા પુનિત પગલા કરો '

માનવની વાણી દ્વારા અંતરની ભાવનાનો અનુભવ થાય છે વાણી એ માનવનુ ધર્મમિટર છે કોઈ માનવ સ્વભાવે કેવો છે એ એની વાણી પરથી પરખાઈ જાય છે માનવના મુખમાથી જ્યારે વાણી સરવા માડે છે કે તરત જ તેના જાતિ કુળ અને સ્વભાવ પરખાઈ જાય છે માનવે દેખાવ ભલે ગમે તેવો કર્યો હોય વાણી તેને તેના અસલ રૂપમા પ્રગટ કરી દે છે કોયલ અને કાગડો બન્નેનો વાન કાળો જ હોય છે પણ જ્યાં એ બોલવા માડે છે કે તરત જ પરખાઈ જાય છે

અચૂક પાલન કરના એ બાઈ સંતોનો એવો સત્કાર કરતા કે ન પૂછો વાત જ્યારે કાર્યની અંદર દિલનો ભાવ પુરાય છે ત્યારે તે કામ અનેકગણું દીપી ઊઠે છે આ બાઈ પૂરા ભાવથી સંતોનું સ્વાગત કરે આંગણે આવેલા સંતોનો સત્કાર કેવી રીતે કરવો એ આ સત્સંગીબાઈ મને અને તમને શીખવે છે ।

(આરી મેંથી સંભાવહેર, ગાવે ફરી ફરી રે.. ભજી લે રંગીલા રણછોડ)

કરવા સંતોના સત્કાર, દિલના ભાવે ભાવે રે,
કરવા નમી નમસ્કાર, દિલના ભાવે ભાવે રે... કરવા .. (૧)
પડવું ચરણો માંહી દોડી, રહેવું બે હાથોને જોડી,
માનો અંતરથી આભાર, દિલના ભાવે ભાવે રે....કરવા... (૨)
ચરણો ધોઈ પૂજન કરવું, ચરણામૃતને મુખે ધરવું,
કંઠે ધરજો ફૂલનો હાર, દિલના ભાવે ભાવે રે....કરવા....(૩)
ખોળે મૂકી દેવું શીશ, મળશે સંતોની આશિષ,
કરશે જીવન-નૈયા પાર, દિલના ભાવે ભાવે રે....કરવા... (૪)
પ્રેમે ભોજન પીરસી દેવું, સેવા કાજે તત્પર રહેવું;
કરશે 'પુનિત' ઘરના દ્વાર, દિલના ભાવે ભાવે રે... કરવા.. (૫)

સંતો પ્રત્યે આ બાઈને એટલો બધો પ્રેમ કે ભાગ્યે જ કોઈ સંત મહાત્મા એમના પ્રેમભર્યા આમંત્રણનો અનાદર કરે

એક દિવસ એક રમતારામ સંત એમને ત્યાં આવી ચડ્યા સંતોને રમતારામ એટલા માટે કહેવામાં આવે છે કે સંતો તો રમતા જ ભલા

એક અનુભવી કવિએ લખ્યું છે કે—

વહેતા પાણી નિર્મળા, બાંધ્યાં સો ગંધાય,
સાધુ તો રમતા ભલા, દાગ ન લાગે કાય.

જે જે સંતો અને મહાત્માઓ સમાજની અંદર સદાય ફરતા ને ફરતા રહે છે એ જ મહાનુભાવો સમાજનું કંઈક અંશે ભલું કરતા જાય છે જે જે સાધુ-મહાત્માઓ એક જ જગ્યાએ અડ્ડો જમાવીને ધામા નાખીને બેસી ગયા ત્યાં વહેલામોડા કંઈક ને કંઈક નવાજૂની થવાની.

ગામના સાર્વજનિક મંદિરમાં કોઈ સાધુમહાત્મા કથા વાંચવા બેસે છે ત્યાં ફરતા ફરતા ત્યાં જ અડ્ડો જમાવી દે છે પછી ધીમે ધીમે બહેનોની ઓળખાણ થવા માંડે છે પુરુષવર્ગ તો કામધંધામાં પરોવાયેલો હોય એટલે કથાવાર્તાનો વધુ લાભ તો માતાઓ જ લેતી હોય છે રોજના સહવાસ પછી સાધુ-મહાત્માને બહેનો સાથેનો સંપર્ક વધતો જાય

છે પછી એમની જાતની ખબરઅંતર પુછાય છે સાધુ થયા પછી મ માસીને મ સારીઓ સાથે ઝાઝી લપઝપ કરી હોય ? પહેલા તો ખબરઅંતર પુછાય 'કેમ શકરી ! તારા બળવાને તાવ તો ઊતર્યો ને ?

જેમ જેમ સબંધ વધતો જાય તેમ નવાજૂની થતી જાય

અંગ્રેજીમા એક કહેવત છે 'ROlling stone gathers no moss પ્રવાહમા વહેતા પથ્થરને લીલ વળગતી નથી ' એમ સંતો સમાજના કલ્યાણ અર્થે એક ગામથી બીજે ગામ ફર્યા કરે છે એ જ સાધુપુરુષો સમાજનું વધુ ને વધુ હિત કરે છે

ચૈતન્ય મહાપ્રભુ તો ત્યા સુધી કહેતા હતા કે સાધુ બનયા પછી સંન્યાસીએ એક ઝાડ નીચે એક રાતથી વધુ રહેવુ ન જોઈએ જો એક જ વૃક્ષ નીચે એક રાતથી વધુ રહેવાનુ ગમે તો વૃક્ષ પ્રત્યે પણ મમતા બંધાઈ જાય છે અને આ મમતા જ તેને બંધનમા નાખે છે

માટે જ સંતસાધુઓ રમતા રામ હોવા જોઈએ સંતે આવીને ગામના ઠાકરમંદિરમા આઠે દ્વારિકા કર્યું રાતના ત્યા હરિકીર્તન રાખ્યુ

સત્સંગી લોકોએ આ વાત જાણી અને પોતાના બધા જ કામ આટોપીને સવેળા ઠાકર મંદિરે પહોચી ગયા મંદિરની પરસાળમા એક પાટ ઉપર સંતે આસન બિછાવ્યુ હતુ એમની આસપાસ ગામના ભાવિક જનો અમૃતવાણીનુ પાન કરવા તૃષાતુ થઈને બેઠા હતા ઝરણાથી સરિતાનો પ્રવાહ વહ્યે જાય એમ સંતની વાગ્ધારા અવિરતપણે વહી રહી હતી એમની વાણી પણ એવી પ્રાસાદિક કે ભારેખમ વિષય પણ હળવો ફૂલ બની જાય. સિદ્ધાંતની પુષ્ટિ માટે દૃષ્ટાંતોનો એ છૂટથી ઉપયોગ કરતા

કથા પૂરી થઈ એટલે સૌ શ્રોતાઓ સંતને નમન કરીકરીને ઘર તરફ વળ્યા બધાના વિખરાયા પછી સૌથી છેલ્લે સત્સંગીભાઈ આવ્યા સંતચરણમા માથુ મૂકી કહ્યું મહારાજશ્રી આપની વાણી સાંભળીને હુ તો કૃતકૃત્ય થઈ ગયો કૃપા કરીને મારે ત્યા પુનિત પગલા કરો '

માનવની વાણી દ્વારા અંતરની ભાવનાનો અનુભવ થાય છે વાણી એ માનવનુ થર્મોમિટર છે કોઈ માનવ સ્વભાવે કેવો છે એ એની વાણી પરથી પરખાઈ જાય છે માનવના મુખમાથી જ્યારે વાણી સરવા માડે છે કે તરત જ તેના જાતિ કુળ અને સ્વભાવ પરખાઈ જાય છે માનવે દેખાવ ભલે ગમે તેવો કર્યો હોય વાણી તેને તેના અસલ રૂપમા પ્રગટ કરી દે છે કાગડો અને કોયલ બંનેનો વાન કાળો જ હોય છે પણ જ્યા એ બોલવા માડે છે કે તરત જ પરખાઈ જાય છે

કોયલ ને કાગડો, વાને વરતાયે નહિ,
જીભલડીમાં જવાબ, સાચું મોઢીઓ ભણે

સત્સંગી ભાઈની સ્નેહનીતરતી વાણી સાંભળતાં જ સંતે તેનું ભક્ત હૃદય પરખી લીધું. વિના આનાકાનીએ આમંત્રણ સ્વીકાર્યું.

આકાશમાંથી સૂર્યનારાયણ પૃથ્વી પર છેલ્લેછેલ્લું ડોકિયું કરી રહ્યા હતા. સંધ્યા મહારાણી સોનેરી ચૂંદડી ઓઢીને મરક મરક હસી રહી હતી. મંદમંદ પવન વાઈ રહ્યો હતો.

સંતને લઈને આ ભાઈ પોતાને ઘેર આવ્યા. આંગણામાં ઢોલિયો ઢાળીને ઉપર ગાદલું પાથર્યું. સંતને માટે ભોજનનો બંદોબસ્ત કરવા એ ભાઈ ઘરમાં ગયા.

આજે પડખા શેરીનાં નાનાં છોકરાંઓ ભેગાં થયાં હતાં. એક છોકરાએ પૂછ્યું: 'કહો, આજે આપણે કઈ રમત રમીશું?'

'ખો... ખો... રમીએ.' એક છોકરાએ પ્રસ્તાવ મૂક્યો.

'હજી ગઈ કાલે તો આપણે ખો... ખો... રમ્યા છીએ. રોજ ને રોજ એકની એક રમત શી રમવી?'

'ત્યારે 'દાવ દાવ ટપલી' રમીએ.'

'દોસ્ત, આ દાવમાં તો દાવ દેનાર માથે એવા જોરથી ટપલી પડે છે કે ન પૂછો વાત. માથામાં ટપલી મારવી સારી નહિ.' એક ચબરાક છોકરાએ દલીલ સાથે એ વાત કાપી નાખી.

'ત્યારે એમ કરીએ, આપણે જૂની અને જાણીતી લાકડીના ઘોડાની રમત રમીએ. કેમ, બધાનો શો અભિપ્રાય છે?'

'હા, બરાબર. ઘણા દિવસથી આ રમત રમ્યા નથી.'

સૌ છોકરાઓએ એકમત થઈને આ પ્રસ્તાવ વધાવી લીધો.

ઢોલિયામાં બેઠા બેઠા સંત છોકરાઓની આ બધી વાત સાંભળતા સાંભળતા માળા ફેરવી રહ્યા હતા.

છોકરાઓએ લાકડીના ઘોડાની રમત શરૂ કરી. સંત ધ્યાનપૂર્વક આખી રમત જોઈ રહ્યા હતા. એટલામાં સત્સંગી ભાઈએ આવીને કહ્યું:

'આવો, વાળુ કરી લઈએ. પછી આપણે નિરાંતે બેસીશું.'

સંતે માળાને ડોકમાં નાખી હાથપગ ધોઈ વાળુ કર્યું. વળી પાછા ઢોલિયામાં આવીને માળા ફેરવતા બેઠા.

હવે તો છોકરાઓની રમત બરાબર જામી હતી. સત્સંગી ભાઈ પણ ઘરકામથી પરવારીને સંતની પાસે આવીને બેઠા. વાતમાંથી વાત

નીરુભાના આ ભાઈએ પૂછ્યુ "બાપજી ! આજની કથા સાભળ્યા પછી મને પણ એક પ્રશ્ન પૂછવાનુ મન થઈ ગયુ છે."

"પૂછો ને ! એમા મુઝાઓ છો શા માટે ? મને તો ની મગજનાથી હુ આપને સમજાવવાના પ્રયાસ કરીશ પછી તો જેવી હરિ-ઈચ્છા."

"મહારાજ ! આજે કથામા માયા વિષે જે સમજાવ્યુ આપી છે એ મને ખુબ ગમી ભગવાનની માયા ખરેખર અજબ છે એનાથી તો સદાય દૂર રહેવુ."

(હું તો આવુ છુ તારી પાસે રે વિઠ્ઠલા ! આવુ છુ રે આવુ છુ)

તારી માયાને બે હાથ જોડુ, રે માવડી ! દૂર રહેજે, દૂર રહેજે,
હું તો એનાથી બાર ગાઉ દોડુ, રે માવડી ! દૂર રહેજે
રોજ નવાજૂની બહુ કરતી એ તો ન્યારી ને ન્યારી ફરતી
કોઈને આપે ને કોઈનુ હરતી રે માવડી ! દૂર રહેજે
એ તો ઊડે છે અદૃશ્ય પાખે, ખોટા મૃગજળ દેખાડે આખે,
જળને સ્થળમા ફેરવી નાખે, રે માવડી ! દૂર રહેજે
એનો સ્વભાવ છે ખટપટી, એની વાતો બધી અટપટી,
'પુનિત' સૌને કરાવે ચટપટી રે માવડી ! દૂર રહેજે

"મહારાજ ! આપની વાત તો ખરેખર સાચી છે આ માયાની પકડમાથી જેમ જેમ છૂટવા મથીએ છીએ તેમ તેમ વધુ ને વધુ તેના મોહપાશમા લપેટાતા જઈએ છીએ તો શુ આ માયાની પકડમાથી છૂટવાનો માર્ગ સહેલો ક્યો ખરો કે નહિ ?"

નાનજી ભાઈનો પ્રશ્ન સાભળવા છતાય જાણે એમને આ વાર્તામા કંઈ સમજ ન હોય તેમ બધુ જ ધ્યાન છોકરાઓની રમતમા કેન્દ્રિત કર્યુ પછી થોડી વાર રહીને કહ્યુ "ભાઈ એમ કરો આપનો પ્રશ્ન આવતી કાલ પર મુલતવી રાખીએ આજે તો મને આ છોકરાઓની રમત જોવામા ખૂબ રસ પડ્યો છે આવી રમત મે કદી જોઈ નથી છોકરાઓ આ શાની રમત રમી રહ્યા છે ?"

"મહારાજ ! આ તો ખૂબ જૂની અને જાણીતી રમત છે હુ પણ નાનો હતો ત્યારે આ રમત રમતો આ રમતનુ નામ છે 'ઘોડો ઘોડો પાણી પીતા છૂટ મૂક' આ રમત કેવી રીતે રમાય છે એ જરા વિગતે સમજાવુ એટલે તમને પણ સહેલાઈથી સમજાઈ જશે ઓટલા ઉપર બેઠેલો છોકરો મોટો છે એનુ નામ 'ડાહી' એ છોકરાએ એનુ સ્થાન છોડવાનુ નહિ 'ડાહી'ની સામેનો છોકરો બીજા એક છોકરાની આખ દાબે

છે. જે છોકરાની આખ દાબવામા આવે છે એનુ નામ 'ગાડી' જ્યારે 'ગાડી'ની આખ દાબવામા આવે છે ત્યારે રમત રમી રહેલા બધા છોકરાઓ શેરીના ખૂણેખાચરે સતાઈ જાય છે પછી ડાહી ગાડીને 'ડાહીનો ઘોડો, પાણી પીતો છૂટ....મ' 'કહીને છૂટી મૂકી દે છે. ગાડી ખૂણેખાચરે સતાયેલા છોકરાઓને પકડવા માટે ચોગરદમ દોડે છે. ગાડીને જોતા જ છોકરાઓ મૂઠીઓ વાળીને ડાહી બાજુ દોડે છે ગાડી છોકરાઓને પકડવા માટે પાછળ પડે છે જો દોડતાં દોડતા કોઈ પણ છોકરો ગાડીના હાથે પકડાઈ જાય તો એ હાર્યો કહેવાય પરંતુ જો છોકરાઓ ગાડીની નજર ચુકાવીને ડાહીની નજીક પહોચી જાય એ જીત્યો ગણાય આ જીતેલા છોકરાઓને ફરીથી દાવમા ઉતરવુ ન પડે બસ, આ રમત આમ રમાય છે.'

રમત તો ખૂબ સુદર છે હવે મને યાદ આવે છે, કે નાનપણમા હુ પણ આ રમત રમ્યો હોઉં પણ રમતનો ભાવ જાણતા આખો ચિતાર મગજમા આવી ગયો છોકરાઓની રમતો નિર્દોષ હોય છે હા.... હવે આપણે જ્ઞાનની વાત માડીએ તમે મને શુ પૂછ્યુ ?" સતે વાતનો દોર સાધતા પૂછ્યુ

'મહારાજ' મારો પ્રશ્ન એ હતો કે માયામાથી મુક્તિ મેળવવાનો સહેલો ને સરળ ઉપાય કયા ?"

'ભાઈ' આપનો પ્રશ્ન ખૂબ ગહન છે કહો, શાસ્ત્રને આધારે સમજાવુ કે ઘરગથ્થુ ભાષામા સમજાવુ ?"

'મહારાજ' ઘરગથ્થુ ભાષામા જ સમજાવો ને 'ઘરગથ્થુ ભાષામા સમજાય છે એટલી સરળતાથી શાસ્ત્રની ભાષામા સમજાતુ નથી'

જ્યારે હુ કાશી ગયો હતો ત્યારે કાશીમા ભજન રાખેલુ ભજન સાભળવા ઘણા લોકો આવેલા કાશીના મોટા મોટા પડિતો પણ આવેલા ત્યારે મે ભજનમા કહ્યુ કે, 'મને શાસ્ત્રોનો અભ્યાસ નથી મને જે કઈ આવડ્યુ છે તે માત્ર રામનામના પ્રભાવથી જ આવડ્યુ છે'

જ્યારે ભજન પૂરુ થયુ ત્યારે પાચસાત પડિતો મારી પાસે આવ્યા અને કહ્યુ 'મહારાજ' અમને ખૂબ નવાઈ લાગે છે. અમે બાર બાર વરસ સુધી કાશીમા રહીને શાસ્ત્રોનો અભ્યાસ કરીએ છીએ દરેક વિષયની શાસ્ત્રીય રીતે છણાવટ કરીએ છીએ છતા, અમે કથા કરવા બેસીએ છીએ ત્યારે સાભળનારા ઈન, મીન ને સાડાત્રણ જ હોય છે જ્યારે

૪ આપના ભજનમા તો માનવ માતુ નથી શાસ્ત્રોનો અભ્યાસ ન હોવા

જ્યારે આપ લોકહૃદયને કેવી રીતે જીતી શકો છો ? અમે આપનું નામ તો સાંભળેલું અમને એમ કે 'પુનિત' મહારાજ તો શાસ્ત્રના જાણકાર હશે, પણ આપે તો વગર શાસ્ત્રે દુનિયાને ડોલાવી દીધી છે '

મે કહ્યું 'ભાઈઓ ! મે ભજનમા જ કહ્યું હતું કે મારી પાસે જે કાંઈ છે તે પ્રભુનામનો પ્રભાવ છે હું જે કાંઈ બોલુ છુ એ એની હૂંફ થી બોલુ છુ ખરેખર, મને શાસ્ત્રોનુ કંઈ જ્ઞાન આવડતું નથી '

'ત્યારે અમારામા ને તમારામા આટલો બધો ફરક કેમ ? અમને શાસ્ત્રોનો અભ્યાસ છે, છતાંય લોકોને અમારી કથામા રસ નથી પડતો. ને તમારી કથામા તન્મય થઈ જાય છે એનું કારણ શું છે ?'

'મુખ્ય વસ્તુ તો પ્રભુનામસ્મરણ છે. બીજી વાત છે લોકહૃદયને સમજવાની. તમે કથામા જે કાંઈ કહો છો તે પંડિતાઈને લક્ષમા રાખીને કહો છો સાંભળનારા બધા જ કંઈ પંડિત હોતા નથી તેનો વક્તાએ ખ્યાલ રાખવો જોઈએ કથા સાંભળનારામાના મોટા ભાગના સામાન્ય લોકો જ હોય છે સામાન્ય જ્ઞાન ધરાવનાર વર્ગ ઘણો મોટો છે આ લોકોની કક્ષા સમજીને જ વક્તાએ કથા કરવી જોઈએ પંડિતો પાસે ભાગવત કે ગીતાના શ્લોકો બોલીએ તો તે સમજી શકે, પણ એ શ્લોકો ગામડિયા પાસે બોલીએ તો કંટાળીને ઊઠી જાય માટે તેમની પાસે સીધી અને સરળ ભાષામા ભજનો અને દૃષ્ટાંતો કહેવા જોઈએ ઘરગથ્થુ ભાષા મા અપાતો બોધ બધાને રુચિકર લાગે છે મારા ભજનમા ઘણા લોકો આવે છે એનું કારણ હવે સમજાયું ને ?'

કાશીના પંડિતોને મારી વાતમા તથ્ય લાગ્યું આ સત્સંગી ભાઈએ પણ કહ્યું 'બાપજી ! શાસ્ત્રીય રીત કરતા ઘરગથ્થુ ભાષામા જ સમજાવો '

'ઘરગથ્થુ ભાષામા સમજાવું આપે મને જે રમતની રીતનો સમ જાવી તે ડાહીના ઘોડાની રમતમાથી જ આપના પ્રશ્નનો ઉત્તર મળી રહે છે જે ડાહી છે તે પરમાત્મા પોતે. જે ગાંડી છે તે પરમાત્માની માયા રમત રમનારા છોકરાઓ સંસારના જીવો આ સંસારરૂપી વિશાળ ચોગા-નમા સર્વ જીવો પોતપોતાની મસ્તીમા મસ્ત બનીને નાચે છે ને કૂદે છે પરમાત્મા પાસેથી છૂટેલી માયા ગાંડીતૂર બનીને સંસારના જીવોને પોતાની નાગચૂડમા ફસાવવા દોડે છે જે જીવો ગાફેલ રહે છે તેને માયા પોતાની નાગચૂડમા સપડાવે છે

જ્યારે પરમકૃપાળુ પરમાત્મા પોતાની માયાને સંસારમા છૂટી મૂકે છે ત્યારે ઢંઢેરો પીટીને કહે છે 'હે સંસારના જીવો ! મારી માયા તમને

સામાન્ય જીવ અને યોગભ્રષ્ટ જીવમા આટલો ફરક હોય છે આપણે માતાના ગર્ભમા હતા ત્યારે ગર્ભવાસના દુઃખોથી છૂટવા પ્રભુને કંઈ કંઈ મનામણા કર્યા હતા 'નાથ' કૃપા કરીને મને અહીંથી છોડાવ જન્મ ધર્યા પછી કદી ય નહિ ભૂલુ '

પ્રભુ એવો દયાળુ છે કે આપણા વચન ઉપર વિશ્વાસ રાખીને ગર્ભવાસના દુઃખોમાથી આપણને મુક્તિ આપે છે ભગવાનને મન એમ કે જીવ આટઆટલુ કરગરે છે તો હવે સીધો ચાલશે, મને હરહંમેશ યાદ કરશે પણ આપણે એવા નગુણા છીએ, કે જન્મનારાર પ્રભુને કહી દઈએ છીએ કે 'હું આ હું આ પ્રભુ' હવે હું અહી અને તું ત્યાં હવે ફરીથી બીજા જન્મમા તારી પાસે આવવાનુ થશે ત્યારે જોયુ જશે'

હુ આ હુ આ તુ તો કરતો, જનમતા વાર,
સઘળુ તો રહી ગયુ પ્રભુને દરબાર, તારો સમય સુધાર

જીવાત્મા જ્યારે જન્મ ધારણ કરે છે ત્યારે રડતા રડતા હું . આ હું આ કરે છે એ શબ્દો અર્થસૂચક છે 'હું અહી અને તુ ત્યા'

શુકદેવજી તો યોગભ્રષ્ટ જીવ હતા પ્રભુને મળવા માટે એ ઝંખી રહ્યા હતા એ સમજતા હતા કે સંસારમા રહીશ તો સંસારના સ્નેહમા જકડાઈ જઈશ અને પરિણામે ભવબંધનમા પડવુ પડશે માટે અગમચેતી વાપરીને અહીંથી નાસવા દે'

જન્મતાવેંત શુકદેવજીએ ભાગવા માંડયુ બીજાનુ તો ઠીક પણ પુત્રના વિયોગથી માતૃહૃદયમા કેવી વેદના થાય એ કદી વિચાર્યુ છે !

(વહાલા ' તારો વિયોગ (૨) સાચુ ઓષધ મ માગ (૨) .)
માના હૈયા ચિરાય (૨) પુત્ર-વિયોગમા,
ચૂરેચૂરા થઈ જાય (૨) પુત્ર-વિયોગમા .. માના .. (૧)
આંખોના આંસુ તો સુકાઈ જાતા,
ભડકે બળે સદાય (૨) પુત્ર-વિયોગમા . માના.. (૨)
સંસારની વાટ એને સૂની રે લાગે,
બાવરી માતા થઈ જાય (૨) પુત્ર-વિયોગમા માના (૩)
પ્રાણો તો કંઠમા આવીને બેસે,
જીવતી મરી એ જાય (૨) પુત્ર-વિયોગમા ..માના ...(૪)
'પુનિત' પ્રેમ એ માનો અવિચળ,
પ્રેમમા ફના થઈ જાય (૨) પુત્ર-વિયોગમા ...માના (૫)

શુકદેવજીની માતા અરણીદેવી દીકરાને જતો જોઈને આકુળવ્યાકુળ

થઈ ગયા વ્યાસજી પાસે આવીને વ્યગ્ર સ્વરે પ્રાર્થના કરવા માંડી
નાથ ! આપણો પ્યારો શુકદેવ મને છોડીને ચાલ્યો જાય છે એને જરા સમજાવો અને રોકો '

' દેવી ! શુક તને ખૂબ વહાલો છે ? '

એમાં પૂછો છો શું ! દીકરાથી વધુ વહાલું બીજું કોણ હોઈ શકે ? '

(મુખડાની માયા લાગી રે મોહન ! પ્યારા ચેતે તો ચેતાવું તને રે)

બાળુડો આંખોનો તારો રે, માવલડીને,
પ્રાણ થકી એ તો પ્યારો રે માવલડીને ...બાળુડો [૧]
બાળુડાનું માથું દુખે સૂવે નહિ માડી સુખે
શોક-છાયા ઢળે મુખે રે માવલડીને બાળુડો [૨]
પુત્ર જો તરછોડી નાખે, અવિવેકી વર્તન દાખે,
પ્રેમ કેરા અશ્રુ આંખે રે, માવલડીને બાળુડો [૩]
'પુનિત' એ પ્રેમ એવો, પુત્રોએ વિચારી લેવો,
પૂરો બદલો આપી દેવો રે, માવલડીને બાળુડો [૪]

દેવી ! આપણને જે વધારે વહાલું હોય તે તો પ્રભુને અર્પણ કરવું જોઈએ મનથી તું એને પ્રભુને અર્પણ કરી દે પછી તને દુઃખ નહિ થાય '

નાથ ! એ બધી વાત છોડો અને શુકદેવની પાછળ દોડો વન વગડામાં એ ક્યાં જશે ? એને પગમાં કાંટા વાગશે એ દુઃખી દુઃખી થઈ જશે કૃપા કરી એને સમજાવીને પાછો બોલાવી લાવો '

દેવી ! એ તો જરા વિચારો કે જે જે મનાવે તે સંસારનો પડછાયો લેવા તૈયાર નથી એના દિલમાં કેવો વૈરાગ્ય હશે ! મારી સમજાવટથી એ પાછો ફરશે ખરો ? '

નાથ ! એને કહેજો કે અમે તને લગ્ન કરવા આગ્રહ નહિ કરીએ પણ તું અહીં ઘરમાં રહે એટલે બસ શુકદેવ મારી આંખ સામે રહેશે તો મને આનંદ થશે

અરણીદેવીની વાતમાં કંઈ તથ્ય જણાતાં વ્યાસજી શુકદેવજીની પાછળ દોડ્યા આગળ આગળ શુકદેવજી ચાલ્યા જાય છે પાછળ પાછળ વ્યાસજી દોડ્યા દોડ્યા આવે છે કહે છે શુક ! પાછો વળ, પાછો. અમને છોડીને તું ક્યાં જાય છે ? તું ચાલ ઘેર ચાલ અમે તને સંસારની બેડીમાં જકડીશું નહિ ત્યાં ઘરમાં રહેજે અને પ્રભુભક્તિ કરજે '

શુકદેવજી તો ક્યાંયે વગડામાં અલોપ થઈ ગયા અને ત્યાંથી જવાબ આપ્યો

'હવે કોણ માતા ને કોણ પિતા? આ જીવ અનેક જન્મોમાં પુત્ર બન્યો અને બનેલા માતપિતા બન્યા. રામનાને સર્વને આ જન્મમરણના ચક્રમાં ફરતા ફરે છે એમ ન સમજે? છે કે આ જન્મ અને ગત જન્મ વચ્ચે માયાનો પડદો પડી જાય છે, તેથી જીવને પૂર્વજન્મ યાદ નથી આવતો. ગત જન્મમાં તમે મારા પુત્ર હશો અને હું તમારો પિતા નહિ હોઉં તેની શી ખાતરી? પિતા-પુત્ર, માતા-બહેન અને બંધુના આ બધા સંબંધો મિથ્યા છે. નાશવંત છે. આપણા સર્વેનો સાચો પિતા પરમેશ્વર છે.'

(ચેને તે ચેનાનું નને રે, ચની નુ જાને .... મુખડાની માયા લાગી રે...)

દિલમાં વિચારી જોજે રે, કોણ છે કોનું ?
અંતરે ઉતારી લેજે રે, કોણ છે કોનું ?
કોના પિતા, કોના માતા, કોના સુત ને કોના ભ્રાતા,
સહુએ આવીને જાતા રે, કોણ છે કોનું ? દિલમાં....(૧)
મા-બાપ કહે 'બેટો મારો, આકાશનો જેવો તારો,'
ખરેખર એ ખરનારો રે, કોણ છે કોનું ?.. દિલમાં..(૨)
પત્ની કહે છે, 'મને વરિયો, એ તો મારો પ્રેમદરિયો;'
દરિયો તો ખારો ભરિયો રે કોણ છે કોનું ?. દિલમાં(૩)
બહેની કહે, 'મારો વીરો, અજોડ અમૂલો હીરો;'
ઝેરથી છે એ ભરેલો રે, કોણ છે કોનું ? .. દિલમાં....(૪)
વીરો કહે, 'મારી બેની, ગુલાબની રૂડી વેલી,'
વેલી તો કાંટાભરેલી રે, કોણ છે કોનું ?.. દિલમાં (૫)
લોહ જેવા મન મેલા, માનો જેને સગાવહાલાં.
સમયે તો બને ભાલા રે કોણ છે કોનું ? દિલમાં....(૬)
'પુનિત' લ્યો હાથ માળા, મૂકી દો આ ચેનચાળા,
સાચા સગા બ સીવાળા રે, કોણ છે કોનું ?...દિલમાં. (૭)

'અને મેં તો માતા પિતા આગળ નક્કી કર્યું છે કે સંસારના સર્વ સ્નેહીઓ એકમાત્ર સ્વાર્થના સગા છે. એક સાચો સ્નેહી તો ફક્ત શામળિયો છે. તમને ખબર ન હોય તો, લ્યો, એની ઓળખાણ આપું.'

(તુ તો મેલ મારી રસના .મધુ નામ હરિનું ઘૂંટી લે .... કાલિંગડો)

એક સાચો સગો મારે શામળિયો,
એ તો ઓઢે છે કાળી કામળિયો .... એક .... (૧)
ગાત દહાડો એનું હસતું મુખડું,

દાત દીસે દાડમ-કળીઓ એક (૨)

અણિયાળી આંખે અમૃત ઝરતુ,

હૈયે પ્રેમ તણો દરિયો એક (૩)

દર્શન કરતા ભાન ભુલાને,

કાનકુવર એ કેસરિયો એક (૪)

સમર્પણ માર જનમોજનમનુ,

'પુનિત' આ ભવમા મળિયો એક (૫)

મે એવો સગો શોધી કાઢ્યો છે, જે સુખમા ને દુ ખમા સદાય સાથે ને સાથે રહે આપ તો વેળના સાના છો સાથીઁ સગાઓનુ ચિત્ર તમારી પાસે હુ શુ દોરી બતાવુ ? જીવનમા જે જ સગા થતા આવે છે તે બધા સુખના સાથી છે જ્યારે જીવનમા દુ ખમા ફસાય છે ત્યારે સૌ ઊચા હાથ કરીને દૂર ખસી જાય છે

(ચેતે તો ચેતાવુ તને રે ચિત્તમા વિચારી જોને રે)

સગા સૌ સુખડાના સાથી રે, નોધી લો હૈયે,

દુ ખડામા આઘા જતી રે, નોધી લો હૈયે (૧)

વાત સાચી છે જ્યા સુધી આ ... જેમ છે ત્યા સુધી જ સૌ ... ... છે ... ...

મમ ... પડે છે

સૌ સૌની જાતી ઉપર હાથ રાખીને વિચારી જુઓ જવાબ આપવાની કઈ જ જરૂર નથી તોફાનથી ઘેર બેઠા હો ત્યારે પહેલાના જેવુ ... ... છે ખરુ ? અરે જમવા બેસે ત્યારે ભાણામા કડાકીઓ પછાડે અને ... ... મન ભેદ ગણાય છે આ તો જ્યા સુધી આત્મા ... ... છે ત્યા સુધી જ પ્રેમભરી ... રખાય છે ... ને ... ... છે આ સ્નેહ છે એ તો ઉપરનો-દેખાવનો છે

દેખાડે નહિ જાત જુદી સ્વાર્થ સધાતા સુધી,

પછી કરશે વાત ઊધી રે, નોધી લો હૈયે (૨)

ભરવાડ જ્યારે ગાય ને ભેસને દોહવા બેસે છે ત્યારે ઢોર વધુ દૂધ આપે ને આશયથી તેની સામે ખાણ ચૂરમુ વગેરેનો ટોપલો મૂકે છે ગાય ભેસ ... ... બની જાય છે અને પોતાનુ ... દૂધ છૂટે

મૂકી દે છે બત્તાર સૂર્નિયી ભણુ દૂધ દોહી લે છે આપ–એ સના અ ચ
ણમા ટીપું ય દૂધ ન રહે એ રીતે તરત જ તેના મોઢા આગળ મૂકે,
બાજુનો ટોપનો પાછો ખેંચી લે છે પછી તે ગાયને અને એક કાછિયો
ય બતાવા દેતા નથી એમ જ્યાં સુધી સુખના સાધનો આપના સીધાં તો
સુધી સગાસંબંધીઓ ઘરમાં આપનું માન જાળવશે પણ જ્યાં આપણે
લાચાર થઈ ગયા કે તરત જ બધાના મનોભાવ ફરી જવાના પછી તો
ઘરની સ્ત્રી પણ મોઢું મચકોડીને બોલવાની. 'ભજથા ! તારા બાપાને તો
બગાડવાની ટેવ પડી છે એમના બોલવા સામું તું શું કામ જુએ છે !'
લાભ લેતા હોશે હોંશે, પ્રસંગે અળગું એ લેશે,
માણસાઈ સઘળી એ ખોશે રે, નોંધી લો હૈયે ... (૩)
કરવાના 'હાજી, હાજી,' રાખો જ્યાં લગી રાજી રાજી,
નહિ તો પલટાશે બાજી રે, નોંધી લો હૈયે .... (૪)
અનુભવ આ સમજાવે, કોઈયે નહિ કામ આવે,
'પુનિત' પ્રભુ બચાવે રે, નોંધી લો હૈયે . (૫)

મોહમયી મુંબાઈ નગરીમાં એક સંત પધાર્યા હતા ચાતુર્માસના ચાર મહિના માધવબાગમાં એમનાં પ્રવચનો ગોઠવાયાં હતાં. શી એમની વાણી ! જાણે અમૃતવાણી. ત્યાંથી પસાર થતા નગરવાસીઓને કાને પણ એમના બેચાર શબ્દો પડી જાય તો આગળ ડગ માંડવાનો વિચાર ન થાય એવું એમની વાણીનું વશીકરણ અઠવાડિયા-દશ દિવસમાં તો આખા મુંબઈમાં આ એક જ વાત ચર્ચાતી રહી હતી એક વાર જેણે એ સંતનું પ્રવચન સાંભળ્યું તેને બીજે દિવસે પણ ત્યાં ગયા વિના ચેન પડતું નહિ આખું મુંબઈ એમની વાણી ઉપર મુગ્ધ બની ગયું હતું

સંતનાં પ્રેરક પ્રવચનો સાંભળવા રંકથી માંડીને રાય સુધીના તમામ લોકો આવતા કસ્તુરી જેમ જેમ વધુ પક્વ બને છે તેમ તેમ તેની સુવાસ વધુ ને વધુ ફેલાય છે એમ આ સંતની સુવાસ પણ જોતજોતામાં ચોગરદમ ફેલાઈ ગઈ

એક દિવસ હરિદાસ શેઠની પુત્રવધૂ દેવદર્શન કરવા માધવબાગમાં ગઈ ત્યાં જઈને જોયું તો માધવબાગની બધી પગથીઓ ખીચોખીચ ભરાઈ ગઈ હતી પરંતુ ખુલ્લું ચોગાન પણ માનવમેદનીથી ચિક્કાર ભરાઈ ગયું હતું ક્યાંય ઊભા રહેવા જેટલી જગ્યા નહોતી સૌ શ્રોતાઓ ભક્તિભાવે કથા સાંભળી રહ્યા હતા

હરિદાસ શેઠની પુત્રવધૂ પણ નદીસગને માટે પ્રવચન સાંભળવા

ઊની મ્હીં મ તના શબ્દોની જાદુઈ અસર થઈ રોજ પ્રવચન સાંભળવા આવવાનો તેણે મન સાથે નિશ્ચય કર્યો

બેચાર દિવસ સુધી પ્રવચનો સાંભળ્યા પછી તેણે પોતાના પતિને અભિપ્રાય આપ્યો 'વેપાર તો રોજ કરવાનો છે માધવબાગમાં એક સંત આવ્યા છે એમની વાણી સાંભળવા જેવી છે આવો લ્હાવો ફરીફરીને નહિ મળે સમજ્યા ?'

'ચાલો ત્યારે કાલે હું પણ સાથે આવીશ '

બીજે દિવસે નંદકુમાર પણ પત્ની સાથે સંતનું પ્રવચન સાંભળવા ગયો સંત તો સૌને સંબોધીને કહી રહ્યા હતા 'સંતો અને મહાપુરુષો જનસમાજ પાસે પોતાનો અનુભવ મૂકે છે અનુભવમાં નર્યું સત્ય ભર્યું હોય છે માનવને અનુભવ થતો નથી ત્યાં સુધી સત્યદર્શન થતું નથી મહાપુરુષો પોતાનો અનુભવ કહે છે સંસારમાં માનવના જે જે સગાવહાલા છે એ સર્વે સ્વાર્થના સગા છે માનવનું સૌથી નિકટનું સગપણ એની માતા સાથેનું છે એમ કહેવાય છે કે મા બાળકને માટે પોતાની જાન ન્યોછાવર કરી નાખે છે પણ એમાંય ક્યાંક ક્યાંક સ્વાર્થ ડોકિયા કરતો હોય છે

કમાતો દીકરો ડાહ્યો, વહાલી દૂઝતી ગાયો,
ઝૂકી ઝૂકી સલામો કોને ? આવે જો શાણીનો જાયો,
એ સલામો માનવીને નહિ, લક્ષ્મીને સલામો છે,
જ્યાંજ્યાં જુઓ જઈ જગતમાં સૌ લક્ષ્મીના ગુલામો છે

તિજોરીઓ તર હોય તો બધા ય સલામો કરે શેઠનું મોઢું ભલેને માખ પૂર્યા જેવું હોય છતાંય લોકો તેમને સલામો ભરે છે જો કે એ સલામો શેઠના મોઢાને નહિ પણ એમની તિજોરીને હોય છે

એક શેઠને લોકો રોજ સલામો ભરે શેઠ સમજુ હતા ગરીબમાંથી અમીર થયા હતા એ સમજી ગયા 'જ્યારે હું ગરીબીમાં સબડતો હતો ત્યારે મારો કોઈ ભાવ પણ પૂછતું નહોતું અને આજે બધા સલામો ભરી રહ્યા છે સમયની બલિહારી છે ને !'

એક દિવસ એક ભાઈએ લળી લળીને સલામો ભરી એ સલામો પાછળ નર્યો સ્વાર્થ ડોકિયા કરી રહ્યો હતો શેઠ સમજી ગયા ધીમેથી કહ્યું 'તારી સલામો હું જરૂર પહોંચાડીશ '

પેલાને એમ થયું કે, શેઠે આપણી સલામ ધ્યાનમાં લીધી છે આજકાલમાં આપણું કામ પાર પડી જશે

બીજે દિવસે પેલાએ સલામ કરી એટલે શેઠે એટલી જ શાંતિથી

કહ્યુ   આપણી મનાનતુ હર પહેનડીથ'
પણ બાઈ તો અચ શાના બાનમા ડુબી ગો આ તે કેવી વાત '
નહિ મા ણ આમ કર્યું અને આજ પન આમ કહે છે '
શીમજીને રૂચુ   ગેમ કેમ ' નતામ તો હુ તમો તેનાને
નદુ ૬ પછી બીજા કોને પડા ણી આપ વાન કરો છો !
હુ ક્યા ! આ મનામ મ ા મને બરો છો !
હાલના બીજા કોને બરી આ દુ ત્યારે !
'હોય નહિ ર ર રહેત ત્યારે માગી મે પુરી નકામ પણ
નહોતી ત્યારે કોઈ માગ ગ ડ પણ ર તુ નહેતુ એ મો જ મવાનો
થતી હોત ને એ વખત પ આપ મો નતામ કરવા આવન પરતુ એ
વખતે ુજ નોહન મ ગા હોતો સામાન્ય જગનો હતો. બાઈ ' એ
તો નિયતો ર છ ન ' નાખ િનાનો ન થિો તે નાણે નાથ થાત
ઠના જી હોય તો છોગનાથ નહિ ન પછી છોડિ આપ જે મનામો
નના છો એ મને નહિ, ન માગી નિ ગેગીને અગ છો મે આપની બરી
મનામા પહેરાવડી દીધી છે
માને પહેરાવડી છે ' કમાન નર બાઈ એ પૂછ્યુ
' મને ન મળી નિજોગને બીજા કેમને નહિ સમજવા ' આમા
ભિમ દરમ્યાન જે જે તોકા મને મનામા બરે છે એ બધી મવામો
માટે નિ નેગીદેરી અમ રના જૂ ની કરુ છુ '
ગુનાબી મમગ માઈને મ રવામ પડી ભાવ તે દાડી ઊપર વગ્યા
પડે એમ એ બાઈનુ મા પડી ગયુ
મતા ીરા અને ગેરિશાઓ ને એમ માને ક આ બધી મનામો
અમને શાય છે પણ ત્ય એ નીન મૂને છે જ્યા સુધી હાથમા થી અને
મના છે ત્યા સુધી જ તોકો મનામા ભ ગે પછી તો સામે થૂકશે ય નહિ
અમનના મિ ધ પ્રાનમા જ્યારે ભગવાનનો વરઘોડો નીકળતો ત્યારે
ગ ા ઉ ારની અ માડીમ ભગવાનને બેસાડવામા આવતા પછી ભગ
વાનને આખા નગરમા ફેરવવામા આવતા બાદિક લોકો પ્રેમથી દર્શના
થે ઊતરી પ ના.
એક વખત ભગવાનનો વરઘોડો નીકળ્યો ગધેને સરસ રીતે
શણગારવામા આ ા એના ઉપર સુદર અમાડી મૂકી અ દર ભગવાનને
હાથાહાથી પધ ાવ્યા વાજતેગાજતે વરઘોડો નીકળ્યો,
ચોકે ને ચૌટે ભગવાનના દર્શન કરવા લોકોની ભેગી થઈ જે

કહ્યુ   આપની સલામ હું જરૂર પહોંચાડીશ '

પનો ભાઈ તો આજ શાના સાગરમા ડૂબી ગયો આ તે કેવી વાત ! ગઈ કાલે પણ આમ કહ્યુ હતુ અને આજે પણ આમ કહે છે !

ધીમે ધીમે નેણે ફરકે 'શરમ રહેવા ! સલામ તો હું તમને પોતાને ભરું છું પછી બીજા કોને પહોંચાડવાની આપ વાત કરો છો ?"

શુ કહ્યુ ? આ સલામ આપ મને ભરો છો ?"

ત્યારે બીજા કોને ભરી રહ્યો છુ ત્યારે ?"

હોય નહિ સાચ વાત પહેલા જ્યારે મારી પાસે ફૂટી બદામ પણ નહોતી ત્યારે કોઈ મારા પડછાયા પણ માપતું નહોતુ એ મને જ સલામો થતી હોત તો એ વખતે પણ આપ મને સલામ કરવા આવત પરંતુ એ વખતે હું જગમોહન શેઠ નહોતો સામાન્ય જગનો હતો ભાઈ ! એ તો દુનિયાનો રિવાજ છે ને ! નાણા વિનાનો નાથિયો ને નાણે નાથાલાલ જેના જેવી હોય તો છોગાલાલ નહિ તો પછી છોટિયો આપ જે સલામો ભરો છો એ મને નહિ, પણ મારી તિજોરીને ભરો છો મે આપની બધી સલામો પહોંચાડી દીધી છે

કોને પહોંચાડી છે ?" કમાને વરજ ભાઈએ પૂછ્યુ

'કોને તે મારી તિજોરીને બીજા કોઈને નહિ સમજ્યા !' આખા દિવસ દરમ્યાન જે જે લોકો મને સલામો ભરે છે એ બધી સલામો સાંજે તિજોરીદેવી સમક્ષ સાદર રજૂ કરી દઉં છુ '

ગુનામી કરતા કમાઈને જેમ શ્યામ પડી જાય ને દાઢી ઉપર વળગી પડે એમ એ ભાઈનુ મોં પડી ગયુ

સત્તાધીશ અને શેઠિયાઓ ભલે એમ માને કે આ બધી સલામો અમને થાય છે પણ ત્યા એ ભીંત ભૂલે છે જ્યા સુધી હાથમા શ્રી અને સત્તા છે ત્યા સુધી જ લોકો સલામો ભરશે પછી તો સામે થૂંકશે ય નહિ

અમથના સિધ્ધપુરમા જ્યારે ભગવાનનો વરઘોડો નીકળતો ત્યારે ગણેશ ઉપરની અંબાડીમા ભગવાનને બેસાડવામા આવતા પછી ભગવાનને આખા નગરમા ફેરવવામા આવતા ભાવિક લોકો પ્રેમથી દર્શનાર્થે દોડી જતા.

એક વખત ભગવાનનો વરઘોડો નીકળ્યો ગધેડાને સરસ રીતે શણગારવામા આવ્યો એના ઉપર સુંદર અંબાડી મૂકી અંદર ભગવાનને હાથમાંથી પધરાવ્યા ત્યારે વરઘોડો નીકળ્યો,

ચોરે ને ચૌટે ભગવાનના દર્શન કરવા લોકમેદની ભેગી થઈ, જે

મઝાની પથારી પાથરીને દીકરાને સુવાડ્યા માથે બામ ઘસી આપ્યો ઘરગથ્થુ દવા કરી પણ તાવ ન હઠ્યો બીજે દિવસે ગામમાંથી કોઈ મારા વૈદની દવા લઈ આવી. બે-ચાર દિવસ સુધી વૈદના ઓસડિયા પાયા પણ હઠીલા હનુમાનની જેમ તાવે જરાય મચક ન આપી. ઉત્તરોત્તર તાવનું પ્રમાણ વધતું જ ગયું

વૈદની દવાથી તાવ ન ઊતર્યો એટલે એક અનુભવી ડોક્ટરની દવા શરૂ કરી ડોક્ટરે ઘેર આવીને નાડી જોઈ કહ્યું માડી ! ભાઈને તો સાધારણ તાવમાંથી ટાઈફોઈડ થઈ ગયો છે માથા ઉપર સતત બરફ ઘસ્યા કરો દરદીને પથારીમાંથી સહેજ પણ આઘોપાછો કરશો નહિ જેટલી કાળજીથી માવજત કરશો એટલો કેસ વહેલો સુધરશે '

ડોક્ટર તો મનોઆશ્વાસન અને દવા આપીને ચાલ્યા ગયા આ તો માનો જીવ ડોક્ટરે કહ્યા પ્રમાણે ખૂબ જ કાળજીથી માવજત કરવા માડી ઘરમાં બીજુ કોઈ હતુ નહિ બધુ જ કામ માજીને જાતે જ કરવુ પડતુ

આ તો મુદતિયો તાવ બરોબર એકવીસમે દિવસે ઊતરી ગયો

હવે ડોશીના જીવને કંઈક ધરપત થઈ

ડોશીને એકવીસ એકવીસ દિવસના સળંગ ઉજાગરા થયા હતા થાકીપાકી ડોશી સોડ તાણી ખાટલો ઢાળી સૂતી એકવીસ દિવસના ઉજાગરાથી ડોશી તો પડતાવેત ઊંઘી ગયા

હવે બન્યું એવુ કે બરોબર આ જ ટાણે પડોશીનો એક રખડુ પાડુ છૂટયુ એને પીઠ પર ચળ આવતી હશે તે પીઠ ખંજવાળવા માટે ડોશીના ખાટલા નીચે સળવળ સળવળ થવા માડયુ એટલે ડોશી એકદમ જાગી ગયા નીચે વળી જોયુ તો પાડુ

ડોશીએ મનમા વિચાર કર્યો હં આ તો યમરાજાનું વાહન પાડો ! કહો ન કહો દીકરાને મોટા ઘરનુ તેડુ આવ્યુ લાગે છે પણ આ તો યમરાજ જ ભીંત ભૂલ્યા લાગે છે માંદુ માણસ ઘરમા છે અને એ આવીને ઊભા છે મારે ખાટલે ભૂલથી મને તો નહિ ઉપાડી જાય ને !

યમરાજા આવી ભૂલ ન કરી બેસે એટલે ડોશીએ આંખ પર હાથ મૂકીને કહ્યુ યમબાપા માંદા માણસનો ખાટલો તો ઘરમા છે હું તો માવ સાજીનરવી છુ ભા

જોયુ ને ! આ મા દીકરા માટે જાન ઘસી નાખનાર મા જેવી મા પણ સમય આવ્યે અળગી થઈ જવાની

વડીલોને એના બચ્ચા પ્રત્યે કટલો બધો સ્નેહ હોય છે ! વાહરી

ત્યારે પોતાના બચ્ચાને છાતીએ વળગાડેલુ ને વળગાડેલુ રાખે છે જાણે કે એમ જેવુ જણાય કે તરત જ બચ્ચુ દોડીને માની છાતીએ વળગી પડે છે અને બચ્ચાને લઈ ને વાદરી ઝાડ પર ચડી જાય છે વાદરી પોતાની જાત નિચોવીને બચ્ચાને પયપાન કરાવે છે

વાદરી અને બચ્ચાનો આવો વિરલ સ્નેહ જોઈ ને આપણને એમ થઈ જાય છે, કે જ્યારે બચ્ચુ સકટમા આવી પડે ત્યારે વાદરી પોતાનો જીવ આપી દેવા તત્પર બનતી હશે

વાદરીનો બચ્ચા પ્રત્યે કેવો સ્નેહ છે એ જાણવુ છે ? એક હોજમા વાદરી અને તેના બચ્ચાને બેસાડો પછી ધીમે ધીમે પાણી ભરવા માડો વાદરી બચ્ચાને બચાવવા હાથમા ઝાલીને પોતાના નાક સુધી પાણી ન આવે ત્યા સુધી ઊભી રહેશે જ્યા પોતે ડૂબવા માડે કે તરત ઊચુ રાખેલુ બચ્ચુ પગ તળે દબાવી દેશે અને એના ઉપર ઊભી રહીને વાદરી એટલી ઊચી થશે અને પોતાનો જીવ બચાવવાનો પ્રયત્ન કરશે જોયુ ને, માનો પ્રેમ ક્યા સુધી ? પરતુ . જ્યા સુધી આપણી આખ પર માયા અને મમતાના પડળ બાઝ્યા છે ત્યા સુધી આ સત્ય સમજવાનુ નથી

અણી વેળાએ કોઈ આડુ નહિ આવે,
આડો ધરે નહિ હાથ [૨] શામળા ! સાચો તું એક છે . [૩]
નજરે નિહાળુ, પણ ગળે ન ઊતરે,
ધોળે દહાડે દીસે રાત [૨] શામળા ! સાચો તું એક છે .. [૪]
ખોટુ તે સાચુ, ને સાચુ તે ખોટુ,
મનડાની ઊંધી છે વાત.[૨] શામળા ! સાચો તું એક છે [૫]
'પુનિત' નહિ છૂટે પોતાના જોરથી,
ખેચીને પકડી લે હાથ [૨] શામળા ! સાચો તું એક છે.. [૬]

જ્યા સુધી આપણે મોહમમતાની આધીમા ફસાયા છીએ ત્યા સુધી આ સ્વાર્થી સગાઓની પિછાણ થવાની નથી જ્યારે મારો અને તમારો અતસમય આવશે ત્યારે સૌ પોતપોતાનું સાચુ પોત પ્રકાશશે

(બાણાસુરની નગરીમા ગડગડિયા નિશાન રે ઓખાહરણનો રાગ)

દુનિયાના આ દેવળિયામા, કાળ તણો ઘંટ વાગ્યો રે ભાઈ !
એના રે અવાજે જીવડો જાગિયો રે .. દુનિયાના [૧]

અત્યારે અમે ગમે તેટલું સમજાવીશુ છતા કોઈ સમજવાનું નથી જીવાત્મા મૃત્યુશૈયા પર પડશે ત્યારે અ તરની આખ ખૂલી જશે. સ ત પોતાની પ્રેરક વાણીમા ઉપદેશ આપી રહ્યા હતા સ તનો

એકએક રાત આનંદોના દિવસમાં ગાળતી જેમ રાગને દનો નકુમાર
પણ આત [રા] નતની આયુ જેવું - આ દના સ્વામીજીએ પડક દેહ,
પ્રભાવમાંથી મુક્ત અને બંધન રહેલા એને આપ્યું રહ્યા

જનતી રાગમાના આખ્યડિતપણે રહી નીકળી : 'અત્યારે અમે
જીવાત્માને સ્ગોર્ડીસ નો મ નદિ ત્રણ અને અનસમજે વગર ડયે આપો
આપ ત્રણી જ્યાં પ્રભુ ત્યાગનું જગતુ કરવાનું કહે

જ્યાર આ દેહ– દેહગમા મનુનો રટ વાગશે ત્યારે—'

જાગ્યો જાગ્યો નિદ્રામાંથી, [ત્યાં] ભાગી ગયા સૌ સાથી રે ભાઈ
અટૂલી વેળાએ જીવડો એકલો રે .. દુનિયાના ..[૨]

જેમ ચિતારાઓ પોતાની પીંછીથી ચિત્ર ચીતરે છે એમ કવિઓ
પોતાની કલ્પનાના રંગે શબ્દચિત્ર દોરે છે

અનસમજે જીવાત્માની જ્યાં કેવી દશા હોય છે એનું આ સુંદર દૃશ્ય છે

અનસમજ જીવ જ્યારે અસહ્ય દુઃખ અનુભવતો હોય છે ત્યારે
કહેવાતા સૌ સગા વહાલાંઓ એની આસપાસ ટોળે વળીને બેસે છે

જીવને બહુ બહુ થાયે દુઃખ, સૌની ચાલી રડાફૂટ રે ભાઈ!
જીવડાની ગતિ તો જીવડો જાણતો રે... દુનિયાના. [૩]

પચીસ વરસનો જુવાનજોધ દીકરો મૃત્યુપથારીએ પડ્યો હોય છે
ત્યારે વહાલી માતા પણ રડાકૂટના સિવાય કાંઈ કરી શકતી નથી

જીવના વ્હાલસોયા જે માતા, એ તો સ્વારથના ગીત ગાતા રે ભાઈ
લાંબો રે છેડો કાઢી આલાપતા રે દુનિયાના ..[૪]

ભજનની આ કડીમાં 'આલાપતા' શબ્દ હેતુપૂર્વક વાપર્યો છે
'આલાપ' સંગીતનો શબ્દ છે જ્યારે મોતનું મરણ થાય છે ત્યારે સંગીત
ના જલસાની જેમ રડવા–કૂટવાનો જલસો જામે છે ગવૈયાનો તાન તૂટે,
પણ બહેનોનો આ તાન ન તૂટે રડવા–કૂટવામાં કોઈ બહેનથી ભૂલચૂક
થઈ જાય અને તાલમાં ભંગ કરે તો કોઈ મંડળમાંથી બોલી ઊઠે છે.

હાય હાય બહેન, આમ કેમ ગાવ છો ?'

રડવાકૂટવામાં પણ એવું તાલબદ્ધ સંગીત ચાલે છે કે સાંભળનારો
પણ બે ઘડી ઠરી જાય એમાં ય જ્યારે નાજિયો ઉપાડે છે ત્યારે તો
આખાય વાતાવરણમાં શોકનો સન્નાટો છવાઈ જાય છે

આ જલસામાં ત્રણ વિભાગ હોય છે સૌથી વચ્ચેના કુંડાળામાં
મરનારના ખૂબ નિકટના સ્નેહીસંબંધીઓ હોય છે એ પછી જરા દૂરના
સગા હોય છે પહેલા ને બીજા કુંડાળાની બહેનો આમ તો એક જ લાગે,

પણ ખૂ ર ઝીણવટથી જોઈએ તો ૮ એ બે વચ્ચેની ભેદરેખા તદ્દન
ઝીણી વચ્ચે જે ભેદ હોય છે તે સ્નેહીના વિયોગ ખથી સાચા ભાવ
થી પોતાની છાતી ફૂટી નાખે છે મીત કુ ટાવાથી રહેવા ઠાની ફૂટે
ખરી અવાજ પણ થાય પણ તેઓ ૭ની ફૂટવાને બદલે છાતી પાસે
બે હાથને અફાળીને ચવા ૮ ક તી હોય છે દેખાવ તો તેઓ પણ સ્નેહી
ન વો જ કરે છે ૮ ૬ અનરમા આન દ મ ા હોય છે આવા સ્નેહીઓને
મરનાર ન ફરી વારમામા ક ઈક મળતુ ગાય છે તેને લીધે આન દ થતો
હોય છે પ ૬ નાક રૂણાએ શાક્નો દેખાવ ક્વો પ ના હોય છે
છેવા કુ ટામ આગેવીઓપા ટીઓ આખશરમી આવ્યા
હોય છે તે બ ગનો ૂટવાનો દેખાવ કરે છે પણ હકીકતમા બ ને હાથ
પહોળા કરીને કની હોય છે ‘આ મતુ ક્યારે નિ મ ળશે ?’
મરનારની માના રડવા ૂ ત્મા સિવાય ક ઈ કરી શકતી નથી હવે
આવે છે એનો પાલક પિતા
જીવના પાલક જે છે બાપા એ તો ફોગટ મારે ફાંફા રે ભાઈ!
વૈદ અને ગેક્ટરને તેડા મોકલે રે દુનિયાના [૫]
ડોક્ટરને તેડાવવા સિવાય જીવનો પિતા પણ ક ઈ કરી શકતા નથી
ત્રીજે ન બરે આવે છે એની જીવ દમ ગાથી પ ની
જીવના ‘સુખ–દુ ખ કેરી ભાગી’ એ તો ડૂસકા ખાવા લાગી રે ભાઈ
કરમની કઠણાઈઓ ત્યા તા ચાલતી રે દુનિયાના [૬]
આવે સમયે સૌથી વધારે કફોડી સ્થિતિ હોય છે તેની ધમ પ નીની
એ તો અહી વાડેરમા માણસમરતની મર્યાદાનો લોપ થતા છે હજી સોગ
ધૂમ નો એટલી જ નાજમર્યાદા છે પાતાનો જીવનમાથી મોગ ગામનરે’
ઊપડવાની તૈયારી રતો હોય ત્યારે પણ તે છૂટે મોએ રડી શકતી નથી
એના અનરમા વેદનાની આગડી કરતી હોય જ્યા એ બીજુ કાઈ કરી
શકતી નથી ખૂણામા બેડી બેડી માત્ર ડૂસકા ભરે છ એ એ વિચાર
અકળાવે છે કે એમના ગયા પછી આ ઘ મા મારુ શુ ? એમના વિના
મારી િજ દગી કઈ રીતે જશે ?
હવે મામ અને મામીની પરિસ્થિતિ જોઈએ
જીવના કાકા અને કાકી એ તા જોઈ રહ્યા છે તાકી ર ભાઈ!
મિલકતની ગડમથલ દિલને કોરતી રે દુનિયાના (૭)
જ્યારે જીવ મૃત્યુની અસહ્ય વેદના ભોગવી રહ્યો હોય છે ત્યારે
એના પિતરાઈઓના દિલમા મિલકતની ગડમથલ ચાલતી હોય છે

ક્યારે એનો મૃત્યુનંટ વાગે, આખો મીંચાય અને અમે એ૦રે ખભાતી તાળા લગાવીએ ઘણે ઠેકાણે બને છે પણ એવુ જીવાત્મા ફાની દુનિયાનો ત્યાગ કરે છે અને સ્વાર્થી સગાઓ તેને ત્યાનો ત્યા પડતો મૂકીને દોડાદોડ કરવા માડે છે, મિલ્કત પર કબજો જમાવવા ઘણી વાર તો હુંસાતુંસીમા એકબીજાના માથા ફૂટી જાય છે અરે જેની મિલ્કત ખાવાની હોય છે તેનુ શબ પણ એક–બે દિવસ રઝળી પડે છે'

સઘળુ કુટુબ ટોળે વળિયુ, 'લો, લો' એમ સૌ વદિયું રે ભાઈ!
વહીને જીવડાને હેઠે નાખિયો રે . દુનિયાના.. (૮)

જીવાત્માને જે સો ઝોંમો આવે છે ત્યારે સૌ સગાઓ પથારીમાથી ઊંચકીને ચોકે નાખે છે મરતો મરતો ય પથારી અભડાવતો ના જાય'
આ તો સ્વાર્થ હાડોહાડ,પ્રગટચા પૂર્વજનમના પાપ રે ભાઈ!
જવાની વેળાએ સઘળુ લઈ લીધુ રે દુનિયાના.. (૯)

સ્વાર્થી સબંધીઓની વિકટ મનોવૃત્તિ તો જુઓ ' પથારીમાથી ચોકે નાખે અને એમા ય આગળીએ કોઈ વેઢ રહી ગયો હોય તો તરત જ ઉતારી લેવાનો જેણે જિંદગીભર કમાઈ કમાઈને એકઠુ કર્યુ તેની સાથે પાવલીભારનો વેઢ પણ નહિ જવા દેવાના અરે, કદાચ વેઢ ન નીકળે તો નિર્દયતાથી ખેચી કાઢતા પણ અચકાતા નથી—પછી ભલેને આગળી છોલાઈ જાય બધા સગા સમજે છે હવે એને ક્યા દુ ખ થવાનુ છે? પાવલીભાર વેઢની ક્યા વાત કરવી, દાતની બે દોરાભાર સોનાની રેખ રહી ગઈ હોય તો પથરા વડે દાત તોડીને એ રેખ કાઢી લેવાના કોઈ એમ કહે 'ભાઈ' આટલી રેખ માટે શુ કામ આમ કરો છો?'

ત્યારે દાવકુ મો રાખીને કહેવાના 'રસિકભાઈ' તમે હજી સમજતા નથી આ રેખની કિંમતનો સવાલ નથી, પણ આ રેખ રહી જાય તો એમનો જીવ આટલા સોનામા રહી જાય અને એ અવગતિમા થાય.'

સ્વાર્થી સગા એમ નથી કહેતા કે 'એનો નહિ પણ અમારો જીવ આટલા સોનામા રહી ગયો છે'

સોનાનો ભાવ રોજબરોજ આકાશને આબી રહ્યો છે એની અંદર ખાને સોમણુ હોય છે

જીવ જ્યારે આ ફાની દુનિયાનો ત્યાગ કરીને જાય છે ત્યારે માએ જણ્યા હતા એ સ્થિતિમા લાવીને મૂકી દે છે આવ્યા'તા પણ નવસ્ત્રા અને જવાનુ પણ નવસ્ત્રા

આવ્યા નગન ભાઈ! જાવુ નગન,

કોનો છગન ? ભાઈ! કોનો મગન ?

જીવાત્મા જન્મે છે ત્યારે સગાઓને હરખ કેવો હોય છે ? તેને અનેક વસ્ત્રો ને દરદાગીનાથી નવાજી નાખે છે પરંતુ જાય છે ત્યારે—

આવ્યો ત્યારે ઝભલા ને ટોપીઓ અપાય,
જતી વેળા તારું બધું લૂંટી રે લેવાય, તારો સમય સુધાર (૯)

સંતે સૌને ઢંઢોળતા કહ્યું 'ભાઈઓ ! સંસાર આવો સ્વાર્થી છે છતાંય, કોણ જાણે કેમ, આપણે બધા મમતાના અદૃશ્ય બંધનમાં જકડાઈ રહ્યા છીએ'

સંતનો એકએક શબ્દ નંદકુમારના હૈયામાં બાણની જેમ વાગી રહ્યો હતો સંત કહે છે તે ખરેખર સત્ય હશે ! મને તો એવું જરાય લાગતું નથી 'મારો દીકરો' 'મારો દીકરો' કહીને મારા માતાપિતા તો અડધા અડધા થઈ જાય છે હું જન્મ્યો નથી હોતો ત્યાં સુધી તો એ જાણતા નથી ત્યારે સાચું શું ? સંત કહે છે એ કે હું અનુભવું છું એ ?

એવી ખોટી જગની માયા, તેમાં જીવો શું ફસાયા રે ભાઈ!
એવો રે સમય તો એક દિન આવશે રે દુનિયા (૧૦)

નંદકુમારના મનમાં મહામંથનનો વંટોળ ઘૂમી રહ્યો સંતનો એક એક શબ્દ નંદકુમારની ચેતનાને ઢંઢોળી રહ્યો હતો જરા સ્વસ્થ થતા નંદકુમારે ધ્યાનપૂર્વક સાંભળવા માંડ્યું

'માટે હજુ પણ કહું છું કે ચેતો જ્યાં સુધી માયા છે નાજી, હાથમાં છે બાજી, ત્યાં સુધી કરી લો રામને રાજી'

'પુનિત' રામ સદા સંભારો, સમય અંત તણો સુધારો રે ભાઈ!
અંત સમયની વેળા બહુ દોહ્યલી રે દુનિયા . (૧૧)

સંતનું પ્રવચન પૂરું થયું 'વાહ વાહ' કરતા લોકો પણ વિખરાયા છતાં ય નંદકુમાર ત્યાં મૂઢની જેમ ઊભો હતો એના ચિત્તતંત્ર ઉપર સંતના શબ્દો ઘણની જેમ ઠોકાઈ ગયા હતા એમાંથી ઉત્પન્ન થતા વિચારવર્તુળોમાં તે ગૂંચવાઈ રહ્યો હતો 'શું મારી માતાનો પ્રેમ પણ સ્વાર્થનો છે ! શું બધા જ સગા સ્વાર્થના ! માતા–પિતા, ભાઈ–બહેન, પત્ની બાળકો બધા જ . નહિ ...નહિ આવું તો કદી બને જ નહિ' આ વિચાર આવતા જ નંદકુમારનું મસ્તક ધૂણી ઊઠ્યું

નંદકુમારની પત્નીએ નંદકુમારને વિચારતંદ્રામાંથી ઢંઢોળતા કહ્યું 'હવે અહીં ક્યાં સુધી ઊભા રહેશો ? હું તો નરનારાયણના દર્શન કરીને આવતી પણ હતી મને એમ કે તમે મોટરમાં જઈને બેસી ગયા હશો

પણ તમે તો અહીંના અગ્નિ ઊભા છો ભાઈ, મહાત્મા પણ આવા બધા લોકો કંઈ વિખનાઈ ગયા જમનાનો રખેવાળ થઈ ગયા છે'

'ધૈર્ય દા દા નાનો' વિચારમગ્નમાંથી જાગ્રત થતાં નંદકુમારે તરત સમય માગ્યા એ મોઢાના એહેર, પણ એના દેખાવમાં સ્વાર્થી જગ એનું ચિત્ર ઘૂમી રહ્યું હતું

નંદકુમાર જમવા બેઠા પણ તેમાંમાં આનંદ ન આવ્યો. 'તબિયત ઠીક નથી' એમ કહીને પેટી ... જમવાનું પડતું મૂકી દીધું અને એ પથારીમાં પડ્યા પણ મખમલની એ પથારી પણ એને ... આપી શકી નહિ

બપોરે ત્રણ વાગે એ ... એનો ... કોઈ મહાત્માની પાસેથી ... સરનામું લઈને મહાત્માની પાસે પહોંચી ગયો. મહાત્માને વંદન કરીને નંદકુમાર એક બાજુ બેસી ગયો. વિચારમગ્ન દશામાં નંદકુમારને જોતાં મહાત્માએ પ્રેમથી પૂછ્યું 'ભાઈ! અત્યારે અહીં કેમ આવવું થયું? આપ કોઈ ગંભીર વિચારમાં ડૂબેલા હો એવું આપની મુખાકૃતિ પરથી જણાય છે. કહો મને શું પૂછવા આવ્યા છો?'

સ્વામી! નંદકુમારે મહાત્માના ચરણમાં ... વંદના કરી

આજ સવારે મેં આપનું પ્રવચન સાંભળ્યું એ સાંભળ્યા પછી મારા મનમાં થોડી શંકા જાગી છે ... સમતિ ... કહું'

'ભાઈ! મુમુક્ષુ જીવોની શંકાનું સમાધાન કરવા તો અમે હંમેશ તૈયાર રહીએ છીએ. જે શંકા હોય તે ખુશીથી પૂછો.'

'સ્વામીજી! આજ સવારે પ્રવચન સાંભળ્યા પછી મનમાં મહા-મંથન જાગ્યું છે. શું આ બધા સગાંવહાલાં સ્વાર્થી છે? માતાપિતા-પત્ની-ભાઈ-બહેન-મિત્રો બધાં શું સ્વાર્થનાં સગાં છે? મને લાગે છે કે આપના પ્રવચનમાં ... ભૂલ થતી હોવી જોઈએ ... ના અનુભવથી એમ કહું છું કે મને જે જે સગાઓનો સાથ મળ્યો છે એ ખરેખર ઉત્તમ છે'

ભાઈ! પ્રવચનમાં જે વાત મેં મૂકી છે તેમાં અસત્યની જરા પણ છાંટ નથી. સંસારના સર્વ સંબંધો સ્વાર્થી છે. ...-મામા પ્રેમાળ ... પાસે હોય તો ખાવાના તેમની મીઠી મીઠી વાતથી તને એમ લાગતું હશે કે આ બધા સગાઓ મારા માટે પ્રાણ પાથરે એવા છે પણ સમય આવે ત્યારે આ સગાઓ હાથ ઊંચા કરીને અળગા થઈ જવાના માટે પડી રહે એ જ વહેવાર ... એ ... જૂનો નિયમ છે

(પાપી તણો તો ઉદ્ધાર (૨), મેરે ગુરુ ... ( ))
સ્વાર્થિયો છે સંસાર (૨) કોઈનું કોઈ નથી રે,

વાણીનો વૃથા વિસ્તાર (૨) કોઈનું કોઈ નથી રે (૧)

જુવાનજોધ ત્વો પુત્ર મ મ પામે છે યાર મ તાપિતા ચોધાર અ મુએ રડે છે એનુ મ । એ છે ક તેમના મ મ એ દાનનું ઙખ િય છે કે આજસુધી એને પૈસા ખચી ને ભણાવ્યોગણ્યો તો અને ફ ી આપ વાનો સમય થયો ત્યારે અડધે રસ્તે રઝળાવીને ચાલ્યો ગયો અમે મૂડી ને રોકી ફળ ન મળ્યો માતાપિતાનો આ દાનનું ખ થાય છે

મા-બાપ રડતા મૂડી ગુમાવી,
બ૦ નો ન મળ્યો વગાર (૨) કોઈનું કોઈ નથી રે [૨]
પત્ની રડે ભોગ-વિલાસ માટે,
અ ગના ગયા શણગાર (૨) કોઈનું કોઈ નથી રે [૩]
મિત્રો રડે સૌ પોતાના કામને,
ગયો અમારો સહકાર (૨) કોઈનું કોઈ નથી રે [૪]
'પુનિત' રડે સૌ આશાને કારણે
જતે દહાડે ભૂલનાર (૨) કોઈનું કોઈ નથી રે [૫]

જુવાન નેપ જેવો દીકરો મ ણ પ મ્યા પછી મ ન પિના પ ની, આર્ય બહેન એ બધ ૮ ચાર ૭ ક આઠ મહિનાનો શોક પાળે િમ વીતના જાય છે તેમ તેમ એ નું ન નો ન ા છે ક્રમ ગુના િ એ ૮ માના અ નનો શો ા પ । ત ી નવી તેની ને (માના ૮ આઠ મહિને તેઃ કોઈ શુન પ્રમ ગે મિત્ર ન આપવા મળી જાય છે મહિના પ ય મસ્યુ પામેના દુરની હદ નગ્થી ચ પ કુ તને નથી આરતી ઝે આનાથી વધુ નારે ક ઈ મ નગ તુ છે ? મ ને નદકુમારને પૂછ્યુ

સ્વામીજી આ તની વાત ન ાય મ ગી ક । પણ મારા માના પિત પ ની કે ભાઈબહેન એવા નથી આ બધ ને મા ર ઉ ાર એવા પ્રેમ છે ક ન કુઠો વ ન પેક વખત મ ી નાત આવે ા ત્યારે વરન ે દિ મ ને કોઈએ પા રેતુ દિ નાત જનો ત્યાં ઉ વ દેહ ો રે

માર્ક જય. સુ ી ને મ મ ી ન ગ ક ડી જોઈ ન ી ત્યા સુધી આ મનુ મ મુ ગ નગમે મનુ બધ ક ન ા ે મનુ નર થો પ ા મ ધીં ન આગ ન મ. ત્રે નિશ્ચય થ ા ન વે તુ ર ગ ી વાત ો ગી સ ના ા વેશ ઉપ રી એમ વા ો ઉ ક નુ અ ા ીં વપા ી ? વેપારીની વેગ ઉપર શુ થ ાને ? એને જે જ્ઞાવ મળે (ક ે કે ઈ થ ા દુ ક ા પર અ વે ત્યારે વે ા ગીનુ ધ્ય ન ગમ હે ય છે ? ા મીજીએ ન દ કુમારને બીજી રીતે પ્રશ્ન મ ો

'વેપારીનું લક્ષ તો નફામાં જ હોય, એમાં પૂછવા જેવું શું છે!'

'બરાબર, મારું પણ એ જ કહેવું છે આ દુનિયા એક વેપારીની દુકાન જેવી છે સૌનું ધ્યાન સ્વાર્થમાં જ છે'

(દુનિયા વાસ તણો સાઠો ..જીરડા! જાગીને જો મારા ભાઈ ...)

દુનિયા વેપારી-દુકાન, સૌનું સ્વારથમાં છે ધ્યાન,
ઘરાક આવે દુકાન ઉપર, આપે બહુ બહુ માન
ભાઈ જેવો ત્યાં પ્રેમ બતાવે (૨) સ્વારથનાં નિશાન....દુનિયા૦

અમદાવાદની રતનપોળમાં કાપડની દુકાન આગળ જ બધા વેપારી ગાદીતકિયે બેસે છે. એનું ધ્યાન રાજમાર્ગ ઉપર જતાઆવતા લોકો ઉપર જ કેન્દ્રિત થયું હોય છે રસ્તામાં તો હજારો લોકો આવતા-જતા હોય છે, પણ ચપળ વેપારી એ બધામાંથી કાપડ ખરીદનારાને તરત પારખી લે છે. પછી પ્રેમથી કહે છે, 'આવો...બહેન ...' વેપારીના શબ્દોમાં એટલો બધો પ્રેમ હોય છે કે જાણે સગો ભાઈ. બહેન કાપડ ખરીદવા દુકાનમાં પ્રવેશે એટલે અનેક જાતની 'વેરાઈટીઝ' બતાવે અનેક તાકાઓ ઉકેલાવ્યા પછી પણ પેલી બહેનનું મન ન માને અને ઊભી થઈને ચાલવા લાગે, એટલે તરત જ આ વેપારીના હૈયામાંનો પ્રેમ ઓસરવા લાગે છે ઘડી પહેલાં જે આંખમાંથી પ્રેમ નીતરતો હતો ત્યાંથી કટુતા નીતરવા માંડે છે પછી એ બગડી બેસે છે : 'હેડ હેડ .આવી મોટી લેનારી પૈસા લઈને આવી હતી કે લીધા વિના?'

વેપારી ઘરાક પ્રત્યે પ્રેમ દર્શાવે છે એનું કારણ એ છે કે :—

નફાની સૌને લાલચ છે, ના ચાહે નુકસાન,
લાભ જ લીધો જીવનારાથી (૨) મરતાનું શું કામ? ..દુનિયા
વેપારી જો હસતો દેખો, હસવામાં છે હાણ,
એ હસવાથી ચેતી ચાલો [૨] કોઈ દી લઈ લે પ્રાણ...દુનિયા૰
નવડાવાનો, નિયમ એનો, ભુલાઈ જાતું ભાન
'પુનિત' દુનિયા સ્વારથની છે [૨] હૈયે છે અજ્ઞાન.. દુનિયા૦

'સ્વામીજી આપ કહો છો તે સાચું છે, પણ હજી મને મારા સગાઓ પ્રત્યે અવિશ્વાસ નથી આવતો'

'ભાઈ! તારે એનું ખરેખર પારખું કરવું છે?'

'સ્વામીજી! સત્ય જાણવા માટે હું સતત આતુર છું'

'એ વાતનો ખ્યાલ રાખજે કે સ્વાર્થી સગાઓનું નગ્ન ચિત્ર જોયા

૮ પછી તને આ સંસારમાં જરા ય રસ નહિ રહે સગાઓનું પારખું કરવું

એટલે એનુ પારખુ કરવુ માટે સમજીવિચારીને નિર્ણય લેજે'

'સ્વામીજી! જ્યારે મને ખાતરી થશે કે આ બધા સ્વારથના જ સગા છે તે જ ઘડીએ સાપ કાચળી ઉતારે એમ આ સ્વાર્થી સંસારનો ત્યાગ કરીને આત્મકલ્યાણ અર્થે નીકળી પડીશ ગમે તેમ પણ મારે સત્ય વસ્તુ જાણવી છે' નંદકુમારે દૃઢતાથી કહ્યુ

'ભાઈ! તારે એક કામ કરવુ પડશે. મારી પાસે આવીને તારે યોગવિદ્યા શીખવી પડશે આ વિદ્યામા પારંગત થઈશ ત્યારે સ્વાર્થી સગાઓનો અસલ ભાવ બતાવીશ.'

સ્વામીજી! હુ યોગવિદ્યા જાણવા તૈયાર છુ'

'ભલે ત્યારે, કાલથી રોજ સવારે યોગવિદ્યા શીખવા આવજે'

નંદકુમાર તો સંતને પ્રણામ કરીને ઘેર આ યો સત્ય વસ્તુ જાણવાની તેને તાલાવેલી લાગી હતી બીજે દિવસે વહેલી સવારે નંદકુમાર મહાત્માની કુટિર ઉપર પહોંચી ગયો મહાત્માએ તેને શ્વાસ ઘૂંટવાની ક્રિયા કરાવવા માંડી. થોડા દિવસ પછી તેને પ્રાણાયામ પર લીધો આમ ક્રમે ક્રમે પ્રાણને બ્રહ્માંડમા ચડાવીને નિશ્ચેતન થઈ જવાની વિદ્યા શીખવી

એક દિવસ મહાત્માએ કહ્યુ 'ભાઈ નંદકુમાર! હવે યોગવિદ્યામા તુ પારંગત થઈ ગયો છે હવે સ્વાર્થી સગાઓનુ પારખુ લેવાની ભૂમિકા તૈયાર થઈ ગઈ છે બોલ હવે તારો શો વિચાર છે?

એમા પૂછવાનુ શુ છે? એ માટે તો આ બધી માથાકૂટ કરી છે'

સાંભળી લે ત્યારે આજે રવિવાર છે રજાનો દિવસ હોવાથી બધા જ ઘેર હશે યો! જ સમયમા બધનુ પારખુ થઈ જશે તુ અત્યારે ઘેર જા 'તબિયત જરા અસ્વસ્થ છે એમ કહીને પથારીમા પડજે તને અસ્વસ્થ જોતા જ ઘરના બધા જ સભ્યોના જીવ અદ્ધર થઈ જશે કોઈક દવા આપશે ને કોઈક માથુ દાબશે કોઈક વૈદ ને કોઈક ડૉક્ટરને બોલાવી લાવશે તારે તો પથારીમા પડ્યાપડ્યા યોગબળે પ્રાણને બ્રહ્માંડમા ચડાવી નિશ્ચેતન થઈ જવાનુ તને રમવત્ જોઈને આખા ઘરમા રોકકળ મચી જશે નાડીનુ ઠેકાણુ નહિ રહેવાથી વૈદ અને ડૉક્ટર પણ હાથ ખંખેરીને ઊભા થઈ જશે બરોબર એ તાકડે હુ ત્યા આવીશ મારા આવ્યા પછી તારા સગાઓ સાથે મારો જે સંવાદ થાય તે તુ ધ્યાનથી સમજજે એ સાંભળ્યા પછી તને ખ્યાલ આવશે કે આ સગાઓ જે વહાલ બતાવી રહ્યાં છે એ સાચુ છે કે ખોટુ? પછી શુ કરવુ એનો નિર્ણય જાતે કરજે'

'સ્વામીજી! જાઉ છુ બરોબર અગિયાર વાગે આવી જજો!'

સ્વામીજીને પ્રણામ કરીને તે ઘરને પંથે પડ્યો

બરોબર દશના ટકોરા થયા અને 'તસ્મિન્ન અસ્વસ્થ છે' એમ કહીને નંદકુમાર પથારીમાં પડ્યો ક્ષણમાત્રમાં આખા ઘરમાં જાણ થઈ ગઈ સૌના જીવ પડીકે બંધાઈ ગયા ભાઈને ઓચિંતુ શું થયું ? શું થયું ?' એમ કરતા સૌ દોડી આવ્યા કોઈએ કપાળે તો કોઈએ વાંસે હાથ ફેરવવા માંડ્યો અને કોઈકે નાડ જોવા માંડી ધીમે ધીમે નંદકુમારમાંથી ચૈતન્ય ઓસરતું જતું હતું આખા ઘરમાં હો-હા મચી ગઈ, રાંધ્યા ધાન રઝળી ગયા નંદકુમારની પત્નીએ રડતા રડતા કહ્યું 'તમે બધા અહીં ટોળે મળ્યા છો એના કરતા કોક ડૉક્ટરને તો ફોન કરો '

ડૉક્ટરને ફોન કર્યો થોડીવારમાં તો ડૉક્ટર આવીને નંદકુમારને તપાસવા લાગ્યો નાડી અનિયમિત જોતા જ નકારમાં માથું ધુણાવ્યું 'સ્ટેથેસ્કોપ'ની ભૂંગળી કાનમાં નાખી છાતી ઉપર મૂકી છાતીમાં ધબકારા જ ન હતા ! ડૉક્ટરે ધીમે રહીને કહ્યું 'કેસ ખૂબ ગંભીર થઈ ગયો છે નાડી ખૂબ ધીમી પડી ગઈ છે મારું ધ્યાન પહોંચતું નથી !'

'ડૉક્ટર સાહેબ ! નંદકુમારને થઈ શું ગયું એ તો કહો આપ કહો તો કોઈ મોટા ડૉક્ટરને બોલાવું '

'બીજા ડૉક્ટરને બોલાવવાનો કાંઈ અર્થ નથી ક્ષણે ક્ષણે નાડી જ બંધ પડતી જાય છે, ત્યાં પછી કરવાનું શું ?'

ડૉક્ટરે હાથ ખંખેરી નાખ્યા નંદકુમારની પત્ની મૂંગી મૂંગી આંસુ સારવા લાગી ડૉક્ટરનો અભિપ્રાય લેવા માટે ડૉક્ટરની પાછળ પાછળ ગયા તેની વહાલસોયી માતાએ નંદકુમારની છાતી પર માથું મૂકીને રડવા માંડ્યું આખા ઘરમાં રોકકળ મચી ગઈ

ક્ષણ-બે-ક્ષણમાં નંદકુમાર જીવનયાત્રા સંકેલી લેશે એવું સૌને થઈ ગયું ઘરમાં રોકકળ થતા જ આડોશીપાડોશી ભેગા થઈ ગયા પડોશમાં રહેતા ગંગામાએ ત્યાં આવતા કહ્યું 'લક્ષ્મી વહુ ! ભગવાને ધાર્યું હશે એ થશે આ રડવાકૂટવાનું છોડીને ઘીનો દીવોબીવો તો કરો કોઈ બ્રાહ્મણને બોલાવી ગીતાનો પાઠ કરાવો નામસ્મરણ કરાવો, દાન પુણ્ય કરાવો ભાઈની આંખ મીંચાયા પછી કરશો એનો અર્થ નથી '

ગંગામાના સૂચનનો તાત્કાલિક અમલ થયો સૌને પ્રસંગની ગંભીરતા સમજાઈ આખા ઘરની ચીજવસ્તુઓ ઊંચે મુકાવા લાગી ભાઈનું મરણ થાય તો બીજે દિવસે જમવા પામીશું એ ખ્યાલે એક-પછી-એક છાનામાના, રસોડામાં જઈને બેનાર કોળિયા ભરી આવ્યા ઘીનો

ક્રોધ કર્યો. બ્રાહ્મણને બોલાવી ગીતાપાઠ શરૂ કરાવ્યો. ગાયનું દાન આપવા માટે મંદિરના મહારાજને બોલાવવા માટે માણસ ઘેરથી નીકળી ગયો. જોતજોતામાં એક કલાક વીતી ગયો અગિયારવાગ્યા અને મહાત્મા ઘર પાસે આવીને ઊભા. ઘરમા સ્મશાનશાંતિ પથરાઈ ગઈ હતી. મહાત્માને જોતા જ નંદકુમારની પત્ની ઓળખી ગઈ અને કહ્યું : 'બાપજી ! પધારો, પધારો, આજે મારો સૌભાગ્યનો ચાંદલો ભૂંસાઈ રહ્યો છે ગમે તેમ કરીને આપ એમને બચાવી લો નંદકુમારની પત્ની મહાત્માના ચરણમાં આળોટી પડી. એની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ સરી રહ્યા હતાં.

'બેટા ! ભગવાન સૌ સારાં વાના કરશે' એમ કહીને મહાત્મા નંદકુમારની પથારી પાસે આવ્યા અને ત્યાં આસન લેતા કહ્યું :

'નંદકુમારને એકદમ શું થઈ ગયું ?'

'બાપજી ! હમણાં એક કલાક પહેલા તો સાજાનરવા હતા. 'તબિયત કંઈ અસ્વસ્થ છે' એમ કહીને એ પથારીમા પડયા અને એકદમ આવું થઈ ગયુ ડૉક્ટરો પણ છૂટી પડયા' નંદકુમારના પિતાએ કહ્યું.

સ્વામીજીએ નંદકુમારની નાડ હાથમા લીધી થોડી વાર વિચાર કરીને કહ્યું : 'શેઠ ! નંદકુમારે તો અંતિમ પ્રયાણની તૈયારી કરી દીધી છે. ઘડી-બે-ઘડીમાં તેનો જીવ જાય તો નવાઈ નહિ !'

સ્વામીજીના શબ્દો સાંભળતાં જ આખા ઘરમાં ફરી પાછી રોકકળ મચી ગઈ. પિતાએ માથુ કૂટવા માડયુ. માતાએ છાતીઓ કૂટવા માંડી. પત્ની ડૂસકા ભરવા લાગી નાનો ભાઈ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

સ્વામીજીએ કહ્યું : 'આપ સૌ શા માટે રડારોળ કરો છો ? ભગવાને જે ધાર્યું હશે તે તો થવાનુ જ છે.'

નંદકુમારના પિતાએ આંસુ લૂછતા કહ્યું : 'બાપજી ! મે એમ સાભળ્યુ છે કે આપ તો ધારો તે કરી શકો છો. મારો પ્રાણ લો, પણ મારા પ્રાણપ્યારા પુત્રનો પ્રાણ બચાવો.'

સૌની નજર સ્વામીજી ઉપર ચોંટી એ શું બોલે છે એ સાંભળવા સૌના કાન સરવા બની ગયા સ્વામીજીએ મરક મરક હસતા કહ્યું, 'સંસારમા ઉપાય તો સર્વના હોય છે. પછી આનો ઉપાય કેમ ના હોય ? ત્યાગ અને બલિદાનની જ્યાં ભાવના હોય છે, ત્યાં તો મોટા મોટા કોયડા પણ ચપટીમા ઊકલી જાય છે. પ્રાણ માટે પ્રાણ આપવાની તૈયારી હોય તો તો હાલ એનો ઉપાય અજમાવું મૃત્યુપાશમા બંધાયેલા નંદકુમારને હાથ દૂરો કરી દઉં આપ મને ચોખ્ખા પાણીનો એક પ્યાલો આપો.'

સ્વામીજીના શબ્દો સાંભળીને સૌના મુખ પર પ્રમ નતા છવાઈ ગઈ ઘરમા નોકર હોવા છતા મ ન દકુમારની પત્ની દો ડી દોડતી ઘરમાં ગઈ અને ચોખ્ખા પા ણીનો પ્યાલો લાવીને સ્વામીજીના હાથમા મૂક્યો

પાણીનો પ્યાલો હાથમા લઈ સ્વામીજીએ આંખો બ ધ રી મનમા ને મનમા પ્રભુનામનુ સ્મરણ કર્યું મ ત્ર ભણતા હોય તેમ હોઠ ફફ ડ્યા ઘડીભર માટે ઘરમા શા તિ પથ રાઈ ગઈ સૌ આશાભર્યાં નયને સ્વામીજીની રહસ્યભરી ક્રિયાને જોઈ રહ્યા

શાતિનો ભ ગ કરતા સ્વામીજીએ કહ્યું જુઓ ! મે આ પાણી મ ત્ર્યુ છે જે કોઈ આ મ ત્રનુ પાણી પીશે એ આ ફાની દુનિયાનો ત્યાગ કરી જશે અને તેને બ દ્દલે ન દકુમાર બચી જશે ન દકુમારને પ્રાણને ભોગે બચાવવા જે તત્પર હોય તે આ પાણી પી જાય '

સૌ મે ડગના પાણી ઢીલા પડી ગયા કોઈ આગળ ન આ વ્યુ એટલે સ્વામીજીએ ન દકુમારના પિતાને સ બોધીને કહ્યુ

'શેઠ ! ન દકુમારને બચાવવો છે ને ! તો આવો પીઓ આ પાણી '

ઊ ડો શ્વાસ લેતા શેઠે કહ્યુ સ્વામીજી ! કોણ એવો નિર્દય પિતા હશે કે જેને પોતાના પુત્ર ઉપર વહાલ ન હોય ! પણ વાત એમ છે ને સ્વામીજી હુ કુટુ બમાંનો વાડીલો જીવ છુ આવડા મોટા કુટુ બના ભરણ પોષણની જવાબદારી મારે માથે છે ન દકુમાર માટે પ્રાણ આપતા ખચ કાઉ છુ એમ ન માનશો પણ કુટુ બના ભવિષ્યની ચિ તા સતાવી રહી છે ગમે તેમ તો મ ન દકુમાર નાનું છોકરુ ગણાય મારા આધળાની એક લાકડી જૂટવાય મારા નાનો આન દ મારા ઘડપણનો સહારો બની રહેશે '

ન દકુમારના પિતાએ સિફતપૂર્વક જાત બચાવી લીધી સ્વામીજીએ તે પ્યાલો ન દકુમારના નાના ભાઈ આન દ તરફ ધર્યો પ્યાલા તરફ નજર સુદ્ધા કર્યા વિના આન દે સાફ સાફ શબ્દોમા કહી દીધુ સ્વામી જી ! ન દકુમારે સ સાર ના થોડાઘણા પણ ર ગરાગ માણ્યા છે મારે હજી સ સારને મ ણવાનો બાકી છે પ્રાણ આપવાની મારી જરાય ઇચ્છા નથી '

ખમ ! ભાઈ માટે આટલો જ પ્રેમ સ્વામીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું

આન દ ! તું નહિ તો તારી બહેન બહેન સુભદ્રા ! તુ તો ભાઈ માટે પ્રાણ આ પી શકીશ ને ? સ્વામીજીએ ન દની બહેન સુભદ્રાને પૂછ્યુ

સ્વામીજી ! હુ ન દકુમારની બહેન છુ એ વાત સાચી છે પણ

૮૮ ગમે તેમ તો મ પારકા ઘરની થાપણ છુ મારા આ દેહ ઉપર સાસરા ને

પતિનો અધિકાર છે. તેથી, ભાઈ માટે હું પ્રાણ ન આપી શકું.'

સુભદ્રાની વાત સાંભળીને સ્વામીજી પણ ઘડીભર વિચાર કરતા રહી ગયા. વિચારતંદ્રામાંથી જાગતાં સ્વામીજીએ હાથમાંનો પ્યાલો નંદકુમારની પત્ની આગળ ધરતાં કહ્યું : 'બીજા બધાં તો એક યા બીજુ બહાનું કાઢીને છટકી શકે, પરંતુ પતિ માટે પ્રાણ પાથરવો એ આર્ય સન્નારીનો ઉજ્જ્વળ ધર્મ છે. લો બહેન ! આ પ્યાલાનું પાણી પીને સ્વામીને બચાવી લો.'

'સ્વામી ! પતિ માટે પ્રાણ આપવામાં હું મારું સૌભાગ્ય સમજું છું. પણ એક જીવને માટે બે જીવ આપવા પડે .એનું મને દુઃખ છે. હું સગર્ભા છું. મારા સ્વામીનું નાનકડું પ્રતીક મારા ઉદરમાં પાંગરી રહ્યું છે. એને પાળીપોષીને મોટો કરવાનો મારો ધર્મ છે. હું મારો પ્રાણ આપી શકું, માત્ર બાળકનો પ્રાણ આપવાનો મને અધિકાર નથી.'

ખૂબ જ કુનેહથી નંદકુમારની પત્નીએ રસ્તો કાઢી લીધો.

સ્વામીજીએ એ પ્યાલો નંદકુમારની માતા આગળ ધરતા કહ્યું : 'માડી ! તમે તો નંદકુમારને ખૂબ ચાહો છો. બાળક માટે માતાનો પ્રેમ અવર્ણનીય હોય છે. નંદકુમાર માટે પ્રાણ આપીને અજોડ માતૃપ્રેમની પ્રતીતિ કરાવી દો. આપ ગમે તેમ તો ય ખર્યું પાન છો. આજે નહિ તો કાલે આ દેહ પડવાનો જ છે તો પછી શા માટે લ્હાવો ન લેવો ?'

'સ્વામીજી ! આ જીવનમાં હવે બીજી તે કઈ હોંશ હોઈ શકે ? પરંતુ દીકરાનો ય દીકરો એક વાર મારો ખોળો ખૂંદે એવી એક મહેચ્છા છે અમે રહ્યા સંસારીઓ ! અમારામાં કંઈ ને કંઈ કામનાઓ તો હોય જ ! આપ જેવા સંન્યાસીઓ જ સર્વ કામનાઓને જીતી ગયા હોય છે. નથી આપને પુત્રૈષણા, વિત્તૈષણા કે લોકૈષણા. સર્વ એષણાઓને આપે જીતી લીધી છે. આપ પોતે જ પી જાવ ને !'

નંદકુમારની માતાની વાત સાંભળીને સૌનું હૈયા હસી રહ્યું. સ્વામીજી પણ મર્માળુ હસ્યા અને બોલ્યા : 'માડી ! તેં તો ખૂબ સુંદર વાત કરી. પારકાને માટે પ્રાણ પાથરવો એ તો સાધુપુરુષનું કામ છે. મારા જેવાને ભોગે નંદકુમારનો પ્રાણ બચતો હોય તો કહું શું ? ત્યારે હું જ પી જાઉંને આ પાણી ?'

'હા, બાપજી ! આપ પી જાવ તો અમારા જેવા જગવાને [illegible]

સ્વામીજીએ [illegible] પ્યાલો મોઢે માંડી દીધો. પાણી [illegible]

ગયા અને બે [illegible] [illegible] ફું, દેહ ક્યારનો [illegible]

'બસ ! જશો સ્વામીજી ! આપે તે અમારા ઉપર ખૂબ મોટી કૃપા કરી આપનો ઉપકાર તે અમે જીવનભર ભૂલી શકીએ તેમ નથી કહો, આપની અમે શી સેવા કરીએ ?'

'પ્રભુએ જે કંઈ આપ્યુ છે એ સન્માર્ગે વાપરતા રહેજો'

પથારીમા પડ્યા પડ્યા નંદકુમારે અંગત કહેવાય એવા સગાઓનો મનોભાવ જાણી લીધો સંસાર પ્રત્યેની આસક્તિ ઘડીના છઠ્ઠા ભાગમા છૂટી ગઈ આ વિચાર આવતા જ એ સૈજી ઊઠ્યો નંદકુમારના શરીરમા ચેતન આવ્યુ છે એ જાણતા જ ઘરમા સૌ નાચી ઊઠ્યા નંદકુમારે આંખ ખોલી પિતાએ પાસે આવીને પૂછ્યુ 'બેટા ! તબિયત કેમ છે ?'

'ભારે અસ્વસ્થ છે' નંદકુમારે કહ્યુ

'કોને બોલાવુ બેટા ?' પિતાએ પ્રેમથી પૂછ્યુ

'નહિ હવે હુ જાતે જ તે પાસે જાઉ છુ જેણે મારે માટે પ્રાણ આપવાની તૈયારી બતાવી એ જ મારા સાચા સગા છે આજ સુધી મને એમ લાગતુ હતુ કે આપ સૌ મારા ઉપર સાચો પ્રેમ રાખો છો પણ આજના પ્રસંગે સૌનુ અસલ પોત પ્રકાશમાન થઈ ગયુ આજે મને સાચુ સમજાયુ કે ભરોસો તો ભૂધરનો કરવા જેવો છે સ્વાર્થી સંસારીનો ભરોસો એ તો ધુમાડામા બાથ ભરવા જેવુ છે'

(દેહરૂપી આ (૨) રથને મારા કૃષ્ણ પ્રભુ ! તમે હાંકો)

હૈયા સૂના [૨] માનવીઓના, કેમ ભરોસો રાખુ ?
એક ભરોસો ભૂધર તારો [૨] યાચુ તો તુજને યાચુ હૈયા સૂના૦
માનવીઓને [૨] હાથ જ બે છે, એ હાથે શુ દેશે ?
હાથ હજારો તુજને વહાલા [૨] ન્યાલ કરી તુ દેશે ! હૈયા સૂના૦
મૃગજળ જેવી [૨] આશા જગની, ફોકટ શિદને માગુ ?
સુખ-સરોવર તુજ ચરણમા [૨] પ્રેમે ડૂબકી મારુ હૈયા સૂના૦
ડૂબવા દેને [૨] નાથ ! હવે તો, ડૂબતા ડૂબતા મરશુ,
મરતા પહેલા 'પુનિત' પૂછે [૨] દર્શન ક્યારે કરશુ ? હૈયા૦

મમતા અને સુખ રાગનુ સિંચન કરે છે જ્યારે દુ:ખ માનવીને વૈરાગ્ય તરફ વાળે છે દુ:ખની ભૂમિમા જ વૈરાગ્યના અંકુર ફૂટે છે કહેવત છે કે સુખમા સાંભરે સોની અને દુ:ખમા સાંભરે રામ સ્વાર્થી સંસારીઓનુ નગ્ન ચિત્ર જોતા જ નંદકુમાર કંપી ઊઠ્યો ઘરની સુખ શૈયા પણ શૂળ સમાન લાગી એ ઘરનો ત્યાગ કરીને ભાગ્યો

• (રામજીના રાખ્યા જગતમા રહીએ આશરો તારો રે હો ચેતી જાને)

હૃદયમા ઊગે અંકુર વૈરાગ્યના,
વાયરા વાય છે પ્રેમ અને ત્યાગના હૃદયમા [૧]
હા રે ચિત્તવૃત્તિ ખસે સંસારથી રે લોલ
હા રે તુચ્છ બને વિષયના ભોગ જો હૃદયમા [૨]
હા રે સગા-વહાલાના સ્નેહ સૌ ઓસરે રે લોલ,
હા રે એનો આવે જીવનમા યોગ જો હૃદયમા [૩]
હા રે પ્રેમ સર્વ બાજુથી પાછો આવતો રે લોલ,
હા રે હરિચરણોમા ઠલવાતો થોક જો હૃદયમાં [૪]
હા રે બને 'પુનિત' અંતરની ભાવના રે લોલ,
હા રે ખાતુ જીવન તો જુદો ઝોક જો હૃદયમા [૫]

'બેટા ! તારી તબિયત અસ્વસ્થ છે ને તું ક્યા જાય છે એ તો જરા કહે ! હું તારી સર્વ ગોઠવણ કરી આપું ' પિતાએ હાથ પકડ્યો

'હું ક્યા જાઉ છુ ? ' નરકુમાર સહેજ ખમચાયા સહેજ વિચાર કરીને કહ્યું ખરાબે ચડેલી આ મારી જીવન નૈયાને એના સાચા સુકાનીને સોંપવા જાઉ છુ ભવસાગરના ઊંડા પાણીમા ડૂબકી મારતી જીવનનાવને એ તારીને કાંઠે લઈ જશે '

(પાપી તણો તો ઉદ્ધાર (૨) બેડે ઝૂને છે તનકાર ..)
નૈયાનો ખેવનહાર [૨] સદ્દગુરુ કાંઠે લઈ જાય છે
લઈ જતા પેલે એ પાર [૨] સદ્દગુરુ કાંઠે લઈ જાય છે

પિતાજી ! આજ સુધી હું એમ માનતો હતો કે સગાઓના સાથમા હું નિર્ભય છુ પણ અનુભવે સમજાયુ કે સ્વાર્થી સગારૂપી નાવડામા એવુ ગાબડુ પડ્યુ છે કે એ ક્યારે ડૂબે એ કહેવાય નહિ અને જેના જેના ઉપર મે ભરોસો રાખ્યો હતો એ તે મને ડૂબતો જોઈને જ ખસી ગયા એટલે મે મનથી એમનો સાથ છોડી દીધો છે અને ભવજળને પાર કરનારી ભક્તિરૂપી નાવડીમા બેઠો છુ હજી હુ ભવસાગરના જળથી સાવ અજાણ્યુ છુ એટલે સદ્દગુરુને મે પકડવાનો નિશ્ચય કર્યો છે '

નાનકડી ભક્તિની નાવડીએ બેઠો,
હાલમડોલમ એ તો થાય [૨] સદ્દગુરુ કાંઠે લઈ જાય છે (૧
ભવના સાગરમા મોહજળ ભરિયા,
માયાના ... ૨ [૨] સદ્દગુરુ કાંઠે લઈ જાય
મ ... મા સદ્દબોધ-વાયુ

અનુકૂળ આજે થઈ જાય [૨] સદ્‌ગુરુ કાંઠે લઈ જાય છે. (૩)
'પુનિત' કાંઠે પ્રભુજી વિરાજે,
વંદન મારા વારંવાર [૨] સદ્‌ગુરુ કાંઠે લઈ જાય છે.

માતા, પિતા, ભાઈ, ભગિની, પત્ની, સર્વ વિલાપ કરતા રહ્યાં અને નંદકુમારે સ્વાર્થી સંબંધ જાળ તોડીને સદ્‌ગુરુ પ્રતિ દોટ મૂકી.

જેના હૈયામાં ચોટ લાગે છે એ જ પ્રભુપંથમાં દોટ મૂકે છે.

(દુનિયા વામ તણો સાહેં...ભોજા ભગતનો ચાબખો)

જેને હૈયે લાગે ચોટ, મૂકે હરિમારગમાં દોટ,
પ્રેમ તણા એ સાગર મધ્યે, ભરતી અને ઓટ,
એ ઉછાળો એવો આવે [૨] તોડે માયા-કોટ....જેને હૈયે...
કોઈ દિન એ તો ગણગણે છે, ફરફરે છે ઠોઠ,
સ્થિર બનીને કોઈ દિન બેસે [૨] જાણે દીપકજ્યોત....જેને હૈયે૦
કોઈ દિન હસતો, કોઈ દિન રડતો, કોઈ દિન કરતો ક્રોધ,
ડામાડોળ છે સ્થિતિ એની [૨] જેવી જળમાં ઓટ...જેને હૈયે૰
અનુભવી ને વિજ્ઞાની પણ થાકે કરતાં શોધ,
'પુનિત' પ્રેમીના જીવનમાં [૨] નહિ નફો કે ખોટ...જેને હૈયે૦

દોડતો ને દોડતો નંદકુમાર ગુરુદ્વારે આવ્યો સ્વામીજીના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને ગદ્‌ગદ કંઠે કહ્યું : 'દેવ ! આજ સુધી હું ખોટા ખ્યાલમાં રહ્યો હતો આજે તમે મારી અંતરની આંખો ખોલી. અંતરમાં વ્યાપેલો અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાનનો દીવડો પ્રગટાવ્યો '

હૈયામાં વ્યાપ્યું જે ઘોર અંધારું,
પ્રકાશ એમાં કરનાર [૨] શરણું સદ્‌ગુરુદેવનું ...[૧]

'દેવ ! આજ સુધી હું એમ માની રહ્યો હતો કે મારા માતાપિતા એ જ મારાં સાચા સગા છે પણ ભીડ આવે ને કટકિયા મોતી ફટકી જાય તેમ આજના પ્રસંગે સૌ મારાથી અળગાં થઈ ગયા. આજે સમજાયું કે જીવના સાચા સગા સદ્‌ગુરુ છે. સંસારના સગાઓ તો જીવાત્માને માયાના ચક્કરમાં નાખે છે સાચા સદ્‌ગુરુ જ જન્મમરણના ફેરામાંથી ઉગારી લે છે.

માતા - પિતાથી યે અધિક માનો,
જન્મ - મરણ ટાળનાર [૨] શરણું સદ્‌ગુરુદેવનું ... [૨]
સાચા સુકાની જીવન-નૈયાના,
ભવથી ઉતારી દે પાર [૨] શરણું સદ્‌ગુરુદેવનું....[૩]

'પુનિત' સંસાર-બંધન તોડાવી
જોડાવે હરિથી તાર [૨] શરણ સદ્ગુરુદેવનું [૪]

સ્વામીજીએ વરદ હસ્ત નંદકુમારના માથા પર ફેર યો અને મરક મરક હસતા પૂછ્યુ બેટા નંદકુમાર! હવે તો તારી ભ્રાંતિ ભાગી ને!

'દેવ! આપ જેવા મોટા સદ્ગુરુ સાપડે પછી મનની ભ્રાંતિ કેમ ન ટળે! જેના ઉપર ગુરુકૃપા ઊતરે છે એના મનની બધી જ ભ્રાંતિ ટળી જાય છે'

(મુખડાની માયા લાગી રે ચેતે તો ચેતાવું તને રે)

ટાળે મનની બધી ભ્રાંતિ રે, ગુરુની કૃપા,
આપે જીવને સાચી શાંતિ રે, ગુરુની કૃપા
રજ-તમ બે ગળી જાશે, સત્ત્વગુણનો ઉદય થાશે,
પહોંચાડી દે પ્રભુ પાસે રે, ગુરુની કૃપા ટાળે [૧]

દેવ! હવે મને વિશ્વાસ બેસે છે કે આપના ચરણમા સ્થાન મળ્યા પછી જરૂર પ્રભુના દર્શન થશે મારા હૈયામા પ્રગટેલા સત્ત્વગુણના અગ્નિ ઉપર વળી ગયેલી રજ-તમની રાખ ઉપર આપ જેવા સમર્થની ફૂંક વાગી પછી રજ-તમની રાખ રહે ખરી! આજે મારા હૈયામાથી રાજસ અને તામસ ગુણ દૂર થતા સત્ત્વગુણનો ઉદય થયો છે

અહંકારની જાળ તોડે, મમતાની ગાઠ છોડે,
ચિત્ત હરિ-ચરણ જોડે રે, ગુરુની કૃપા ટાળે [૨]
પથમા જો પડે આગે કૃપા તણી મહોર વાગે
કિંમત વધારી નાખે રે, ગુરુની કૃપા ટાળે [૩]
સદ્ગુરુ મંત્ર આપે, 'પુનિત' પોતાનો સ્થાપે
ભવના બંધન કાપે રે, ગુરુની કૃપા...ટાળે [૪]

'બેટા' નંદકુમાર સંસાર ત્યાગીને ભગવા વસ્ત્ર ધારણ કરવાની કોઈ જરૂર નથી મારે તો તને એટલું જ સમજાવવું હતું કે મારા સંસારમા નર્યો સ્વાર્થ ભર્યો છે સંસારમા રહીને પ્રભુની ભક્તિ કરવી એ જ ઉત્તમ માર્ગ છે મમતા એ જ બંધનનું કારણ બને છે અનુભવે તે જાણી લીધુ કે સંસાર નર્યો સ્વાર્થી છે સંસારમા રહી તારુ શ્રેય સાધી લે આ બધા મારા છે એમ ગણીને તું એમની સાથે મમતાની ગાંઠથી ન બાંધતો ખપ પૂરતુ કામ કાઢીને પ્રભુના ધ્યાનમા લાગી જજે માનવ ગમે ત્યા રહે પણ જો તેની વૃત્તિ ઊંચી હશે તો તેનો જરૂર ઉત્કર્ષ થશે તો. ગમે તેવા સારા વાતાવરણમા રહેનારો માનવ નીચ વૃત્તિ ... તો

તેનું પતન થવાનું છે ઘેર પાછો જા તારી વૃત્તિ મ ાંય ઊંચી રહે એનો ખ્યાલ રાખજે. પ્રભુએ આપેલી સંપત્તિનો સન્માર્ગે ઉપયોગ કરજે '

ગુરુજીની આજ્ઞા મળતા નંદકુમાર ઘેર આવ્યો પણ પહેલાના ને આજના વર્તનમા હાથીઘોડાનો ફેર હતો આજે એના હૈયાના કમાટ ખૂલી ગયા હતા હૈયાના કમાટ ઉપર વાગેલા ખંભાતી તાળા ઉપર ગુરુ-ગમની ચાવી લાગી ગઈ હતી એ સંસારમા રહેતો હતો, પણ મન વિરક્ત થઈ ગયુ હતુ સાચા ઉપદેશ વિના દિલ ઉપર સાચો રંગ ચડતો નથી.

(વ્હાલા ' તારો વિયોગ (૨) . .સાચુ ઔષધ સંસાર (૨))
દિલમા લાગે છે રંગ [૨] સાચા ઉપદેશથી,
જીતી જવાનો જંગ [૨] સાચા ઉપદેશથી... દિલમા.. (૧)
સાચો ઉમંગ એ હૈયામા પેસતો,
અંતર આવે ઉમંગ [૨] સાચા ઉપદેશથી . દિલમા.. (૨)
હૃદય – કબાટને લાગેલા તાળા,
ઊઘડે એ તો અનંત [૨] સાચા ઉપદેશથી... દિલમા .(૩)

સૌ પોતપોતાના હૈયા પર હાથ મૂકીને તપાસી લો કે હૃદયકબાટ પર અણુસમજનું જે તાળુ લાગ્યુ છે એ ખૂલે એમ છે કે નહિ ? તાળામ કઈ એક જાતના થોડા આવે છે ' બજારમા જાતજાતના, ભાતભાતના જોવા મળે છે સામાન્ય તાળા, પ્રખ્યાત કંપનીના પેટન્ટ તાળા, કળવાળા તાળા, અલીગઢના તાળા, જૂના જમાનામા વપરાતા ખંભાતી તાળા સામાન્ય તાળા તો એની કૂંચી લાગે કે આપોઆપ ખૂલી જાય જરા સરખો અવાજ પણ ન થાય પણ પેલુ ખંભાતી તાળુ મહાજબરુ . એ તાળામા કૂંચી ભરાવીને કેટકેટલુ ખખડાવીએ ત્યારે જ ખૂલે એમા ય જો વરસોનો કાટ ચડી ગયો હોય તો કૂંચી તૂટી જાય, પણ તાળુ ન ખૂલે

સત્સંગમા આવતા મોટા ભાગના સત્સંગીઓએ હૃદયકબાટ પર ખંભાતી તાળુ લગાવી રાખેલું જ હોય છે એ તાળુ માર્યું એ માર્યું ' એને ખોલવા માટે તેઓ દરકાર જ કરતા નથી લોખંડનું મશીન કે તાળુ રોજ ને રોજ વપરાતુ ન રહે તો તો કાટ ખાય વરસો સુધી બંધ રહેલા તાળા ઉપર કેટ્ટનો કાટ ચડ્યો હોય ' સત્સંગીને તો એ તાળુ ખોલવાની ઇચ્છા થતી નથી, પણ પરમ કૃપાળુ ગુરુદેવ એ તાળામા ગુરુ-ગમની ચાવી લગાવે છે ગોદરેજના તાળાની જેમ તે ફટ કરતું ખૂલી ન જાય તેને તો કેટકેટલુ ખખડાવવુ પડે અરે, કેટલી વાર કૂંચી પણ તૂટી જાય, છતા એ તાળુ ન ખૂલે

ભોજન ભગતને જે ભજનો લખ્યા છે તેને 'ચાબખા' કહેવામાં આવે છે આ ચાબખા એ જડ કાટ ચડેલા ખભાતી તાળાને ખોલવાની કૂંચીઓ કે નામ સત્સંગીઓ નો એવા રીઢા થઈ ગયા હોય છે કે ગમે તેટલા ચાબખા પડે પણ એ રામ તો એના એ

ગુરુ એવા કૃપાળુ છે કે હૃદયકમાડ પર લાગેલા તાળામા ભેરવેલી ઉપદેશની એક કૂંચી તૂટી જાય તો બીજી, પણ એક દિવસ એ તાળુ ખોલ્યા વિના જંપવાના નથી ગુરુગમની કૂંચીથી જેનું હૃદયકમાડ ખૂલી ગયુ છે એને પૂછી જુઓ કે હૃદયકમાડ એ તો અક્ષય કમાડ જેવુ છે જેટલુ તમે એમાથી કાઢો એટલુ એમા નવુ ભરાઈ જાય

ભક્તકવિ ઈસરદાનનું નામ તો સૌ કોઈએ સાભળ્યુ હશે. જાતના એ ચારણ હતા એમના પત્ની અકાળે મરણ પામ્યા સંસારમાથી એમનો રસ ઊડી ગયો આખો દિવસ એ મૂઢની જેમ ઘરમા બેસી રહેતા પત્નીનો આ શોક ભુલાવવા માટે એમના મા । એમને દ્વારિકાધીશની યાત્રાએ લઈને નીકળ્યા રસ્તામા જામનગર આવ્યુ જામનગરનો રાજા જામ રાવળ કવિતાનો ભારે શોખીન રોજ ને રોજ કોઈ ને કોઈ કવિ નવી ને નવી કવિતા બનાવી લાવે કવિતાના ગુણદોષ જોઈ ને એ કવિને ઇનામ આપવા માટે એક પડિતને રાખેલા નામ પીતાંબરદાસ ભટ્ટ

ઈસરદાન અને તેમના મા જામનગરમા આવ્યા નગરમાથી વાત સાભળી કે રાજા તો કવિતાનો શોખીન છે ઈસરદાનને થયુ હુ ચારણ છુ દેવી સરસ્વતીની કૃપાથી હું પણ સારા કાવ્યો રચી શકુ છુ લાવને ત્યારે હું પણ રાજસભામા જાઉં અને મનમાન્યુ ઇનામ લઉં '

ઈસરદાન રાજસભામા આવ્યા એક સરસ કવિત રચીને ગાયુ ઈસરદાનની કવિતા સાભળીને આખી સભા ડોલી ઊઠી 'વાહ વાહ આના જેવો તો કવિ આજ સુધી જોયો નથી આજે તે મનમાન્યુ ઇનામ મેળવી જશે '

જામ રાવળ પણ ઈસરદાનની કવિતા સાભળીને ડોલી ઊઠ્યા જ્યારે ઈસરદાને કવિતા પૂરી કરી ત્યારે જામ રાવળે પીતાંબરદાસ તરફ નજર કરી એ નજર પૂછી રહી હતી

કહો ભટ્ટ આ ઊગતા કવિને શુ ઇનામ આપીશુ ?'

જામ રાવળની સામે નજર નોંધીને પીતાંબરદાસે નમ્રતા માથુ હલાવ્યુ અને ધીરગંભીર સાદે બોલ્યા ' આ કવિને ઇનામના બદલામા એના માથામા સાત જોડાનો પ્રહાર કરવો એની કવિતાનુ આ યોગ્ય

પારિતોષિક છે.'

પીતાંબર ભટ્ટની આજ્ઞા થતાં જ નોકરોનાં મુખમાંથી આહ! નિસાસો નીકળી પડ્યો. ખુદ નગર ગવૈયા પણ આવી આજ્ઞા સાંભળી કરીને ઢીલા થઈ ગયા. પણ નગરપંડિતની આજ્ઞાને કોણ લોપે!

કચેરીઆગળે ઈમરદાનના બદલામાં જોડાના સાત પ્રહાર કર્યા! નગરમાં અનેક મુખે અનેક વાતો થવા લાગી. કોઈએ તો કહી નાખ્યું કે, 'પીતાંબર ભટ્ટની સાઠે બુદ્ધિ નાઠી લાગે છે, નહિતર આવું ન હોય.'

બીજા બધા તો વાતો કરીને ગયા, પણ ઈમરદાનનું ગુમાન સેહી આ અપમાનથી ઊકળી ઊઠ્યું. જેમ તેમ કરી તે ઉતારે આવ્યો અને મન સાથે નક્કી કર્યું:

મારું પોતાનું અપમાન સહન કરવા હું તૈયાર છું,
પરંતુ દેવી સરસ્વતીનું અપમાન સહવા લાચાર છું;
પીતાંબર ભટ્ટને આજે ચારણનો હાથ દેખાડી દઉં,
એની કબૂલાત આપવા યમરાજ પાસે પહોંચાડી દઉં.

અપમાનથી સમસમી રહેલો ઈમરદાન હાથમાં ખુલ્લી શમશેર લઈને ચાલી નીકળ્યો. કોઈક નગરજનને પૂછીને પીતાંબર ભટ્ટનું ઘર જોઈ લીધું. ચોરપગલે ઘરના અંધારિયા ખૂણામાં પીતાંબર વાટ જોતો બેઠો.

એ દિવસે તો જામનગરની શેરીએ શેરીએ આ વાત ગવાતી રહી. અપમાનની આ વાત પીતાંબર ભટ્ટની પત્ની સાવિત્રીદેવીએ સાંભળી અને મનમાં ઘા ખાઈ ગઈ: 'મારા પતિએ આવું હીચકારું કાર્ય કર્યું! એક ઉચ્ચ કક્ષાના કવિનું આવું હડહડતું અપમાન કર્યું! આજે ઘરમાં જ ન પેસવા દઉં.'

મન સાથે નક્કી કરીને બારણું અંદરથી બંધ કરીને સાવિત્રી અંદરના હીંચકે બેઠી. સમય થયો અને પીતાંબર ભટ્ટ ધીમે પગલે બારણા પાસે આવ્યા. રોજ તો સાવિત્રીદેવી પતિની વાટ જોતી બારણે બેસતી. આજે આમ કેમ? પીતાંબર ભટ્ટે ધીમેથી બારણે ટકોરા માર્યા અને કહ્યું. 'દેવી, બારણું ખોલો.'

સાવિત્રીદેવીએ અંદરથી જવાબ આપ્યો:

આજથી ઘરના દરવાજા તમારે માટે બંધ છે,
કારણ કે, બહુ ભણેલા જ છતી આંખે અંધ છે,
દેવી સરસ્વતીનું તમે ઘોર અપમાન આચર્યું છે,
ઈનામને બદલે જોડા માર્યા એ મોટું પાપ આચર્યું છે.

'નાથ! ઘરમા પેસતા પહેલા મને જવાબ આપો કે એક નવોદિત કવિનું શા માટે હડહડતુ અપમાન કર્યું ? એ જાણ્યા પછી બારણુ ખોલુ'

'ગાંડી! લોકો મને ન સમજી શકે એ તો જાણે ઠીક, પરંતુ સાથે સાથે તુ પણ મને સમજી શકતી નથી એ નવાઈ છે પહેલા બારણુ ખોલ, પછી તને બધી વાત વિગતે કહુ છુ

પશ્ચિમની વિદ્યાવાળા પંડિતો ભૂલે તો ભલે ભૂલે,
પૂર્વની વિદ્યા ભણેલા પંડિતો ભૂલે તો માથુ ડૂલે,
બારણુ ખોલો એટલે તમને બરાબર સમજાવી દઉં,
જોડા શા માટે માર્યા એનુ કારણ પણ આપી દઉં

સાવિત્રીદેવીએ બારણુ ખોલ્યુ સામેના હીંચકા ઉપર પીતાંબર ભટ્ટ બેઠા માથેથી ચકરી પાઘડી ઉતારી બાજુમા સાવિત્રીદેવી બેઠા એટલે પીતાંબર ભટ્ટે કહેવા માંડ્યુ ડેલીના બારણા પાછળ સંતાઈ રહેલા ઈસરદાને મરણ જાણવા માટે કાન સરવા કર્યા પીતાંબર ભટ્ટે કહ્યુ

દેવી સાંભળ એ કવિ કે —'

(દુનિયામે ડંકા બજાઈ દિયા સંસાર મુસાફરખાનુ છે)

એ મૂર્ખ કવિની વાતો છે, જ્યા હરિગુણનો નહિ છાંટો છે,
'તારા' પૂજે, છોડી 'સવિતા,' ધિક્ હોજો એ કવિની કવિતા,
એના હૃદયે દંભનો કાંટો છે, જ્યા હરિગુણનો...[૧]
નરોત્તમને છોડી દઈને, નર-ચરણોમા પડતા જઈને,
એનો વ્યર્થ જનમનો આંટો છે, જ્યા હરિગુણનો [૨]
'પુનિત' પ્રભુના ગુણને ચૂકે, નિજ દિલને એ બાળી મૂકે,
એ રસ-વિહોણો સાંઠો છે, જ્યા હરિગુણનો [૩]

'દેવી! કવિએ કવિતા તો કરી, પણ નરની નારાયણની નહિ એણે સૂર્યને છોડીને તારાનું પૂજન કર્યું એ કવિની પાસે ગમે તેટલી વિદ્વત્તા હોય પણ તે શા કામની ? જે ગાયનમા હરિગુણ નહિ તે ગાણા મા ગાવુ શુ ? એવા ગાણા જે ગાય તે મૂર્ખ નહિ તો બીજુ શુ ? એવા કવિને જોડાના પ્રહાર વિના બીજું કયુ પારિતોષિક હોઈ શકે ?'

આવો કવિ કદી જોયો નથી, એની કવિતા પ્રાસાદિક છે,
દેખાય છે એ કરતા હૈયાની શક્તિ અધિક છે,
માયાના કીડાના ગુણગાન છોડી, ઈશ્વરના ગુણગાન
કરે તો ઈશ્વરને અવનિ પર ઉતારી ?
જોડા [illegible] ગાવ્યા કે મારો મર્મ સ

'દેવી ! સમજ્યા ? જેના મરવાનું કારણ આ દેહ. લોકો તો ન સમજ્યા પણ તુંય આવું રહસ્ય ન સમજી !'

સાવિત્રી પતિને સંમોહન કરી નદી ઝૂંપામાં મેલીને ચાલી ગઈ તો ઈસરદાન આ ખુણામાંથી અંતરમાં ઊંડા ને ઊંડા ઊતરી ગયો. પોતાની ભૂલ સમજાઈ ગઈ

[ગીતિ]

વાત કાનોકાન સુણી (૨) ક્રોધ ગયો ને આંખો ઉઘડાણી,
દોડી પગમાં પડિયા (૨) ક્ષમા કરોને દીન મને જાણી.

ઈસરદાને આવીને પીતાંબર ભટ્ટના ચરણોમાં લંબ તાણી દીધી.
ઈસરદાને આંખના આંસુથી એમના ચરણ પખાળતા કહ્યું.

(સાજન, સુન નયનોકી . શ્યામ સૂરે મ.રનની મ.પ)

આજ તમે, મારા ગુરુદેવ, દયાળુ ! આજ તમે મારા ગુરુદેવ,
અંતર પડદો આપે ખોલ્યો
દેખાડી મારી કુટેવ... દયાળુ !. આજ તમે મારા ગુરુદેવ.
કાળા કરતૂતથી ઉગાર્યો મુજને,
બ્રહ્મહત્યા મારીને ભૂદેવ . દયાળુ !. . આજ તમે મારા ગુરુદેવ
'પુનિત' ચરણે મને સ્વીકારો,
શિષ્ય બની કરવાનો સેવ... દયાળુ !. . આજ તમે મારા ગુરુદેવ.

ચરણે પડેલા ઈસરદાનને જોઈ ને પીતાંબર ભટ્ટ આભા બની ગયા અને બોલી ઊઠ્યા 'અરે, અરે ! કવિરાજ... તમે અહીં ક્યાંથી ?' એમ કહેતાં જ પોતે હાથે ઊંચકીને ઈસરદાનને ઊભા કરતા કહ્યું. 'ઈસર ! ભગવાન જે કરે છે તે સારા માટે જ કરે છે ભગવાને તને કવિત્વશક્તિ આપી છે તો તેને પ્રભુપ્રીત્યર્થે વાપર '

'દેવ ! આપ મને ભાગવત ભણાવો, હું ભણીશ. '

પીતાંબર ભટ્ટ કબૂલ થયા

(મરાઠી સાખી)

ગુરુ પીતાંબર, ચેલો ઈસરદાન, જોડી સુંદર જામી,
ભાગવત ગ્રંથ ભણાવવા માંડયો, બન્નેમાં નહિ ખામી,
ચાલી હરિરસ-રેલ, દુનિયા કીધી રેલમછેલ

ઈસરદાનના હૃદયકપાટ પર ગુરુગમની ચાવી લાગી ગઈ એ કમાટ ખૂલ્યું એમાંથી કવિત્વરૂપી એવું અમોલું ઝવેરાત નીકળ્યું કે તે જોઈ ને દુનિયા દંગ થઈ ગઈ કવિતામાં રચેલું ભાગવત લઈ ને ઈસરદાન દ્વારકા

આવ્યા એમણે રચેલો 'હરિરસ ય' દ્વારિકાધીશના ચરણોમા સમર્પિત કરવા એ ડગલા આગળ માડ્યા, ત્યાં તો—

(ગીતિ) નિશ્ચેતન મૂર્તિમા (૨) ધીરે ચેતન આવવાને લાગ્યું,
પ્રભુએ હાથ લંબાવી (૨) 'હરિરસ' પુસ્તક પ્રેમે સ્વીકાર્યું.

કહેવાનું એ છે કે હૃદયકપાટને ગુરુગમની ચાવી જ ખોલી શકે છે

હૃદય – કબાટને લાગેલા તાળા,
ઊઘડે એ તો અનંત (૨) સાચા ઉપદેશથી .... દિલમા... (૨)
શબ્દે શબ્દે પછી અમૃત ચાખે,
પ્રસરે સારાયે અંગ (૨) સાચા ઉપદેશથી .... દિલમા....(૩)
'પુનિત' પ્રભુની પ્રાપ્તિને કાજે,
મેળવી આપે સત્સંગ (૨) સાચા ઉપદેશથી....દિલમા... (૪)

શુકદેવજીએ વ્યાસજી પાસે સ્વાર્થી સગાઓનું નગ્ન ચિત્ર રજૂ કરીને અંતે કહ્યું - ' આપ મારી પાછળ પડી રહ્યા છો એના કરતા મે ઓળખાણ આપી એ પરમાત્માની પાછળ પડો તમે પરમાત્માની પાછળ પડશો એટલે બીજાની પાછળ પડવાપણુ નહિ રહે ગમે તેટલુ કરશો તોય હું પાછો ફરનાર નથી હા, એક વાત બને એમ છે, કે તમારી દૃષ્ટિમા રહું, સૃષ્ટિમા ન રહું નર્મદાજીના એક કાંઠે આપ રહો, બીજે કાંઠે હુ. અહીં બેઠા બેઠા હરિનું ધ્યાન ધરીશ તમે સામે કાંઠે ધ્યાન ધરજો આપણે એકબીજાને જોઈ શકીશુ આપણી દૃષ્ટિમા ભલે સારી સૃષ્ટિ આવતી, પણ આપણી વૃત્તિમા તો વનમાળી જ રહેવો જોઈ એ '

શુકદેવજીના વચનો સાભળીને વ્યાસજીને થયુ કે શુકદેવ કોઈ પણ પ્રકારે માને તેમ નથી એટલે એ પાછા વળી ગયા અને અરણીદેવીને કહ્યું : ' આપણને જે અધિક પ્રિય હોય તે પ્રભુને અર્પણ કરવુ જોઈએ. એમા જ આપણું શ્રેય છે '

વ્યાસજીએ અરણીદેવીને શિખામણ તો આપી, પણ વર્તનમા મૂકવાની વાત આવી ત્યાં એ પણ આકળાવિકળા થઈ ગયા.

ભજનમા આવીએ છીએ, સદ્બોધ સાભળીએ છીએ, એનો સાર પણ સમજાય છે, પણ જ્યારે વર્તનમા મૂકવાની વાત આવે છે ત્યારે માથું ખંજવાળવા લાગી જઈ એ છીએ

સમજાય છે સઘળું છતા, ઉકેલ ના'વે હાથમાં,
કર્તવ્યમાં મીડું અને આવી વસે સૌ વાતમા;
મારી વાતે વાતે પ્રભુ ! લક્ષ ધરો....મારું .... (૧)

સતો અને ભક્તો ઢંઢેરો પીટી પીટીને કહે છે 'અસારની કોઈ પણ ચીજ તમારી સાથે આવવાની નથી એ નક્કી માનજો આજ સુધી જેટલા આ યા આવી ગયા તેઓ બધા ખાલી હાથે જ ગયા છે કોઈ પણ વ્યક્તિ એક ફૂટી કોડી પણ સાથે લઈ ગઈ હોય તો બતાવો અમે ગામેગામ એનો પ્રચાર કરીશુ '

લોકો આ વાત કબૂલ પણ કરે છે પછી હુ એમને કહુ છુ 'ત્યારે આ બધુ પ્રભુપ્રીત્યર્થે વાપરવા માડો '

'ના મહારાજ ! એ પણ ન બને '

'સાથે આવવાનુ નથી એ વાત કબૂલ પણ લૂટાવાય તો નહિ '

આ તે કેવી વાત ?

નાનકડા ગામમા બે ભાઈ રહે માતાપિતા જીવતા હતા ત્યા સુધી તો બ ને ભાઈઓએ સમજી-વિચારીને ધધો કર્યો પણ એમની આખડી મીચાતા જ બે ભાઈઓએ સાથે બેસીને વિચાર કર્યો 'આજ સુધી તો આપણે બેએ સમજી-વિચારીને વેપારધધો કર્યો પણ હવે આપણે જુદા થઈએ એમા જ આપણુ શ્રેય છે '

નાનો ભાઈ પણ મોટા ભાઈના આ પ્રસ્તાવથી વિચારમા પડી ગયો પછી બોલ્યો 'મોટા ભાઈ ! આપ શા માટે જુદા થવાનો વિચાર કરો છો ? મારા અને તમારા વચ્ચે તો કદી મનભેદ થતો નથી '

'ભાઈ સાચી વાત કહુ ? ભાઈ ભાઈ વચ્ચે તો કદી મનભેદ હોતો નથી પણ જ્યારથી પારકા ઘરની આવે છે ત્યારથી જ ઘરમા કકાસના બીજ રોપાય છે આ ઘરમા કકાસના બીજ રોપાય એ ફાલે-ફૂલે એ પહેલા જ જો આપણે સમજી વિચારીને જુદા થઈ જઈએ તો આપણા વચ્ચે બોલવાવ્યવહાર તો રહેશે ! મનભેદ થયા પછી જે વ્યક્તિ છૂટી પડે છે એનો મનમેળ કદી થતો નથી મન મોતી અને કાચ એ ત્રણનો એક જ સ્વભાવ છે ભાગ્યા પછી એ કદી સધાઈ શકતા નથી માટે મારુ તો એવુ માનવુ છે કે આપણે સમજી-વિચારીને મિલ્કતના ભાગ વહેચી લઈએ મિલકત કાઈ ઝાઝી નથી બાપદાદાનુ આ એક ખોરડુ છે અને થોડાઘણા વાસણકૂસણ અને રોકડ છે એ સમજીને વહેચી લઈએ ઘરખૂણે બેસીને વહેચી લઈશુ તો આપણી આબરૂ ઢકી રહેશે લડયા પછી વહેચવા બેસીશુ, ગામનુ પચ બોલાવીશુ તો આપણી આબરૂ ખુલ્લી થઈ જશે '

 'ભલે મોટાભાઈ મિલકતના સરખા બે ભાગ કરી નાખો તમારે

જે ભાગ જોઈતો હોય તે તમે લો અને બીજો મને આપો '

મે મગ્યા ભાગ મ્રી, મોટાએ ના પાડી ન્યુ

ને આ બેમ થી જે ભાગ તે તારો હોય તે તું લે '

' ના ભાઈ તમે આપો તે જ મારે લેવો છે '

' ભાઈ હું મોટો છુ આ બેમાથી તારી મરજીનો ભાગ નહિ ને મન ઊણીને મોઈ અ ા મ્હેનુ ન આ ા કે મોટા ભાઈએ સારી સારી મિલકત પોતાની પાસે રાખી લીધી અને નાનાને તો થોડુ જ આપ્યુ '

નાના ભાઈએ મનપસ - મિલકત લઈ લીધી મિલ્કતની વહેંચણી કરીને બન્ને ભાઈ હસતા હસતા ઊભા થઈ ગયા

મોટા ભાઈ તો વેપાર ધંધામા કાબેલ હતા જ્યારે નાના ભાઈને વેપાર ધંધાની કાંઈ ગતાગમ હતી નહિ નાના ભાઈએ મળેલી મિલકતને સંતોષ રાખીને વાપરવા માંડી જ્યારે મોટા ભાઈએ બધી જ મિલકત વેપારમા રોકી દીધી વેપારમા લક્ષ્મીની વૃદ્ધિ એ ન્યાયે મોટા ભાઈને ત્યા તો લક્ષ્મીના ઢગલેઢગલા થવા લાગ્યા, જ્યારે નાના ભાઈની મિલકત દિન-પ્રતિ-દિન ઓછી થવા લાગી કહેવતમા પણ કહ્યુ છે ' ખાતા ખાતાં તો રાજાના ભંડાર પણ ખૂટી જાય

એક અનુભવીએ કહ્યુ છે વાણિયો ગાડે ને રાજપૂત ઘાડે ! વાણિયો કમાય ત્યારે મોટા મોટા મકાન બંધાવે અને રાજપૂત કમાય ત્યારે નવા નવા ઘોડા ખરીદે

મોટો ભાઈ સારુ એવુ કમાતા એટલે એને વિચાર આવ્યો કે બાપદાદાનું આ જૂનું ખોરડું છે એને બદલે એક આલીશાન ઈમારત બંધાવુ આખુ ગામ બે ઘડી જોયા કરે કે ના ગામમા ઇમારત છ ખરી !

મોટો ભાઈ સારા એવા પૈસા કમાયો હતો એટલે એણે તો ગગન ચૂમી ઇમારત ચણાવી જ્યારે આખી ઇમારત ચણાઈ ગઈ ત્યારે છાપરાની પરનાળ ક્યા ઉતારવી એ પ્રશ્ન ઊભો થયો ખૂબ વિચાર કર્યા પછી મોટા ભાઈએ મિસ્ત્રીને કહ્યુ

એમ કરો છાપરાની પરનાળ નાના ભાઈના ઓરડા પર ઉતારો ' ૨

મિસ્ત્રીએ તો શેઠના કહ્યા પ્રમાણે પરનાળ ઉતારી દીધી નાના ૦

ભાઈએ આ જાણ્યુ ત્યાર રાધિયો મોટા ભાઈ પાસે આવ્યો અને કહ્યુ ૪

'મોટા ભાઈ ! મિસ્ત્રીએ તો મારા ઓરડા ઉપર પરનાળ ઉતારી ૯

' તે બીજે ક્યા ઉતારે ? મોટાએ કરડાકીમા પરખાવી દીધુ

માનવ પાસે હદ કરતા વધારે લક્ષ્મી, સત્તા ને રૂપ આવી જાય ત્યારે

એ ગગનમાં આજે તો ફરે છે એની આંખો ઓમીએ આવે છે 'દુનિયામાં મારા જેવો કોઈ જ મોટું નથી' એવું અભિમાન એના પર સવાર થાય છે. માનવ ઉપર લક્ષ્મીદેવીની કૃપા વરસે છે ત્યારે તે વાણામાં વાન મારે છે. પરિણામે છાતી બહાર નીકળે છે. માનવ પાસે ધન આવે છે ત્યારે એનો રોફ જોઈને અક્કડ ને અક્કડ થઈને છાતી કાઢીને એ ફરતો હોય પણ લક્ષ્મીદેવી એને ત્યાંથી વિદાય લે છે ત્યારે છાતીમાં લાત મારીને જાય છે. રૂના વેપારમાં, શેરસટ્ટામાં કે ફિચરમાં માનવી જ્યારે પાયમાલ થઈ જાય છે ત્યારે તેની દશા જોઈને જુવાનજોધ રોતા છતાંય તે મોભમ નો ધરકો લાગશે. એટલે તો લક્ષ્મીને 'દોલત' કહી છે દો-લત દો એટલે બે. લત એટલે લાત એ આવતા ય લાત મારે અને જતાંય મારે'

મોટો ભાઈ પણ આજે લક્ષ્મી મળતાં છકી ગયો હતો. લક્ષ્મીદેવી તો ભલભલાને છકાવી દે છે

(સૌ નામ હરિનું ઘૂંટી લો . તું તો બોલ મારી રસના હરિ હરિ)
માનવને લક્ષ્મી છકાવે છે, એ કંઈ કંઈ મુખથી બકાવે છે . (૧)
સીધી ચાલતી જીવનગાડી, આડે રસ્તે ચલાવે છે .(૨)

જેને લક્ષ્મીની હૂંફ મળે છે એને એમ થઈ જાય છે, કે હવે મારે કોનું કામ છે ? પાસે પૈસા છે તો બધું છે ' હાથ હશે પોલા, તો કામ કરશે ગોલા ' ધનવાનને દુનિયાના બીજા લોકો તુચ્છ લાગે છે

' પણ મોટા ભાઈ, જરા વિચાર તો કરો !' નાનો ભાઈ કરગર્યો

' વિચાર-બિચાર કાંઈ કરવાનો નથી મે જે પરનાળ ઉતારી છે એ સમજી-વિચારીને ઉતારી છે, સમજ્યો જા, તારાથી થાય તે કરજે !'

' મોટા ભાઈ ! હું જઈ જઈને ક્યાં જવાનો હું ?'

' જ્યાં જવું હોય ત્યાં જા મારાથી તો પરનાળ નહિ ફરે, નહિ ફરે ને નહિ જ ફરે, સમજ્યો !'

નાનો ભાઈ હતાશ હૈયે ઘેર આવ્યો. કોર્ટે ચડીને પૈસા ખર્ચવાની તો એની તાકાત હતી નહિ એટલે ગામના બેચાર આગેવાનોને બોલાવ્યા અને વાત મૂકી ગામલોકોને નાનાની વાત સત્ય લાગી એટલે મોટા ભાઈને બોલાવીને કહ્યું ' શેઠ, તમે આ ઇમારત બાંધી એ તો સારૂં કર્યું પણ નાના ભાઈના ઓરડા પર પરનાળ ઉતારી એ શું સારું કર્યું છે ?'

ગામના પંચ પાસે શો જવાબ આપવો એ મોટો વિચારી રહ્યો થોડી વાર વિચાર કર્યા પછી બોલ્યો ' ના, ભાઈ નાનાના ઓરડા ઉપર પરનાળ ઉતારીને મે સારું તો નથી જ કર્યું '

'શેઠ ! તમે તો સમજુ છો. તમારું આ પગલું વાજબી નથી એ તો તમે જાતે જ કબૂલ કરો છો, તો પછી સમજીને આ પરનાળ ઉતારી લો.'

મોટા ભાઈએ માથું ખંજવાળવા માંડ્યું

પને કહ્યું : 'અરે ! આ તે કેવી વાત ? કબૂલ કરે છે કે પગલું અન્યાયી છે, પણ ખોટા પગલાને સુધારવાની વાત નહિ '

મને અને તમને શેઠની આવી બેહુદી વાત સાંભળીને સહેજ અણગમો અને ગુસ્સો પણ આવશે. પણ મારી અને તમારી દશા આ શેઠ કરતા જરાય જુદી નથી. આપણે સમજીએ છીએ બધું, પણ વર્તનમાં મૂકવાની વાત આવે છે ત્યારે પાછા પડી જઈએ છીએ

સમજાય છે સઘળું છતાં, ઉકેલ ના'વે હાથમાં,
કર્તવ્યમાં મીંડું અને આવી વસે સૌ વાતમાં;
મારી વાતે વાતે પ્રભુ ! લક્ષ ધરો....મારું....(૧)

વ્યાસજીએ અરણીદેવીને શિખામણ આપી : ' દેવી ! આજે નહિ તો કાલે, આ મમતાની ગ્રંથિ તૂટવાની જ છે પછી શા માટે આજે જ મમતાની ગ્રંથિને તોડવી નહિ !'

શિખામણ દેવા તો સૌ શૂરા થાય છે, પણ જ્યારે પાળવાની વાત આવે છે ત્યારે સૌનાં પાણી મપાઈ જાય છે અરણીદેવી તો સ્વામીની શિખામણ માન્ય રાખીને ગૃહકાર્યમાં પરોવાઈ ગયાં. પણ વ્યાસજીના મનમાં નાની પુત્રની મમતા હટતી નહોતી. માલમિલકતની મમતા છૂટી શકે છે, પણ માતાપિતાના મનમાંથી સંતાન પ્રત્યેની મમતા કદી છૂટતી નથી. માતાપિતા અને સંતાન વચ્ચે લોહીની એવી સગાઈ છે કે, હજારો ગાઉ દૂર હોવા છતાં, એમનું અંતર ખેંચાયા વિના રહેતું નથી.

(હરિને ભજતાં હજુ....તારાં દર્શન વિના તો નાથ ! આંખે છે અંધારું રે)

માતા-પિતા અને સંતાન, પરસ્પર વહાલાં રે,
ભલે હોય નિર્ધન-ધનવાન, હૈયાં છે હુંફાળાં રે....માતા....(૧)
એક જ લોહીની એ છે સગાઈ, જુદી નવ પડશે રે,
જગ-દૃષ્ટિએ દીસે જુદાઈ, અંતર જરૂર રડશે રે....માતા....(૨)
એ છે અંતરનાં ખેંચાણ, જીભલડી ના બોલે રે,
થતું આંખથી આંખ સંધાણ, અંતર અંતર ખોલે રે..માતા....(૩)
મીઠી માતાપિતાની ગોદ, સંતાન લપાતું રે,
'પુનિત' સ્વર્ગીય પ્રેમનો બોધ, જગત સમજી જાતું રે...માતા(૪)

વ્યાસજી ધ્યાનમાં બેસવા માટે મનને સ્થિર કરવા પ્રયત્ન કરે છે,

પણ મનમાંથી શુકદેવ હટતા નથી. એમને તો એમ જ થયા કરતું હતું કે સંસારના અનુભવ વિના શુકદેવનું શું થશે?

એકલા વ્યાસજીને જ નહિ પણ આપણ સૌને બધાયને આવા વિચાર તો સ ાય સના ા કરે છે ... ન ા ાન તો ગા વર ા નાનું શું થાત?

કોઈ ભાઈ ... રનો મોભ ગણાતા એવા કોઈ ભાઈનું ઓચિંતું હાર્ટફેઈલ થઈ જાય તો ... ઘરની બધી વ્યક્તિઓને એમ લાચારી કરવી પડે છે? ભગવાને આ સંસારનું સર્જન કર્યું ત્યારથી એક માર્ગ બંધ થતા બીજા માર્ગની ગોઠવણ રાખી જ છે. ગામના ચોરાનું નખ્ખોદ ગયું હોય એવું જાણ્યું નથી.

શરૂશરૂમાં મેં ચૈતન્ય ચરિત્ર લખ્યું. ભગવાન ચૈતન્યની ત્યાગની ભૂમિકા જોતાં મને પણ સંન્યાસી થઈને કોઈ એકાન્ત જગ્યાએ બેસી જવાનું મન થયું. આખો દિવસ બસ ... સંન્યાસના જ વિચારો આવ્યા કરે, સતાવ્યા કરે. એક દિવસ મેં મારા મનની વાત મારા માજીને કરી.

સંન્યાસની વાત સાંભળતા જ એમના ઉપર જાણે વીજળી ત્રાટકી.

રડમસ અવાજે કહ્યું ... બેટા માધવ! તું સંન્યાસ ધારણ કરી ચાલ્યો જાય તો પછી અમારું શું?'

માજીની વાત સાંભળીને હું પણ ઘડીભર વિચાર કરતો થઈ ગયો. એ વખતે તો કોઈ જવાબ ન આપી શક્યો. પણ પથારીમાં પડ્યો ત્યારે ઉરની ઊર્મિઓ ઉછાળા મારી. કવિઓના મનમાં જે ઊર્મિઓ ઉછળી રહી હોય છે તે વાણીરૂપે પ્રગટ થાય એનું નામ કવિતા.

(જમવા પધારો મારા સખા સુંદરશ્યામ ... દિવાળીનો દહાડો ... જે જન ...)

ઊર્મિનો ઉછાળો એ તો 'કવિતા' કહેવાય,
આપમેળે મુખે નીકળે ભાવના પ્રગટાય એ તો કવિતા કહેવાય

પાણીનો ઝરો જેમ પાતાળમાંથી આવે છે તેમ કવિતાનો મૂળ વિચાર હૈયાના ઊંડાણમાંથી આવે છે.

હૈયામાંથી હોઠે આવે, 'વાણી' બની જાય,
શબ્દોના મણકાની પછી માળા બની જાય, એ તો કવિતા કહેવાય

કવિઓના મનમાં વિચાર અસ્તવ્યસ્ત પડ્યા હોય છે. અનેક વિચારસૂત્રો એક જ સૂત્રે પરોવાઈ જાય એનું નામ કવિતા.

દિલડાની દિલરૂબા હરિ બજાવે જાય
હરિનો જ્યાં હાથ ફરે, સુરાવટ પુરાય એ તો કવિતા કહેવાય

 વિચાર તો બધાને આવે છે—આપણને ય આવે છે. લેખકને ય

આવે છે અને કવિને પણ આવે છે પણ આપણા વિચારો વ્યક્ત થઈ શકે, ગાઈ ન શકાય કવિનામા વ્યક્ત થવેલા વિચારો જ ગાઈ શકાય છે કવિના હૈયામા હરિ હરદમ બિરાજે છે અને દિનની દિનરુમા ભજાવે છે જે વિચારો ઉપર હરિનો હાથ ફરે એમા કાઈ કહેવા જેવુ હોય !

ભક્તો નિજ કવિતાથી નિરાળા રહી જાય,
ભજૈયો ભજાવે એવું મુખે બોલી જાય, એ તો કવિતા કહેવાય

કવિમા ય એ ભેદ છે એક ભક્તકવિ અને બીજા કવિ દુન્યવી કવિ શૃગારિક કાવ્યો રચે છે, જ્યારે ભક્તકવિ માત્ર ભગવાનના જ પદો રચે છે જે કવિ છે એનુ એમ માનવુ છે કે, હુ જે કાઈ રચુ છુ એ મારી રચના છે જ્યારે ભક્તકવિ એમ કહે છે કે, ભાઈ, હું જે કાઈ લખુ છુ, એ મારા પ્રભુની વાણી છે એ અદર બેઠો બેઠો બોલે છે અને હું એને વાણીરૂપે પ્રગટ કરુ છુ

ભક્તકવિ સૂરદાસજીની આ વાત છે. સૂરદાસજી જન્માધ હતા પૂર્વના સરકારે એ બાળપણથી જ કવિતા બનાવતા અને ગાતા

ગાનામા સુગધ ભળે એમ એમનો કઠ પણ મધુર હતો

પછી એમણે વલ્લભાચાર્યનુ શરણ સ્વીકાર્યું તે પછી સુરદાસજીને ઠાકોરજીની કીર્તનસેવા મળી

સૂરદાસજી તો ગોવર્ધન ગિરના શ્રીનાથજીની છત્રછાયામા રહીને સમા સમાના દર્શનના પદ ગાય ખૂબી તો એ હતી કે પ્રભુને જે જાતના શૃગાર સજાવ્યા હોય એ શૃગારનાજ પદ જ એ ગાતા આથી દર્શન કરનારા ભક્તો ભાવવિભોર બની જતા

એક દિવસ એક વૈષ્ણવે પૂછ્યુ 'સૂરદાસજી ! ભગવાનના શૃગારનુ જે પદ તમે ગાવ છો એ ખરેખર શૃગાર પ્રમાણેજ હોય છે શૃગાર પહેલા કરાવ્યા શૃગાર પ્રભુને ધરાવ્યા છે એની માહિતી તમને અગાઉ મળી જાય છે કે શુ ?

સૂરદાસજીએ કહ્યુ 'ભાઈ ! એવુ નથી મારા દિલની દિનરુમા તો હરિ રમાડાવે છે એ જેવુ બોલાવે છે એવુ બોલુ છુ હુ તો એક નિમિત્ત માત્ર છુ કર્તાહર્તા તો કનૈયો છે '

સૂરદાસજીની વાત સાભળીને વૈષ્ણવ પણ વિચારમા પડી ગયા

આ વખતે બેઠા બેઠા ગોવિંદદાસજી વ્યાસકૃષ્ણજી અને ગોકુળનાથજીએ સૂરદાસની વાત સાભળી અને એમને મનમા ગાઠ વાળી કે, આજે સૂરદાસજીની પરીક્ષા કરીએ.

ત્રણે ભાઈઓએ પોતાની મનવાત શ્રી ગિરિધરજીને કરતાં કહ્યુ
અમારે સૂરદાસજીની પરીક્ષા લેવી છે માટે આજે એવા શૃગાર કરીએ કે સૂરદાસજી કીર્તન કરવામા થાપ ખાઈ જાય '

ગિરિધરજીએ કહ્યું 'આપ પરીક્ષા કરવાની વાત છોડી દો સૂરદાસજી જે કહે છે તે સત્ય છે સૂરદાસના હૃદયમા ભગવાન બેઠા છે અંતર્ચક્ષુથી દર્શન કરીને જ એ પદ ગાય છે માટે તમે ગમે તેવા શૃગાર કરશો તોપણ એમા ફેર નહિ પડે'

ત્રણેય બાળકોએ કહ્યું 'પણ અમારે તો ખાત્રી કરવી જ છે'
'ભલે ત્યારે, આવતી કાલે સવારે શ્રીનવનીતપ્રિયજીને એવો અદ્ભૂત શૃગાર કરીશુ કે તમે કોઈ દિવસ જોયો જ ન હોય'

બીજા દિવસનું પ્રભાત પ્રગટ્યું આષાઢના દિવસો હતા વાતાવરણમા ખૂબ ઉકળાટ હતો શ્રીગિરિધરજી સાથે ત્રણ બાળકો સેવામા આવ્યા શ્રીગિરિધરજીએ નવનીતપ્રિયજીને જગાડ્યા ભોગ ધર્યો અને શૃગાર ધરાવવા લાગ્યા ખૂબ ઉકળાટને લીધે શ્રીગિરિધરજીએ શ્રીનવનીતપ્રિયજીને કશા જ વસ્ત્રો ન ધરાવ્યા માત્ર એ મોતીની લગ મસ્તક ઉપર મોતીના બાજુબધ, પહોચી, કટિકિકણી નૂપુર હાર બધુ મોતીનું તિલક, નકવેસર કર્ણફૂલ બીજુ કશુ નહિ

પછી દર્શન ખૂલ્યા સૂરદાસજીએ ભગવાનને વદન કર્યા અને સિતાર હાથમા લીધી કંઠમાથી શબ્દો સરવા લાગ્યા

(રાગ બિલાવલ)

દેખેરી હરિ નગનગા,
જલસુતભૂષન અગ વિરાજત, બસનહીન છબિ ઉઠત તરગા
અગઅગ પ્રતિ અમિત માધુરી, નિરખિ લજ્જિત રતિ કોટિ અનગા
કિલકત દધિસુતમુખ લૈ મન ભરિ, સૂર હસત વ્રજ જુવતિન સગા

ત્રણે બાળકો તો આ [illegible] સાગરમા ડૂબી ગયા
'સૂરદાસજી ! આ તમે કેવી રીતે ગાવ છો '
'મારો નાથ ગવડાવે એમ ગાઉ છુ હુ દેખી તો શકતો નથી
સૌને એમ થઈ ગયુ કે ભક્ત જે ગાય છે એ તો શ્યામની જ વાણી હોય છે

ભક્તો નિજ કવિતાથી નિરાળા રહી જાય,
બજૈયો બજાવે એવું, મુખે બોલી જાય, એ તો કવિતા કહેવાય
'પુનિત' પ્રભુની એ તો 'પ્રસાદી' કહેવાય,

રાગણીના થાળ મહી, પ્રમાની વહેચાય, એ તો કવિતા કહેવાય
સૂતા મના મને એમ થયુ કે માજી શા માટે મો સન્યાસમા હૈથી
રોકે છે ? મા તો એ કહેવાય કે જે બાળકને કર્ત વ્યની કેડી ઉપર દોરે
(જનમોજનમ ચરણોની ભક્તિ માગીએ ઙગને ડગને ભ્હાના !)
જરા વિચારી લે મમતાળુ માવડી !
ફરજ તારી ચૂકી જાતી આજ જો જરા (૧)
ધ ય છે માતા સુમતિને કે જેણે પાચ વર્ષના ધ્રુવને જગલમા જઈ
તપ કરવાની અનુમતિ આપી
પાચ વરસના પ્યારા પુત્ર ધ્રુવને,
સુમતિ માએ છોડયા કરવા કાજ જો જરા (૨)
વિદાય આપી કૌશલ્યાએ રામને,
વન સિધાવ્યા છોડી અવધ-તાજ જો જરા (૩)
વીર લક્ષ્મણની માતાએ અવધિ કરી,
પુત્ર વળાવ્યો વડીલ બધુ સાથ જો જરા . (૪)
મદાલસાએ માનુ બિરદ સાચ યુ,
'પુનિત' પુત્રો પામ્યા છે સન્યાસ જો જરા (૫)
સન્યાસનો ઉભરો તો એ વખતે આવી ગયો હતો પછી એ
ગાળામા ઘણા વડીલ અનુભવીઓની સલાહ લીધી સૌએ એક જ વાત
કરી મહારાજ ! ઘર છોડીને વનમા જશો ને ત્યા મન ઠેકાણે નહિ રહે
તો સન્યાસ લજવાશે આ સસારની ચાર દીવાલો વચ્ચે રહીને ભક્તિ
કરવામા જ જીવનની સાર્થકતા છે સાસારિક કર્મો કરતા છતાય સસારમા
આસક્તિ ન રહે એનુ નામ સાચો સન્યાસ
(તારો નેડો લાગ્યો મજને નીચે પડી નમસ્કાર કરુ છુ)
કરમો જગમા કરતા રહીને આસક્તિને છોડો રે,
પોતાનો સૌ સ્વાર્થ ત્યજીને, પરઉપકારે દોડો રે કરમો (૧)
'હુ કરુ છુ' કાઢી નાખો, 'પ્રભુ કરે છે' માનો રે,
જગતપિતાનુ ધાર્યું થાતુ, હુ તો બાળક નાનો રે કરમો (૨)
પૂતળા સહુ નાચે ને રહે, નચાવનારો ન્યારો રે,
જીવનદોરી એને હાથે સૌનો રાખનહારો રે કરમો (૩)
સારુ યા ખોટુ જે કઈ થતુ, સર્વેશ્વરની મરજી રે,
કર્તા કરો દોષ મિટાવવા, 'પુનિત'ની એ અરજી રે કરમો (૪)
મમતાની અદશ્ય ગ્રથિએ બધાવના ન્યાસજીને આજે શુકદેવજીનો

વિચાર કરતો હતો   શુકદેવ નાનો જ સંસારના કામકાજથી
ગભરાઈ જાય છે ને   તો કક્કો ને બારાખડી આવડતા નથી
તેની હુંશિયારી સમજાતાથી આનંદ કેમ ?
વ્યાસ— જેમ જેમ વિચાર કરતા ગયા તેમ તેમ વધુ ને વધુ સુક્ષ્મ
થતા ગયા વિચારતંતુ એ કરોળિયાના જાળાના તાર જેવા હોય છે
કરોળિયાના મુખમાંથી અગ્નિરૂપી એ નીકળ્યા જ કરે છે એમ આપણા
મનના રમામાંથી પણ વિચારતંતુ નીકળ્યા જ કરે છે કરોળિયો સમજુ—
વિચારી તાનાના તંતુઓનો ઉપયોગ કરે તો તે એમાંથી જાળું બનાવી
શકે છે ને તેમાં પોતાનો નિર્વાહ ચલાવી શકે છે પણ વગર વિચાર્યે
આ તંતુ નીકળ્યા જ જાય તો એ જાળામાં જ એ કરોળિયો ફસાઈ જાય
છે ને અંતે મોતને ભેટે છે એ જ પ્રમાણે જો વિચારતંતુ ઉપરનો
આપણો કાબૂ ગયો તો સમજી લેજો કે આપણો વિનાશ નક્કી છે વિચાર
પણ ક્રમબદ્ધ આવે તો જ માનવ વિકાસ સાધી શકે નહિતર વિનાશ
વિચાર જ્યાં સુધી સંયમમાં હોય ત્યાં સુધી વિચારશીલતા કહેવાય
ને પણ જ્યાં મર્યાદાની હદ છોડી ગમે તેવા વિચારમાં રાચવા લાગે છે
ત્યારે તેને તરંગ કે શેખચલ્લીના વિચાર કહેવાય છે
એક હતા બારોટ એમનું નામ શેખચલ્લી ખૂબ ધૂની હતા એમનું
મગજ એટલે વિચારોનું કારખાનું સમજો કે ખોટા વિચાર કરવામાં જ
એ રાચતા. મહેનત કરે એક નો તે ધૂની હતા એમાં આળસુ બેકાર હતા
આળસુ મગજ એ સેતાનનું કારખાનું છે
આજીવિકા માટે શું કરવું એમાં જ એમનું મગજ સતત ચાલતું
રહે એક દિવસ ગામમાંથી તેલ ભરીને બરણી લઈને આવતા હતા માથા
ઉપર દોરી હતી ને એમના વિચારનું કારખાનું ચાલતું એમને એમ
થયું કે આ બરણી ભરેલ બજારમાં જાઉં તો જરાય ભારી નથી આ બરણીની
દોરી લઈને બજારમાં જઈને આવું તો મને પાણી દેતાય ચાર-છ આના
મળી જ જાય એ છ આનામાંથી ફાનસની ચીમની લઈને વેચું તો બીજા
એક એક આના નફો થાય એ પાંચ રૂપિયા ભેગા થાય એટલે એમાંથી એક
મરઘી ખરીદું મરઘી તો આડકરા ઈંડા મૂકે એને ચાર-છ મહિનામાં
તો મારે ઘેર બાર મરઘીઓ થઈ જાય બીજા છ મહિનામાં એકેક
મરઘીનો બચ્ચો તો માગે તે કરજ કરું બેચાર વરસમાં તો મેડી ઉપર
બારીએ બેસી હુક્કો પીતો હોઉં ત્યારે મારો પુત્ર ખાવા માટે બોલાવવા આવશે ત્યારે
હું કહીશ ના ભાઈ અત્યારે તો ખૂબ કામ છે પછી આવીશ !

વિચારમા મગ્ન બનેના શેખચ લીએ ધૂનમા ને ધૂનમા નકારમા માથુ ધુણાવ્યુ એટલે માથા પરની છાસની દોણી નીચે પડી ફૂટી ગઈ

વિચારતતુન ત્યા જ અગાસીને વ્યાસજી ઊભા થયા અને ચાખડી પહેરીને આવ્યા દેવગુરુ બૃહસ્પતિ પાસે વદન કરીને કહ્યુ 'દેવ! મારો શુક સસારના અનુભવ વિના ઘર ત્યાગીને ચેગી ગયો છે આપ મારી સાથે ચાલો એને કઈક સમજાવો'

વ્યાસજીના કહેવાથી બૃહસ્પતિ શુકદેવજી પાસે આવ્યા શુકદેવે વદન કરી, આસન આપી બેસાડી પૂછ્યુ 'કહો દેવ! શા માટે પધાર્યા છો?'

'શુકદેવ! તારા હિતની વાત કહેવા આવ્યો છુ'

'કહો, દેવ મારા હિતની વાત હશે તો જરૂર એને સ્વીકારીશ' શુકદેવજીએ વદન કરતા કહ્યુ

સસારના માયાવી જીવો પોતાના હિતને માટે દોડાદોડી કરે છે જ્યારે સાચા સદ્ગુરુ અને સતો પર-ઉપકાર માટે સામે પગને જાય છે સદ્ગુરુ એ તો જગમ તીર્થ છે એમની વાણીરૂપી પાણીમા જે સ્નાન કરે છે એ ભવસાગર તરી જાય છે આપણને તીર્થ કરવાની ઇચ્છા થાય તો આપણે સામે પગને કષ્ટ વેઠીને તીર્થમા જવુ પડે જ્યારે સદ્ગુરુ તો સસારી જીવોને પાવન કરવા ઠેરઠેર ફરતા રહે છે અને પામર જીવો હિન્મતાને પથે ચડાવે છે આથી જ સદ્ગુરુને 'જગમ તીર્થ' કહ્યા છે

(રાગ઼ે આ તો જીવનના રખવાળ રે .. ગુલાબવાડી ચોરા વચ્ચ રોપી રે)

જગમ તીરથ સદ્ગુરુ આ સસારે રે,
દયા કરીને જીવને એ ઉગારે રે જગમ (૧)
બોલતા–ચાલતા ગણવા એ ભગવાન રે,
થાવુ સમર્પણ, છોડીને અભિમાન રે જંગમ . (૨)
હાથ પકડીને હરિની સાથે મિલાવે રે,
ગોર બનીને હસ્તમેળાપ કરાવે રે જગમ.. (૩)
છેડાછેડી બાધે છે અજોડ રે,
'પુનિત' પ્રભુજી કરે ન દોડાદોડ રે.. જંગમ . (૪)

'દેવ! આપ મારા જ હિતની વાત કરવા આવ્યા હો તો શા માટે ન સ્વીકારુ! ખુશીથી કહો'

'તમે અહી વનમા રહીને તપ કરો છો પણ તપ પહેલાની ભૂમિકા તૈયાર કરી છે?'

'ભૂમિકા શાની ભૂમિકા?'

તપ કરતા પહેલા ગા । મ ।નુ જરૂરી છ નાન વિ ।નું તપ એમ નથ છ ઘણી આ મર્યાદા ર શાસ્ત્રની મર્યાદા ા રહીને જે જીવન જીવ છ એ જ સફળતાને વર છ

પહેલા ા ળમા ઋષિમુનિઓ મનવાંછિત ફળ મેળવવા માટે વનમા જઈને ઉગ્ર તપસ્યા કરતા હતા તપ કરતા કરતા પાતાના હાડ-ચામ ગાળી નાખતા હતા અત્યાર જમાનો બદલા ા અત્યારે મહાપુરુષો એ છે કે જે પોતા ા મોજશોખ અને આનદ ત્યા ી નિઃસ્વાર્થ ભાવે પરહિત માટે સ ાય નાખ્યા રહે છ એ પણ એક પ્રકારનું તપ છ

ધારો કે એક ડોક્ટર છે અમુક ા દર્દી જીવો માટે એક સરસ ઔષધ એને તૈયાર કરવુ છ પ । એ ઔષધ વિષેનું જ્ઞાન મેળવ્યા સિવાય એ ગમે તેટલી મહેનત કરે તોપ । સફળતા પ્રાપ્ત કરે ખરો ? સમ્યાના પ્રાપ્ત કરી લેય તો સૌપ્રથમ એ વિષનુ જ્ઞા । હોવુ જોઈએ આ એક મર્યા । છ આ મર્યા ાના રહી ી કામ કરે એ જ સિદ્ધિને વરે છે

(તારો ભેદ લાગ્યો મને ક મો જગમા કરતા રહી ી)

આ સસારે નિયમન સૌનુ મયાદાથી થાતુ રે
સૌ સૌની મર્યાદા મધ્યે સૌનુ જીવતર જાતુ રે (૧)
એ મર્યાદા જો ઉલ્લ ઘે, વિપરીતતા સ ભવતી રે,
ઊ ડાણે ઊતરીને જોતા સમજાશે અનુભવથી રે (૨)
સૌના સ્થાનો નિશ્ચિત કીધા, સ્થાનભ્રષ્ટ જો થાશે રે,
લમણે હાથને દેવા પડશે અ તે ખત્તા ખાશે રે (૩)
'પુનિત' મયાદાને માનો, રક્ષણ કાજે કિલ્લો રે,
શાસ્ત્રજ્ઞોએ બહુ સમજીને પાડ્યો છે આ ચીલો રે (૪)

હવે પુરુષાતિમે ગુરુ ે ક ી પૂછયુ તપ કરતા પહેલા ના । મેળ વવુ જ રી છ મોન તને નાન ના ત થયુ છ ?

હા દવ મ ી નાન નો ના ત થયુ છ

જ્ઞાન પ્રાપ્ત થયુ છ ' કયથી ' ગુરુ પતિ પણ વાન સાભ ળના આશ્ચ ના સાગરમા ડૂ ી ગયા

દવ ગયા જ મમા ા ડુકાાનિમા હતો ત્યાર મહાદેવજી પાસેથી મે આ વિદ્યાનુ જ્ઞાન મ । યુ છે શુક ે ખુલાસા કર્યો

ગુરુદેવ ! આ । પ । એક મયાદા છ ગત જ મનું જ્ઞાન ગત જ

૧૦ પૂરતું મર્યાદિત રહે છ એક જ મ પછી બીજા જ મમા નવેસરથી એક

આપવાની હતી, કે તું ગુરુ કર્યા પછી જ આગળ વધ. ગુરુ કર્યા વિના જે વ્યક્તિ અભ્યાસ વધારે છે તે જ્યારે ગૂંચ પડે છે ત્યારે, માર્ગદર્શન વિના ગૂંચવાઈ જાય છે સાથે ગુરુ જેમ હોય તો શિષ્યની દરેક મૂંઝવણ દૂર કરે છે '

ગુરુ વિના અભ્યાસ કરવાની કેટલીયે યોજનાઓ બહાર પડે છે 'ઘેર બેઠા અંગ્રેજી શીખો' એવી જાહેરાત તો આપણે ઘણી ઘણી જગ્યાએ વાંચીએ છીએ. છ ગીનના ટીચરની ચોપડી ઘેર લાવીને અભ્યાસ શરૂ કરીએ છીએ પણ જ્યારે એમાં ગૂંચ પડે ત્યારે એનો ઉકેલ કોણ કરે ? આપણા મનમાં કંઈ ધારીએ કેવા પ્રશ્ન ઉપસ્થિત થશે એ કેમ કહેવાય ? એવું બધું બહોળું જ્ઞાન કોઈ ચોપડીમાં આવરી લેવામાં પણ ન આવ્યું હોય. કોઈ અનુભવી શિક્ષક જ વિદ્યાર્થીઓની મૂંઝવણનો ઉકેલ આપી શકે છે, નહિ કે ચોપડી. જો ચોપડી દ્વારા જ જ્ઞાન મળતું હોત તો શાળાઓ અને કોલેજોને બદલે આટલી મોટી મોટી શાળાઓ-મહાશાળાઓ કોઈ ચલાવત નહિ. ચોપડી વાંચીને મેળવેલું જ્ઞાન પોપટિયા જ્ઞાન જેવું જ રહે છે. જ્ઞાન કાચું હોય ત્યાં જ એ એકદમ મૂંઝાઈ જાય છે. જ્યારે જ્ઞાની શિક્ષકના હાથ તળે તૈયાર થયેલો વિદ્યાર્થી ગમે તેવા પ્રશ્નનો જવાબ આપવા હરદમ તૈયાર રહે છે. ગુરુ પાસેથી એણે એવું બહોળું જ્ઞાન મેળવ્યું હોય છે કે ગમે તેવા અઘરા પ્રશ્નો એને સહેલા જેવા લાગે છે.

બૃહસ્પતિએ કહ્યું : 'શુકદેવ ! આધ્યાત્મિક ગુરુ, શિષ્યના મનમાં ઊભી થતી બધી ભ્રમણાઓ ભાંગે છે.'

(કીધું શું દુનિયામાં આવી રે ...ચેતે તો ચેતાવું તને રે)

ટાળે મનની બધી ભ્રાન્તિ રે, ગુરુની કૃપા,
આપે જીવને સાચી શાન્તિ રે, ગુરુની કૃપા . ટાળે (૧)
રજ-તમ બે ગળી જાશે, સત્ત્વગુણનો ઉદય થાશે,
પહોંચાડી દે પ્રભુ પાસે રે, ગુરુની કૃપા . ટાળે (૨)
અહંકારની જાળ તોડે, મમતાની ગાંઠ છોડે,
ચિત્ત હરિ-ચરણે જોડે રે, ગુરુની કૃપા . ટાળે .. (૩)
પથમાં જો પડે આગે, કૃપા તણી મહોર લાગે
કિંમત વધારી નાખે રે, ગુરુની કૃપા . ટાળે . (૪)
સદ્‌ગુરુ મંત્ર આપે, 'પુનિત' પોતાનો સ્થાપે,
ભવના બંધન કાપે રે, ગુરુની કૃપા ...ટાળે ...(૫)

'દેવ, હું તો અબુધ ને અજ્ઞાન બાળક છું. હજી મને દુનિયાની

કાંઈ મતાગ્રહ નથી. શુરૂ કરવાની આમનમાં આપ કાંઈ માર્ગદર્શન આપશો તો આપનો આભારી થઈશ' શુકદેવે નમ્રતાથી કહ્યું.

નમ્રતા એ એવો ઉમદા સદ્‌ગુણ છે કે, ગમે તેની પાસેથી ધાર્યું કામ કઢાવી શકાય છે 'નમ્યા તે ગમ્યા' એમ કહ્યું છે એ ખોટું નથી

(મુસાફરી માંય. રઘુપતિ રામ. રાગ)

નમ્રતાનો ગુણ, સોનામાં સુગંધી રે,
લાભ મેળવી લે એ તો વંદી... નમ્રતાનો...(૧)
નમ્યા, એ તો ગમ્યા હરિને રે,
જીવે એ તો હરિથી ડરીને રે:
ફાવી ગયા છે કામ કરીને.. નમ્રતાનો....(૨)
'માર-માર' કરતું સામે આવે રે,
નમ્રતા એને નમ્ર બનાવે રે;
દુઃખો આવતાંને અટકાવે.. નમ્રતાનો.. (૩)
ધાર્યું કામ એ લેશે કરાવી રે,
દે છે સુંદર છાપ જમાવી રે;
સુખ-શાંતિની સાચી છે ચાવી...નમ્રતાનો.. (૪)
'પુનિત' વશ કરવાનો અખતરો રે,
ખસે વચ્ચે પડેલો જે પથરો રે;
નાશ કરે જીવનમાં ખતરો નમ્રતાનો.. (૫)

બૃહસ્પતિ તો શુકદેવજીની વાત સાંભળીને ખડખડાટ હસી પડ્યા. બોલ્યા. 'મારા વાલા, ખરો છે આ તો ! તમે ગુરુ થાવ યા તો તમે જ ગુરુ બનાવો શુકદેવ ! તારા માટે યોગ્ય ગુરુદેવ મારા ધ્યાનમાં છે. તું એમની પાસે જા એ સાચું જ્ઞાન આપશે'

'કહો, કોણ છે ?' શુકદેવે આતુરતાથી પૂછ્યું.

'શુકદેવ ! જનકપુરના રાજા જનકને શરણે જાઓ. એમને ગુરુપદે સ્થાપી જ્ઞાન મેળવો'

'રાજા જનક....એ મારા ગુરુ થશે !'

'હા, કેમ .. કોઈ સંશય છે ?' બૃહસ્પતિએ પૂછ્યું.

'મને સંશય એ થાય છે કે, રાજાઓમાં રાજસ અને તામસ ગુણ પ્રધાનપદે હોય છે. ભવબંધનમાંથી છૂટવાનું જ્ઞાન એ કેવી રીતે આપશે ?'

'શુકદેવ ! તારો પ્રશ્ન યથાર્થ છે. જનક રાજા છે, સંસારી છે, છતાંય સંસારમાં જલકમલવત્ રહે છે યોગીએ કહ્યાક પાણીમાં રહેતા છતાંય

કમળને જેમ પાણીનો સ્પર્શ થતો નથી તેમ જનક રાજાને આ સંસારની કોઈ પણ વસ્તુ સ્પર્શી શકતી નથી

(મુખડાની માયા લાગી રે ...)

ભૂમિકા જો સાથે ભજન રે સંસારી ભક્તો
આખી દુનિયા એ તો ગજવે રે સંસારી ભક્તો (૧)
સંસારી સંસારે ફરતા, સંસારી થઈ સામો કરતા
હરિ-ચરણે જઈ ઠરતા રે સંસારી ભક્તો (૨)
રાગી સાથે રાગી લાગે વૈરાગી-શું પ્રીત જાગે,
વગાડો એમ જ વાગે રે, સંસારી ભક્તો (૩)
ઉપર રાગી, હૈયે ત્યાગી ભ્રમણાઓ બધી ભાગી,
દેખાતા રાગી ને ત્યાગી રે, સંસારી ભક્તો (૪)
ચડ-ઉતરે એ નિસરણી અટપટી રહેણીકરણી,
'પુનિત' શું શકે વરણી? સંસારી ભક્તો (૫)

દેવ! તમે જે આ બધી વાત કરો છો એ મારા મગજમાં આવતી નથી. રાગી સાથે રાગી અને ત્યાગી સાથે ત્યાગી એ વળી કેવી વાત!

શુકદેવ! કેટલીક વાતો એવી હોય છે કે જે ઘણું ઘણું સમજાવવામાં આવે છતાંય બુદ્ધિમાં ન ઊતરે. એને માટે તો અનુભવ કરીએ તો જ સમજણમાં ઊતરે. ધારો કે કોઈ માણસે જીવનમાં કદી પણ લાડુનો સ્વાદ ચાખ્યો નથી. તેની પાસે લાડુના સ્વાદ વિષે, એની બનાવટ વિષે ગમે તેટલી ચર્ચા કરીએ છતાંય એ વ્યક્તિના મનમાં લાડુના સ્વાદનો ખરો ખ્યાલ આવી શકે ખરો? જો એ વ્યક્તિએ લાડુનો સાચો સ્વાદ જાણવો હોય તો ચર્ચાવિચારણાને સમેટીને ક્યાંકથી લચપચતો મજેદાર લાડુ મેળવી લેવો જોઈએ તો જ એને લાડુનો સાચો સ્વાદ સમજાય.

(શિર સોંપ્યું શિર સોંપ્યું બાપા! તારા ચરણોમાં રે)

જાણી જાણીને શું જાણ્યું? રે જીવડા! જાણ્યું નહિ રે,
જાણ્યું બધું અથાણું, રે જીવડા! જાણ્યું નહિ રે (૧)
જાણ્યું ન આવે માણ્યા પ્રમાણે
ભર્યું ભોજનનું ભાણું, રે જીવડા! જાણ્યું નહિ રે (૨)
પ્રભુને નામે પાઈએ ન વાપરી,
પડી રહેવાનું નાણું, રે જીવડા! જાણ્યું નહિ રે (૩)
ગામ ગપાટા બધુંયે તે ગાયાં
ગાયું ના ગોવિંદ-ગાણું, રે જીવડા! જાણ્યું નહિ રે (૪)

'પુનિત' કહે, તું તૈયાર રહેજે !
ઓચિંતું આવશે આયુ, રે જીવડા ! જાણ્યું નહિ રે...(૫)

'શુકદેવ ! જનક રાજાની બાબતમાં તું ગમે તેટલી ચર્ચા કરીશ તોય કાંઈ અર્થ નથી આ વર્ણન એમને અનભવથી જ સમજાઈ જશે'

'ત્યારે દેવ ! અત્યારે જ જનકપુરની વાટ પકડું શુભ કાર્ય શરૂ કરવામાં વળી મુહૂર્ત કયાં જોવા જવું !'

'હા, હા પે આ નાકડી અને તુંબી રાખ અને પર જનકપુરની વાટે આ કાર્યમાં વિલંબ થઈ ગયો તો સમજી લે કે અત્યાર માટે તારું ગાડું ઘાચમાં પડી જવાનું માનવનું મન એવું છે કે ક્યારે એનો વિચાર પલટાય એ કાંઈ કહેવાય નહિ

(રક્ષા રામની રે ..વસમી વાટમાં રે આ સંસારમાં રે ..)
મનડું ક્યારે ફરે રે (ર) એનું મહુરત નહિ જોવાતું,
મંગનો રંગ લાગે અંતરમાં, મનરે અંગે અંગે,
જીવનપ્રવાહને પલટી નાખે (ર) નહિ બનવાનું થાતું... મનડું ...

પ્રભાતે તો ભગવાન રામનો રાજ્યાભિષેક થવાનો હતો માતા કૈકેયી પણ એમાં રાજી હતાં પણ દુર્બુદ્ધિ મંથરાએ કૈકેયીની બુદ્ધિ એવી ફેરવી નાખી કે આખી વાત જ જુદા પાટા પર ચડી ગઈ

મનરૂપી આ માંકડું તે, પીવે મોહ-મદિરા,
મૂળ મિયાં ને ભાંગ જ પીધી (ર) મારવા માંડે લાતું ....મનડું ....

અનુભવીઓએ મનને મર્કટ કહ્યું છે માંકડું સખણું બેસે તો જ માનવનું મન સખણું બેસે છે એક તો મર્કટ સમાન મન છે અને એમાંય પાછી મોહ-મદિરા પીએ તો તો પછી જોઈ લો એની મઝા

પાત્ર હતું એ અમૃતભરેલું, પડિયો ઝેરનો છાંટો,
કાંટો ઊગ્યો મમતા કેરો (ર) હાથેથી બંધાતું....મનડું...

મન એ મર્કટ સમાન ખરું, પણ જો એનામાંથી ચંચળતા જતી રહે અને હનુમાનજીની જેમ સમજણ અને વિવેક આવી જાય તો દુનિયામાં એ ડંકો વગાડી દે આમ તો મન અમૃતપાત્ર સમાન છે, પણ એમાં મોહરૂપી ઝેરનો છાંટો પડવો છે મોહથી જ એ આ સંસારમાં બંધાય છે મન જો મોહમાયાને ખંખેરી નાખે તો આ સંસારમાં એને બાંધનારી કોઈ તાકાત નથી પણ એ એનું અવળચંડાપણું છે કે

એક છેડેથી બીજે છેડે, જીવને ફેંકી દેશે,
'પુનિત' અંતે ક્યાં લઈ જશે (ર) નક્કી નહિ કહેવાતું ...મનડું...

માટે શુકદેવ ! મુહૂર્ત જોયા વિના તુ જનકપુરીને પથે પડ'

બૃહસ્પતિના ચરણોમા વંદન કરી શુકદેવજીએ તો જનકપુરીની વાટ પકડી માણસ મન વિનાનો ચાલે અને ભાવથી ચાલે એમા આસમાન જમીનનો ફરક છે મન વિનાનો માનવ રગશિયા ગાડાની જેમ ચાલે છે જ્યારે જેના હૈયામા ભાવ હોય છે તે તો સીધી દોટ જ મૂકે છે

(દુનિયા વાસ તજો સદ્ધો મરજો ગીરણી કમાવો)

જેને હૈયે લાગે ચોટ, મૂકે હરિમારગમા દોટ,
પ્રેમ તણા એ સાગર મધ્યે ભરતી અને ઓટ,
એ ઉછાળો એવો આવે (૨) તોડે માયાકોટ જેને (૧)
કોઈ દિન એ તો ગણગણે છે, ફરફરે છે હોઠ,
સ્થિર બનીને કોઈ દિન બેસે (૨) જાણે દીપક જ્યોત જેને (૨)
કોઈ દિન હસતો, કોઈ દિન રડતો, કોઈ દિન કરતો ક્રોધ,
ડામાડોળ સ્થિતિ છે એની (૨) જેવી જળમા ઓટ જેને (૩)
અનુભવી ને વિજ્ઞાની પણ થાકે કરતા શોધ,
'પુનિત' પ્રેમીના જીવનમા નહિ નફો કે ખોટ જેને (૪)

શુકદેવજીએ જનકપુરીની વાટ પકડી બૃહસ્પતિએ પોતાની વાટ પકડી જતા જતા બૃહસ્પતિએ વ્યાસજીને સમાચાર આપ્યા

તમારો શુક ગુરુ કરવા માટે જનકપુરની વાટે પળ્યો છે'

આ સમાચાર સાંભળીને વ્યાસજીને આનંદ તો થયો પગ વિના ના પ્રેમે પાછો ઉછાળો માર્યો નાર એને મે વડી મળી તો નહિ

શુકદેવજીને મળવા માટે વ્યાસજી દોડ્યા શુકદેવજી તો મસ્ત અવધૂત દશામા ચાલ્યા જતા હતા

(પાનત પકડ્યો હરિરસ લાગ્યો હરિદિલ વાય છે)

મસ્તરામ મસ્તીમા હો ડોલે, મનમા આવે તો કંઈ કંઈ બોલે
રસ્તે ચાલે છલંગો મારી, લાજ–શરમને દે વિસારી
કૌપીનધારી તો સાચા સુખિયા, દેહ–શણગારી બને બહુ દુખિયા
વાસના કેરી તો વાસ ના આવે, 'પુનિત' જીવન એ ધન્ય જ કહાવે

શુકદેવજી મસ્તીમા ને મસ્તીમા આગળ ને આગળ ચાલ્યા જતા હતા અંગ પર કૌપીન પહેરવાની પણ તરદી લીધી નહોતી મુખ પર ભોળા શિશુની જેવી નિર્દોષતા હતી પૂર્ણ યૌવન હતુ છતા યૌવનનો તર વરાટ નહોતો રસ્તામા એક જળાશય આવ્યુ તેમા ઘણી નવયૌવનાઓ જળવિહાર કરી રહી હતી એવામા ત્યાથી શુકદેવજી નીકળ્યા એમના

મુખ પર સ્મિતભાવ જોઈને નવયૌવનાઓ તો સ્નાન કરતી જ રહી નારદેને નવયૌવનાઓ તરફ નજર સુદ્ધા નાખી નહિ કારણ કે, નારદેના મનમા વાસનાનો અંશ સંચાર ન'તો

થોડી વાર થઈ અને ત્યાંથી વ્યાસજી નીકળ્યા માથા પર શ્વેત વાળ ફરફરી રહ્યા છે આ ખો ઊંડી ઊતરી ગઈ ... આંખો પ્યારા શુકદેવને શોધી રહી છે જળાશય પર આવતા જ પૂછ્યુ 'અહીંથી મારો શુકદેવ ગયો છે?'

વ્યાસજીને જોતા જ સ્નાન કરતી સૌ નવયૌવનાઓ સંકોચ પામી અને દોડતી દોડતી ઝાડીની ઓથે જઈ ઊભી રહી ગઈ વ્યાસજીને થયુ

'અરે આ તે કેવુ ! જુવાન જોધ જેવો શુકદેવ અહીંથી નીકળ્યો ત્યારે કોઈને સંકોચ ન થયો અને મને ઘરડાને જોઈને '

વ્યાસજીએ પૂછ્યુ 'અરે, તમે કેમ સંકોચ પામો છો? શુકદેવ જુવાન હતો છતા સંકોચ ન થયો અને ઘરડાને જોઈ સંકોચ પામો છો!'

'વ્યાસજી ! તમે ઘરડા થયા છો પણ તમારુ દેહભાન હજુ ગયુ નથી શુકદેવ યુવાન છે છતા એને દેહભાન નથી અહીંથી એ નીકળ્યો છે છતા એને ખબર નથી કે અમે સ્નાન કરી રહ્યા છીએ એની વૃત્તિ અવિનશ્વરમા હતી જ્યારે તમારી વૃત્તિ સંસારમા છે'

(સંતોના ચરણ, અમીના ઝરણા મડદા બેઠા કરશે રે)

મતિ જો રામમય, ગતિ જો રામમય, કૃતિ પણ રામમય થાશે રે
શ્વાસે શ્વાસે છે રામ ઉચ્ચારણ, સર્વત્ર રામજી ભાસે રે
રામ વિનાનુ ઠામ ન ઠાલુ, રામનુ તેજ પ્રકાશે રે
સંસાર રામમય નિર્મળ સરોવર, જીવે ત્યા સુધી ન્હાશે રે
'પુનિત' રામમય મન ને વાણી, રામમા સમાઈ જાશે રે

સ્નાન કરતી સુંદરીઓનો સણસણતો જવાબ સાંભળીને વ્યાસજી ચૂપ થઈ ગયા શુકદેવને આમતેમ ખૂબ ખોળ્યા પણ હાથ જ ન આવ્યા

શુકદેવજી તો ચાલતા ચાલતા ઠેઠ જનકપુરીમા આવ્યા જનકપુરીની ચારે બાજુ સુંદર એવો કોટ હતો મહાદ્વાર જોઈને શુકદેવજીએ એમા પ્રવેશ કર્યો અંદરનુ દૃશ્ય જોતા જ શુકદેવજી તો હબકી ગયા રાજ્યના કેટલાક માણસો એક અંધ માણસને ખૂબ માર મારતા હતા શુકદેવજી તો મનમા ને મનમા સમસમી ગયા 'આ અંધ માણસે એવો તે શો અપરાધ કર્યો હશે કે એને આટલી બધી શિક્ષા થતી હશે! જે રાજ્યમા એક અંધ જનને આવી ક્રૂર શિક્ષા થતી હોય તે રાજાનો રાજ્યવહીવટ કેવો ગણવો? જેનો વહીવટ આવો જ અંધેર હોય તે રાજા મને બ્રહ્મજ્ઞાનનો

[illegible] આપવાના હતા ?

[illegible]

[illegible] એ એનું પોત [illegible]

(જાગજે જાગજે [illegible] મુખ [illegible] છુપાવો)

[illegible] છે [illegible] મનનું [illegible] ધીમે કરે છે પોત પ્રકાશ (૧)
મનને બગાડી [illegible] હોજો રે, કરશે માનવનો એ નાશ (૨)
આસ્તિક નાસ્તિક પથ ચડી જશે રે,
પૂનમ તણી બનાવે અમાસ (૩)
'પુનિત' [illegible] વેરી જીવનો રે, [illegible] મને ખવડાવે છે ઘાસ (૪)

[illegible] એમા [illegible] અતિશયોક્તિ નથી

(સાચા પ્રેમીઓના [illegible] નો આરતી ઉતારૂ રાધેશ્યામની રે)

વહેમ પેરે આ [illegible] છે રે,
[illegible] ફરી જાય છે રે વહેમ (૧)
પછી કલ્પનાના ઘોડાઓ તો દોડતા રે
કઈ કઈ વાતોના તાર પછી જોડતા રે વહેમ (૨)
[illegible] વિનાના ઝાડ [illegible] ઊગતા રે,
[illegible] હાંકીને હાથ પછી કૂટતા રે વહેમ (૩)
'પુનિત' [illegible] પાણીમાં [illegible] રે,
આપે [illegible] મન થકી હારતા રે વહેમ (૪)

[illegible]

[illegible]

[illegible]

[illegible]

૧૮ [illegible]

ઇ દીધા. મનમા ખૂબ અકળામણ થઈ. 'ખરેખર ! મારો તો ફોગટ ફેરો પડ્યો. જે રાજ્યમા આવો નિયમ ગુજરાતો હોય તેના રાજકર્તાને બ્રહ્મજ્ઞાની કેવી રીતે કહેવાય ! કદાચ જ્ઞાની હોય તો પણ એ જ્ઞાન શુ કામનું ? આચરણ વિનાના જ્ઞાનનો અર્થ શો ? આચરણમા જ્ઞાન ઊતર્યું હોય તો જ એની કિંમત છે. આચરણ વિનાનો ઉપદેશ સામી વ્યક્તિના હૈયામા ટકે કેવી રીતે ?'

મનમા અકળાતા ને મુંઝાતા શુકદેવજી રાજમહેલ પાસે આવ્યા. આંગણે કોઈ અવધૂત આવ્યો છે એ જાણીને જનક રાજા દોડતા બહાર આવ્યા. અંતરના ઉમળકાથી એમનું સ્વાગત કર્યું.

જનક રાજાનો અતિથિ પ્રેમ જોઈ આવો ઉચ્ચ વ્યવહાર જોઈને શુકદેવજી તો વિચારમા જ પડી ગયા. 'ખરેખર જેવું સાંભળ્યુ હતુ એવુ જ્ઞાન તો દેખાય છે. ત્યારે રાજ્યમા આવો નિયમ કેમ ? કદાચ રાજાને અંધારામા રાખીને રાજકર્મચારીઓ પણ નિયમ ઘડતા હોય. આ વાતનો ખુલાસો પછી પૂછીશ. પહેલા જે કામ માટે આવ્યો છુ એ જ સ્વાર્થ સાધું ને !'

થોડી વાર શાંતિથી બેઠા પછી શુકદેવજીએ વંદન કરતા કહ્યુ,

'રાજન ! જ્ઞાન લેવા આવ્યો છુ. મારા ગુરુ બની ઉપદેશ આપો.'

જનક રાજાએ કહ્યુ, 'અત્યારે તો આપ મારા અતિથિ છો. આંગણે આવેલી હરકોઈ વ્યક્તિનું પ્રેમથી સ્વાગત કરવું એ ગૃહસ્થનો પ્રાથમિક ધર્મ છે.'

(નીચે પડી નમસ્કાર કરું હું — ન્યારો નેડો લાગ્યા મને.)

દ્વારે આવી ઊભો અતિથિ દેવ સમો એ મારે રે,
ગૃહસ્થીનો તો ધર્મ જ એ છે, ધાર્યું એની બ્હારે રે (૧)
માગનારો જો પાછો વળતો, ખાલી લઈને હાથે રે,
પ્રાયશ્ચિત્ત એનુ બહુબહુ મોટુ, લાગે ગૃહસ્થી માથે રે (૨)
ફૂલ નહિ તો પાંખડી ફૂલની કંઈ ને કંઈ પણ દેવું રે,
આપ્યાના અભિમાન થકી તો સદાય દૂર જ રહેવું રે (૩)
ગૃહસ્થાશ્રમની શોભા એમા કીર્તિ ચોદિશ વ્યાપે રે,
'પુનિત' આ મર્યાદા બાંધી, શાસ્ત્રો સંમતિ આપે રે (૪)

આપ વળી દૂરથી આવો છો. પહેલા તો સ્નાન કરીને શ્રમ દૂર કરો. પછી ભોજન પતાવી આપણે નિરાંતે બેસી.

શુકદેવજીને ગરમ પાણીથી સ્નાન કરાવ્યુ. દેવ સમાન ગણી પૂજન અર્ચન કરી પુષ્પની માળા પહેરાવી. પછી પ્રેમથી જમાડ્યા. જમી પરવારીને શુકદેવજી જનક રાજા સાથે બેઠા.

ખેડૂત હળ જોડે છે એ હળને જે મર્મ જોડે છે

નીતિ–વૈરાગ્યના બળદો જોડી,

બોધના હળ હાંકનારા, ગુરુજી મારા ઉપકારી રે જગમા ૩

ખેતરમાથી કાંકરા–કાકરા અને ઝાખરા દૂર થયા પછી જ હળ નખાય ને એમ ને એમ નાખે તો હળ તૂટી જાય મનની અંદર કામ ક્રોધ મદ, લોભ મત્સર વગેરે દુર્ગુણો હોય તો સદ્બોધની અસર કરે ! એ તો એક કાને સાભળે અને બીજે કાને કાઢી નાખે જેના મનમાથી કામ, ક્રોધ આદિ દુર્ગુણો ગયા હોય તેને જ નીતિ–વૈરાગ્યનો બોધ આપી શકાય લોભીને નીતિ શીખવવા જઈએ તો એને ગળે ઊતરે ખરી ? જ્યા લોભ છે ત્યા ત્યાગ હોતો નથી એટલા માટે સદ્ગુરુ સર્વપ્રથમ મન–ખેતરમાથી દુર્ગુણોને દૂર કરે છે

કૃપાની વૃષ્ટિથી ભિજાવી નાખી,

સત્સગ બી વાવનારા, ગુરુજી મારા ઉપકારી રે જગમા ૪

'પુનિત' ફળ પ્રભુદર્શનનુ આપી,

ભવની એ ભીડ ભાગનારા, ગુરુજી મારા ઉપકારી રે જગમા ૫

'માટે શુકદેવ ! મારે તો પ્રથમ એ ખાતરી કરવી પડશે કે તારી મનભૂમિ કેવી છે મનભૂમિની ખાતરી કર્યા વિના આત્મજ્ઞાન જેવુ અમૂલ્ય બીજ હુ વાવતો નથી

દેવ ! આપ ખાતરી કરી જુઓ છો પણ એ પહેલા મારા મનમા એક શકા છે એનો ખુલાસા આપશો તો આપનો આભારી થઈશ

'શુકદેવ ! આ તારી શકા ખુશીથી વ્યક્ત કરો

દેવ ! જ્યારે હુ જનકપુરમા પ્રવેશ્યો ત્યારે મે એક અધ માણસ પર સિતમ ગુજરતો જોયો આપ જેવા બ્રહ્મજ્ઞાનીના રાજ્યમા એક અધ વ્યક્તિ પર આવો સિતમ ગુજરાય એ જરા અજુગતુ લાગ્યુ

શુકદેવ ! એમા કશુ જ અજુગતુ નથી તમે જે દૃશ્ય જોયુ તે ખરે ખર સત્ય છે શાસ્ત્રકારોએ કામને અધ કહ્યો છે જે વ્યક્તિને કામ વ્યાપે છે એની વિવેકની આખ બધ થઈ જાય છે ચર્મચક્ષુથી જોના છતાય એ આધળો છે કામી પુરુષ લાજ શરમ કે આબરૂ જુએ એ કહેવત જરાય ખોટી નથી મારા રાજ્યમા કામ સદાય કુંવારો રહે છે જે વ્યક્તિ ને ભક્તિમાર્ગમા ઉત્તરોત્તર આગળ વધવુ હોય તેણે કામને તો મારી મારીને ખોખરો કરી નાખવા જોઈએ કામ વ્યાપતા જ માનવજીવનની સઘળી મર્યાદાઓ લુપ્ત થઈ જાય છે !

(ચરિત્રો પ્રભુ તણા રે—રામ જેને રામે રે— તરણા ઓથે ડુંગર રે)

'કામ'ના સામ્રાજ્યમા રે, મર્યાદા સઘળી તૂટે છે,
વિવેકવાળુ ધૈર્ય રે, હૈયેથી બધુ ખૂટે છે
સાખી સયમ, ધર્મ, જ્ઞાન ને જપ, તપ, સદાચાર,
કામ તણા પગલા થતા, ગણતા એ પોબાર,
ખળભળતો સસાર છે રે, ભાગ્ય સૌના ફૂટે છે (૧)
સાખી સિદ્ધ, વિરક્ત, મુનિ ને, યોગીના એ હાલ,
જગત ઊલટુ થઈ જતુ, ચાલે ઊલટી ચાલ,
ચારિત્ર્ય સઘળા તણા રે, આ કામ ત્યારે લૂટે છે. .(૨)
સાખી મોટાની આવી સ્થિતિ, 'પુનિત'ની શુ વાત,
બચાવે રઘુનાથ તો, રહી જાતા બાકાત,
જીવનભર રડતા રહી રે, કપાળ સૌએ કૂટે છે (૩)

' દેવ ! ખરેખર સત્ય વાત કહી હુ બીજા દરવાજા પાસે આવ્યો ત્યાં એક સ્ત્રીને માર પડતો જોયો, એ શુ ? શુકદેવજીએ બીજી વાત પૂછી

' શુકદેવ ! એ સ્ત્રી એ જ માયા ! ભક્તિપથે ચડેલા સર્વ જીવોને પ્રભુથી વિમુખ બનાવવામા આ માયા જ અગત્યનો ભાગ ભજવે છે જ્યારે જીવો મા પ્રભુને પથે પગલા માડે છે ત્યારે આ માયા જ એના માર્ગમા અવરોધ કરે છે હુ તો પ્રભુને રોજ પ્રાર્થના કરુ છુ કે—'

(દીકરી તો શોભે સાસરિયાની માય સાચવો મારા સુહાગનો છોડ)
અમને પજવી પજવીને ખાઈ જાય (૨)ભગવાન ! માયા એ આપની,
ડગલે ને પગલે એ સામી અથડાય (૨) ભગવાન ! માયા (૧)
કરીએ શુભ કામ એમા માથુ એ મારતી,
'કોઈનુ બગાડે શુ લાભ ?'—ના વિચારતી,
કોઈની દબાવી નહિ એ દબાય (૨) ભગવાન ! માયા (૨)
પીછો પકડ્યો છે એણે ઊઘતા ને જાગતા,
એના સામ્રાજ્ય સારી સૃષ્ટિમા લાગતા,
જ્યા-જ્યા નજર પડે ત્યા દેખાય (૨) ભગવાન ! માયા (૩)
તમને ભૂલ્યા તો પ્રભુ ! એનો જ વાક છે,
દુખી કરવામા વાગ્યો આટો જ આક છે,
'પુનિત' જેવાની લેતી એ 'હાય ' (૨) ભગવાન ! માયા (૪)

શુકદેવ ! પ્રભુની આ માયા એવી નાગી છે કે દીવાનાચાને તો

 એ કાયા ને કાયા ખાઈ જાય છે જે એની સામે થાય એની સામે થઈ

જાય છે જ્તા ય જ મક્કમતાથી એનો સામનો કર્યા કરે છે એની પાસે એનું જોર ચાલતુ નથી

(રામ—ના રાખ્યા રહેતી જાને આશરો તારો)

આવ્યુ પહેલુ માયાનુ સ સારમા,

પગલે પગલુ ધરતાની વારમા

હા રે વણમાગ્યા એ દર્શન આપતી રે લોલ,

હા રે કરે કાર્યમા પહેલો બોધ જો (૧)

હા રે ઢીલાપોચાને તો એ ખાઈ જતી રે લોલ,

હા રે નવ સુણે એ કોઈની દાદ જો (૨)

હા રે કદી સામા થયા તો સામી થતી રે લોલ,

હા રે સૌને જીતે એવી ઉસ્તાદ જો (૩)

હા રે એક મારી શકે એને રામજી રે લોલ,

હા રે 'પુનિત' પ્રભુના પડવુ પાદ જો (૪)

શુકદેવ ! આ સસારમા સઘળા જીવો પ્રભુને છોડીને માયાની અ દર જ રચ્યાપચ્યા રહે છે'

(માથુ તારે મોજે મૂકયુ રે....વતે તો ચેતાવુ તને રે)

માયા તણા જીવો સઘળા રે, માયામા ખેલે,

દાવ સવળા અને અવળા રે, માયામા ખેલે માયા ૧

ખોટા પાછળ ખોટુ કરતા, ખોટા ડગલા એમા ભરતા,

ખોટાને સદા સમરતા રે, માયામા ખેલે માયા ૨

અ ધારામા દોટ મૂકે, જીવનનુ નિશાન ચૂકે,

મિથ્યાવાદની હૂ કે હૂ કે રે, માયામા ખેલે ૩

જેને ઝ ખે એવા બનતા, ખોટુ ઝ ખે, ખોટા બનતા,

ચમ્રાવે ફેરા ફરતા રે, માયામા ખેલે માયા ૪

'પુનિત' પ્રભુને પકડે, માયા એને નહિ જકડે,

'બુઠી તલવાર' હાથે પકડે રે, માયામા ખેલે માયા ૫

શુકદેવ ! આ માયાને મારવી હોય તો બુઠી તલવાર થી જ મારી શકાય બુઠી તલવાર કઈ એ જાણો છો ? એ છે માળા જે વ્યક્તિ સતત હરિનુ સ્મરણ કરે છે એને આ માયા કઈ જ કરી શકતી નથી માળા એ જ માયાનું મારણ છે જેમ કેળા ખૂબ ખાધા હોય અને અપચો થઈ ગયો હોય તો એનુ મારણ છે ઇલાયચી કેરીનો રસ ખૂબ ખૂબ ખાધો હોય તો તેનું મારણ છે સૂઠ એમ માયાનું મારણ માળા—સ્મરણ છે આપણા

મ તો આ (મ જાતરા [' કે—

(રાગ મ ન્ય ૭ (' (નિસન ન ॥ (નિ . ન ગળ)

'મન ! માની જા ! (ર) નિ ગા ગોદ . મામા મન્ત્ર યા !

માયા મોયાનુ માન્ય છે,
ભવ-માગર જગનુ તારણ છે
વળી ધર્મ તાર એ ધાન્ય છે મન ! માની જા ૧

ગ તોનુ માગુ એ ધન છે,
ભમ્તોનુ તો એ જીવન છે,
માનવતાનુ મૂલ્યાકન છે મન ! માની ના ૨

સ્મરણનુ સ્મારક 'સ્મરણી' છે,
પ્રભુધામ તણી નિસરણી છે,
હરિભક્તિરગ-નિર્ઝરણી છે મન ! માની જા ૩

માળાનો મહિમા મોટો છે
માળા વિણ 'મોટો' 'છોટો' છે
'પુનિત' જગમા નહિ જોટો છે મન ! માની જા ૪

' શુકદેવ ! એ સ્ત્રીને મારતા બરાબર જોઈ હતી ?

' ના દેવ ! એક અગગા પર નિયમ ગુજરતો જોઈ મે આખ પર હાથ દઈ દીધા હતા '

' તમે ધ્યાનથી જોયુ હોત તો સમજાત્ પ ન મા (સૈનિકો ભલે તલવાર ફેંક એને મારી રહ્યા હતા માયા માત્ર નખ સુધી મરે છ જે વ્યક્તિ પ્રભુસ્મરણમા તદાકાર બની જાય છે એની પાસે માયા ફરકી શકતી નથી '

એક રમતારામ સત હતા પ્રભુરગ જના ખૂબ રસિયા જ્યારે તે જગલમાથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પારધી શિકાર કરી રહ્યો હતો સતની પાસેથી એક હ ણ પસાર થઈ ગયુ હરણને વ સમા રાખી પેલા શિકારીએ તીર છોડ્યુ

હવે (યુ એવુ કે હરણ તો છટકી ગય પણ તેનુ તીર સતની જાઘમા ભોકાયુ સત તો એકદમ ધરતી પર પટકાઈ પડ્યા તેનો શિકારી દોડતો આવ્યો સતને તીર વા યુ ગ ત ાને એો પણ ખૂબ દુ ખ થયુ હમદર્દી બતાવવા ખાતર પારધીએ કહ્યુ આ (જરા બેસી રહો ' આપને વાગેલ તીર કાઢી આપુ

 પારધીએ તીર કાઢવા માટે પ્રયત્ન કર્યો પણ તીર એવુ ઉડ઼ ઊંડુ

કે તીરને અ કતા વેત સત આક્રન્ય કુળ થઈ ગયા અને ચીસ પાડી ઊઠયા પારધી પણ એકાગ્ર થઈ જોતો નતનું દુ:ખ ત જોતી [illegible] કા ના એ આગળ ગયા

સતે કહ્યુ 'ભાઈ! તીર છોડવુ ન ર'

'પણ બાપજી! તીર વધુ વખત શરીરમા રહેશે તો ઝેરનો ફાગ શરીરમા વ્યાપવા માડશે અને એ ઝેર મોતી ન લીધન [illegible] ક ।

ભાઈ જ્યા સુધી હુ દેહભાનમા છુ ત્યા સુધી મને દર્દ થયા કરશે પ્રભુનામસ્મરણ કરીને હુ ઈશ્વરભાવમા ચા યો જાઉ છુ પ્રભુસ્મરણ મા ત મય થયા પછી દેહ દુનિયાનું ભાન મને રહેતુ નથી ત્યારે આ બોકા નુ તીર તમે કાઢી નાખ ન મને જરાય દર્દ [illegible] થાય

સતે હાથમા માળા લીધી અને પ્રભુસ્મરણ મા ત લ્લીન થઈ ગયા દેહ દુનિયાનું ભાન ભુલાઈ ગયુ સત આજે અનેરી સૃષ્ટિમા ગયા ના ના થડી પહેલા મુખ પર જે દર્દ દેખાતુ હતુ એની જગ્યા એ અનેરી પ્રસન્નતા દેખાઈ તરત જ પારધીએ તીર ખેચી માર્યુ સતને જરા દુ:ખ ન થયુ

(આશરા તારો રામ ના [illegible]... એની જાતને)

દેહ-ભાન ભૂ યા વિનાનુ બધુ ધૂળ છે
પ્રભુ-પ્રાપ્તિનુ એ જ સાચુ મૂળ છે
હા રે નિજ હસ્તીને નિજથી ભુલાય છે રે લોલ
હા રે એક હસ્તી હરિની જણાય જો દેહ (૧)
હા રે નાશ થઈ જાતો નામ ને રૂપનો ર લોલ
હા રે આપમેળે અહકારને હણાય જો દેહ (૨)
હા રે ભેદ જતા ત્યા 'હુ' અને 'તુ' તણા રે લોલ
હા રે વાણી, વર્તન વિચાર એક થાય જો દેહ (૩)

'શુકદેવ! નામસ્મરણમા મસ્ત થયા પછી મુમુક્ષુ હુ – તુ ના ભેદ ભૂલી જાય છે હુ – તુ ના ભેદ ગયા એને સમજી લેવુ માયા ગઈ 'હુ ને મારુ, તુ ને તારુ એ જ માયાના સ્વરૂપો છે

ગોસ્વામી તુલસીદાસે રામાયણમા માયાની સરળ વ્યા યા કરી છે

મૈ અરુ મોર તોર તે માયા
(કુતા અભિમ યુને નમે નાના મોગ ભેદ બધા)
હુ-મારુ,' તુ-તારુ' માયા કેરુ રૂપ છે
બધન એના છે સસાર
એનો સઘળો છે વિસ્તાર,

વણુઝોગીના એ તો તાગ 'હું-મારુ'.. (૧)
જ્યા જ્યા પહોચે માનવ મન,
સુખી, દુખી યા પ્રસન્ન,
ત્યા ત્યા માયાનુ વતન 'હુ-મારુ'.. (૨)
એને 'અવિદ્યા' કહેવાય,
જીવ સૌ કૂવે ઊતરી જાય,
પોતે પોતાથી જ કૂમાય. 'હુ-મારુ'. (૩)
'પુનિત' પ્રભુથી રાખે દૂર,
નિર્દય ને બહુ બહુ છે ક્રૂર,
ખેચી લાવે દુખનાં પૂર 'હુ-મારુ' (૪)

માયાના મૂર્તિમત સ્વરૂપો બે છે—કાચન અને કામિની કાચન કહેતા પૈસો કામિની એટલે સ્ત્રી જગતમા આજ સુધી જે જે મોટી મોટી વિપ્લવ થયનો થઈ છે તેના મૂળમા આ બે છે અનુભવીઓએ સાચુ જ કહ્યુ છે કે, જર, જમીન અને જોરુ, એ ત્રણ કજિયાના છોરુ

(શુભ્રને જે શિરે તારે જગતનો નાથ તે સહેજ)

કામિનીના કૂડ-કપટે કઈ કપાયા કારમા,
કોટિ કુટાતા કષ્ટથી કમભાગી કારાગારમા (૧)
'કોયલ' કહે કામીજનો, કિંતુ કર્કશ 'કાગડી',
કામમય કેવળ કલેવર, કૂપી કહોને કાચની . (૨)
કામિનીની કુટિલ કીકી, કઈ કલેજા કોરતી,
કાતિલ કટારી કાળની, કાળી કહોને કોપતી (૩)
કટુતા, કઠિનતા, ક્રૂરતા, ક્રૂર કામિનીના કર્મ શું,
કંદર્પ, કચન, કામિની-કેન્દ્ર કહો કકાસનુ . (૪)

જગતમા ઝઘડાનું જો કોઈ મૂળ હોય તો કામિની અને કાચન રાજા રાવણ સીતામાતામા મોહિત થયો અને એનું ચૌદ ચોકડીનું રાજ્ય ગયુ માનવ પણ જ્યારે સ્ત્રી ઉપર મોહિત થાય છે ત્યારે તે સારાસારનું ભાન ભૂલી જાય છ અરે, એને અનેક રીતે સમજાવવામા આવે તોપણ સમજી શકતો નથી

જ્યારે રાજા રાવણે સીતામાતાનુ હરણ કર્યું અને હનુમાનજી લંકા બાળીને ગયા, ત્યારે આવતા વિનાશના એંધાણ પારખીને વિભીષણે રાવણને સમજાવના કહ્યુ વીરા, ઇતિહાસના પાના ફેરવીને જોઈ લે, પરનારીમા
૨૬ પ્રીત કરનારો કદીય ફાવ્યો કે ખરો ? પરનારીની પ્રીત એટલે વિનાશ'

(મારા ભકતોને મજ . મારા ભક્તો તો સાથ)

વીરા ! કરોને ખ્યાલ પરનારી નિર્વંશ કાઢે છે,
જે પાપી એ પથમા પરવરતા,
એ તો કુળનુ મૂળિયુ વાઢે છે (૨) વીરા ! (૧)
હતી આંખે આવે છે અંધાપો,
રાત એને તો ધોળે દહાડે છે (૨) વીરા ! (૨)
જાણી-બૂઝી પડે છે અગ્નિમા,
પછી દાઝીને બૂમો પાડે છે (૨) વીરા ! (૩)
આ 'પુનિત' શીખને નહિ સુણે,
એ તો પડયા નરકને ખાડે છે (૨) વીરા ! (૪)

ગતા નારી પર મોહિત થવાથી પૃથ્વીના પાપના પરથી રાવણના વંશનું નિકંદન નીકળી ગયુ દ્રૌપદી ઉપર મોહિત થવાથી દુર્યોધન સહિત સો કૌરવોનું નિકંદન નીકળી ગયુ

સાખી ડાહ્યા અને શાણા જનો, એમા દીવાના થઈ ગયા,
'પુનિત' પણ એથી બચે તો ઈશની હોયે દયા,
નહિ તો કાળા કલંક લગાઈ રહ્યા કામી (૪)

કામિની પછી આવે છે કાંચન

(શાંતિ કયાથી આવે ? ત્યાગ બધુ સમજને)

કરશે કાળુ-ગોરુ, જર, જમીન ને જોરૂ,
લક્ષ્મીદેવી અંધ બનાવે, સારાસાર વિચાર ભુલાવે,
હાથ ઝલાવે શકોરુ, જર, જમીન ને જોરૂ (૧)

લક્ષ્મીદેવીનો ચમકારો એવો હોરે છે કે એને જોતા જ ભલભલાની આંખો અંજાઈ જાય છે વિવેકી ગણાતા ડાહ્યા પુરુષો પણ આ લક્ષ્મી દેવીની માયામા સારાસારનો વિવેક ભૂલી જાય છે

એક નાનકડા ગામમા એક પંડિતજી રોજ હરિકથા કરે હરિકથા એ જ એમના ઉદર નિર્વાહનુ સાધન હતુ ગામની ભોળી જનતા રોજ એમની પાસે બેસીને હરિકથા સાંભળે આમ તો પંડિતજીને શાસ્ત્રોનુ સારુ એવુ જ્ઞાન હતું વેદ અને પુરાણની વાતોને એવી સરળ અને રોચક શૈલીમા કહે કે ગ્રામજનો આનંદી ઊઠે

લોકોના આનંદ સાથે એમના મનમાં પણ આનંદ રમતો કથા પૂરી થયા પછી પોથી ઉપર કે આરતીમા ભેટ આવક જુએ ત્યારે એમનુ ગોર લોહી બળી જાય પછી પહેલા પ્રફુલ્લિત જણાતા મુખ પર શોકની કાળી

એક દિવસ વધુ તો બીજે દિવસ ઓછું એમ સરેરાશ આવક એના એમને માટે પૂરતું હતું. રાતની હરિકથામાંથી જ એમનું ખર્ચ નીકળી જતું. દિવસે કોઈને ત્યાં સત્યનારાયણની કથા હોય કે પરણાવવાનું હોય, ઘરનું વાસ્તુ હોય, સગાઈ કરાવવાનું કામ હોય—બધા જ કામમાં આ પંડિતજીને જ બોલાવવામાં આવતા.

એક દિવસ પંડિતજીએ શાંતિથી વિચાર કર્યો: 'રાતે હરિકથા કહું છું એનો લાભ જેવોતેવો નથી. હરિકથામાંથી તો ઘરખર્ચ જેટલું નીકળી રહે છે. પણ દિવસે જે કામ થાય છે એ આવક તો અકબંધ પડી જ રહે છે. મોટે ભાગે મારે ઘેર ચૂલો જ ક્યાં સળગાવવો પડે છે! એક દિવસ કોઈના લગ્નમાં જમવાનું હોય છે તો બીજે દિવસે કોઈના વાસ્તુ પ્રસંગે જમવાનું થાય છે. શ્રાવણ મહિનો અને શ્રાદ્ધ પક્ષમાં તો ઘેર રાંધવાનો વિચાર જ કરવો પડતો નથી. જે દિવસે સત્યનારાયણની કથા કહેવા જવાનું થાય છે ત્યારે ખાસ્સો મોટો પડિયો ભરીને શીરો મળે છે. પૂજનમાં આવેલાં ફળ અને શીરો ખાઈ લઈએ એટલે અમારા બંનેના પેટ ભરાઈ જાય. વરસના વચ્ચે દિવસે રાંધવું પડે એ રાંધ્યું ગણાય નહિ. આમ ગણીએ તો આ બધી તો આવક જ છે ને!'

આમ ને આમ આ પંડિતજીને દિનપ્રતિદિન વધુ ને વધુ લોભ લાગતો ગયો.

